કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

સંસ્થાપક: રવિશંકર રાવળ
વર્ષ ૫૧મું · અંક ૮મો · ઑગસ્ટ ૧૯૭૪
તંત્રી
બચુભાઈ રાવત







સ્વ. કલાકાર
સુધીરરંજન ખાસ્તગીર
(જુઓ આ અંકની 'કલાવાર્તા')ની
ત્રણ ચિત્રકૃતિઓ
નવોઢા (મથાળે)
પ્રેમામૃત (વચ્ચે)
મા (બાજુમાં)

સળંગ અંક
૬૦૮



કૃષ્ણ-રાધા (ચિત્રકાર-ઈન્દ્ર દુગડ) આ અંકના સાહિત્યસંપર્ક વિભાગમાં જેનું અવલોકન છે એ કવિ નિશિકાન્તના 'લીલાયન'માંના પ્રથમ કાવ્યવિભાગ 'દિવ્યદર્શન'માંનું એક સુંદર ચિત્ર. કમલ-શોભિત ઝરણને કાંઠે નિર્જન ખુલ્લા વગડામાં એકલ વૃક્ષતળે ઘેરાએલી મેઘઘટાનાં છાંટણાંથી બચવાને બહાને કે પ્રેમસુલભ ગોપનભાવથી એક જ આવરણ તળે લપાઈને તન-મનનું ઐક્ય અનુભવતી ચિરપરિચિત પ્રેમીબેલડીનું રસમધુર નિરૂપણ.

Courtesy: Shri Nirmalendu Shekhar Bagchi–Publisher.

ઑગસ્ટ ૧૯૭૪ · અંક ૬૦૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૧-૦૦; પરદેશ: રૂ.૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ.૫ છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

જુલાઈ અંકનો 'વાચકો લખે છે' વિભાગ ખૂબ જ સમૃદ્ધ અને ઉપાદેય બન્યો છે. અભિનંદન.

એમ તો 'કુમાર'ના બધા જ વિભાગો સંસ્કારવાંછુઓ માટે પ્રબોધક, પ્રભાવક અને સંતર્પક હોય છે અને પોતપોતાના વૈશિષ્ટ્ય માટે વિશ્રુત છે. પરંતુ આ વિભાગ પણ દર મહિને વાચકો, જિજ્ઞાસુઓ ને શોધપ્રિય જનો માટે વધુ આકર્ષણ અને ઉપકારકતાનો વિષય બને છે. જ્ઞાન-વિજ્ઞાન ને કલાની નાની દિશાઓની માહિતીઓ અને તથ્યોથી એ સમૃદ્ધ હોય છે. આમ વિચારોની આપ-લે માટે આ વિભાગની ઉદ્ભાવના અને પરિકલ્પના ખરેખર અભિનંદનીય અને સ્તુત્ય છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

શિલ્પકૃતિઓની શૈલી


'કુમાર' સુવર્ણજયંતી અંકમાં 'ગુજરાતની બે દુર્લભ શિલ્પકૃતિઓ' એ શીર્ષકના મારા લેખમાં ચિત્ર નં. ૧ તરીકે જૂનાગઢ મ્યૂઝિયમમાંની માતૃકા-મૂર્તિ અંગે ભાઈશ્રી જગદીશ ગાંધીએ 'કુમાર' સળંગ અંક ૯૦૫માં (પૃ. ૧૪૭ ઉપર) ટીકા કરતાં લખ્યું છે કે 'એમાં માતૃકા-મૂર્તિ ગાંધાર શૈલીનું નહિ પણ મથુરા શૈલીનું સર્જન છે, એમ પ્રથમ દૃષ્ટિએ જ નિઃસંદેહપણે કહી શકાય.' વસ્તુતઃ મારા લેખમાં મેં એ મૂર્તિને ગાંધાર શૈલી કે મથુરા શૈલી બેમાંથી એકેય શૈલીની ગણી નથી. મેં તો લખેલું કે 'ગળામાંની એકસેરી મૌક્તિકમાળામાં વચ્ચે અર્ધચંદ્ર અથવા વર્તુલાકારનું (મતલબ અર્ધ વર્તુલાકારનું) જે સોનાની પટ્ટીનું અલંકરણ છે તે ફક્ત ગાંધારકલામાં એકબે શિલ્પોમાં, મુંબઈના 'વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમ'ના કંપાઉન્ડમાંથી મળેલા, સોપારાના મનાતા યક્ષની બાજુમાંની સ્ત્રી-આકૃતિના ગળાની કંઠીમાં તેમજ જૂનાગઢમાંથી મળેલી એક-બે માટીની આકૃતિઓના ગળામાં જ જોવા મળે છે.' અને ઉમેરેલું કે 'ગાંધારકલાનો ક્ષત્રપયુગીન પશ્ચિમ ભારતીય કલા સાથેનો ગાઢ સંબંધ સૂચવનાર આ લાક્ષણિકતા આ શિલ્પને ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકાથી અર્વાચીન નહિ એમ પુરવાર કરે છે.' એટલે ભાઈશ્રી ગાંધીની ટીકા પરથી જે એવો ભાસ ઉપજે છે કે મેં એ મૂર્તિને ગાંધાર શૈલીની ગણાવી છે તે મને અન્યાય કરનાર છે. આ મૂર્તિ નથી ગાંધાર શૈલીની કે નથી મથુરા શૈલીની. પશ્ચિમ ભારતની ક્ષત્રપ-સાતવાહન કાલીન કલાનો ઝીણવટભર્યો વિશિષ્ટ અભ્યાસ હજુ સુધી થયો નથી તેમજ પશ્ચિમ ભારતની ક્ષત્રપકાલીન કલાના પૂરતા નમૂના પ્રસિદ્ધ થયા નથી ત્યાં સુધી કશું 'નિઃસંદેહ' કહી શકાય નહિ એમ મારું માનવું છે.

(વડોદરા) —ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

બાવાપ્યારાનો શિલાલેખ

'કુમાર' મે '૭૪ 'વાચકો લખે છે'માં જૂનાગઢ બાવાપ્યારાના શિલાલેખ વિષે ડૉ. સાંકળિયાને વાંચ્યા. 'ઍન્ટિક્વિટીઝ આવ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ'માં જેઈમ્સ બર્જેસે આપેલી તેની વાચના ને ફોટોગ્રાફ તથા ડૉ. પી. પીટર્સને આપેલો અખંડ ફોટો તેમજ સ્વ. ગિરજાશંકરે કરેલી ગુજરાતી વાચના મારા ખયાલમાં છે. મૂળ સ્થળ પણ મેં નિહાળ્યું છે. એ શિલાલેખ ગુફામાંથી છૂટો મળ્યો છે એટલે તે તે ગુફામાં કોતરેલો નહોતો. વળી એ એટલો ચૂંથાઈ ગએલો છે કે ખુદ બર્જેસને પણ કઠિન જણાયો છે. સંવત પણ નથી. આમ, સ્થળ અને સમયથી સંદિગ્ધ લેખ 'કેવલી જ્ઞાન' એવો એક શબ્દ આપે તેનાથી જૈન ધર્મ સૌરાષ્ટ્રમાં હતો એવું અનુમાન બાંધવું, એ અનુમાન 'On thin ice' જણાય છે, ભવિષ્યમાં બીજા પુરાવા મળે તો આ લેખ તેના પૂરક તરીકે જરૂર સ્વીકારી શકાય; પણ હાલ તુરત સમગ્ર ગુજરાતમાં પ્રાપ્ત આ એકમાત્ર સંદિગ્ધ પુરાવો મને જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવા અસમર્થ જણાય છે. 'કેવલિ' શબ્દ જૈન ધર્મ માટે જ વપરાયો છે કે નહિ તેની શોધ થવી જોઈએ. (લેખ વિષે વધુ વિસ્તારથી હું અન્યત્ર લખું છું.)

(પોરબંદર) —નરોત્તમ પલાણ



વઘઈના નૃસિંહ-પ્રતિમા

'કુમાર' મે ૧૯૭૪માં ડાંગ જિલ્લાના વઘઈ ગામ નજીકથી મળી આવેલી સુખાસનસ્થ નૃસિંહ-પ્રતિમા છાપવામાં આવી છે. જ્યારે મને આનું ચિત્ર મોકલવામાં આવ્યું ત્યારે મેં મત આપેલો કે આ શૈલ-પ્રતિમા દેશી અથવા સ્થાનિક ગણી શકાય. પરંતુ વધારે અભ્યાસ કરતાં મને માલૂમ પડયું કે લગભગ આવી જ આસનસ્થ પ્રતિમા મધ્યપ્રદેશમાં દેવગઢમાં આવેલા એક ગુપ્ત કાળના મંદિરની 'ચૈત્યબારી'માં બેસાડવામાં આવી હતી. એટલે પાંચમા સૈકામાં આવી જ મૂર્તિ બનતી. અલબત્ત, દેવગઢ ને વઘઈની પ્રતિમાઓમાં થોડોક તફાવત લાગે છે—ખાસ કરીને નૃસિંહના મુખના નિરૂપણમાં. (જુઓ ફોટો) બીજું વઘઈની મૂર્તિમાં જમણો હાથ ઘૂંટણની નીચે લગભગ સીધો જ રાખવામાં આવ્યો છે, જ્યારે દેવગઢની મૂર્તિમાં આ હાથ લંબાવેલો ને વળી ચક્ર ધારણ કરેલો બતાવવામાં આવ્યો છે. ડાબો હાથ અરધા વાળેલા ડાબા પગ પર મૂકેલો છે, અને હાથમાં કાંડા પર ને ઉપર સાદાં લાગતાં વલયો જોવામાં આવે છે. વઘઈની મૂર્તિમાં કેવળ ખભા નીચે ત્રણ રેખા જેવું જોવામાં આવે છે. બંને પ્રતિમાઓમાં આટલો તફાવત છતાં બંનેની બેસવાની ઢબ બહુ જ સરખી છે, અને તેથી વઘઈની મૂર્તિ તદ્દન દેશી કે સ્થાનિક ન કહી શકાય. ડાંગમાંથી પ્રાપ્ત થએલી આ પ્રતિમા બધી રીતે—મૂર્તિવિજ્ઞાન અને વિષ્ણુ પ્રતિમાઓની ફેલાવાની દૃષ્ટિએ—આવકારપાત્ર છે.

(પૂના) —હ. ધી. સાંકળિયા

વેગની મર્યાદા

જુલાઈ અંકમાં મારા લેખ 'વેગની મર્યાદા'-માં સરતચૂકથી કેટલીક ભૂલો થએલી છે. એનો નીચે મુજબ સુધારો આપશો તો આભાર થશે :

૧) પાનું ૨૨૧, જમણું કૉલમ, નીચેથી ૭મી લીટી

ખોટું : 'તે લગભગ ½ ભાગ જેટલો એટલે કલાકે ૧,૫૦,૦૦૦ માઈલ જેટલો હોય છે.'

ખરું : 'તે લગભગ પ્રકાશના વેગથી ½ ભાગ જેટલો એટલે સેકન્ડના ૧,૫૦,૦૦૦ માઈલ જેટલો હોય છે.'

૨) પાનું ૨૨૨, ડાબું કૉલમ, ઉપરથી ૭મી લીટી.

ખોટું : 'પરંતુ ઇલેક્ટ્રોનના કલાકના ૧૫,૦૦૦ માઈલના વેગે.'

ખરું : પરંતુ ઇલેક્ટ્રોનના સેકન્ડના ૧,૫૦,-૦૦૦ માઈલના વેગે.'

૩) પાનું ૨૨૨, ડાબું કૉલમ, ઉપરથી ૧૮મી લીટી.

ખોટું : 'કલાકના ૧,૫૦,૦૦૦ માઈલ.'

ખરું : 'સેકન્ડના ૧,૫૦,૦૦૦ માઈલ'

૪) પાનું ૨૨૨, ડાબું કૉલમ, નીચેથી ૮મી લીટી.

ખોટું : ૫,૮૦૦ અબજ વર્ષ જેટલું થાય છે.

ખરું : ૫,૮૦૦ અબજ માઈલ જેટલું થાય છે.

આ લેખ મારે ફરી વાંચી જોવો જોઈતો હતો. તે ન કર્યું તેથી આવી અક્ષમ્ય ભૂલો થઈ. તે માટે આપની તથા વાચકોની દરગુજર ચાહું છું.

(અમદાવાદ) —યૂ. ગુ. નાયક

ગુજરાતમાં બ્રહ્માની મૂર્તિઓ

શ્રી નરોત્તમ પલાણના 'કમલાસન બ્રહ્મા' 'કુમાર', જૂન ૭૪ના અનુસંધાનમાં કેટલીક ઉપયોગી માહિતી મોકલું છું. ગુજરાતના વિદ્વાન પુરાતત્ત્વ-ઇતિહાસ-વિદ શ્રી [illegible] પંડયાને ખંભાત સમીપ નગરામાથી પ્રાપ્ત બ્રહ્માની મૂર્તિ આજે વલ્લભ વિદ્યાનગરના જાણીતા

આમ્રવૃક્ષ નીચે સ્થાપિત છે અને વિદ્યાનગરના પ્રતીક સ્વરૂપ નિયત બની ચૂકેલી છે. તેના સંદર્ભમાં લખતાં તેઓ શ્રી જણાવે છે કે 'નગરા અને કામરેજનાં બ્રહ્મા-મંદિરોમાં આજે પણ પૂજા-વિધિ થાય છે.' વળી શ્રી પંડયા જણાવે છે તદનુસાર સમગ્ર એશિયામાં બ્રહ્માની વિશેષ મૂર્તિઓ ગુજરાતમાં જ પ્રાપ્ત થએલી છે. એકમુખ બ્રહ્માની મૂર્તિ મથુરા ઉપરાંત રાજસ્થાનમાં ઓસિયા અને ચંબામાં સાઈખાતેથીપણ પ્રાપ્ત થઈ છે. તેવી રીતે શ્મશ્રુ (દાઢી) વિનાની બ્રહ્મા-મૂર્તિઓ કુંભકોણમ્ અને હળેબીડ ઉપરાંત ડંબલ, ઐહોળે, તીરૂવાડી, તીરૂત્તારિયૂર અને પેરૂમુડીયમ્ ખાતેથી પણ પ્રાપ્ત થઈ છે. બ્રહ્મા-મૂર્તિના અન્ય પ્રકારોમાં બે હાથવાળી ને માત્ર મધ્ય મુખને શ્મશ્રુ (દાઢી)વાળી પ્રતિમાઓ છે. તદુપરાંત પાટણ, વડનગર, સિદ્ધપુર. દેલમાલ, મોઢેરા, કસરા, શામળાજી આદિ સ્થળોમાં પણ બ્રહ્માની મૂર્તિઓ છે, પ્રાયઃ આ કારણને લીધે જ આ પ્રદેશને સંસ્કૃતમાં 'બ્રહ્માવર્ત'ના નામે સંબોધવામાં આવ્યો હશે, જે યજ્ઞાદિ કાર્યોના પ્રધાન સંકલ્પમાં વિશિષ્ટરીતે અનુસ્યૂત છે.

(સિદ્ધપુર) —વૈદ્યશાસ્ત્રી પ્રેમવલ્લભ શર્મા

સિંહ સંવત

અંક ૬૦૪ના પાના ૧૧૨-૧૧૩ ઉપર સિંહ સંવત સંબંધમાં ઠીકઠીક ચર્ચા થઈ છે. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી આ સંવતના પ્રવર્તક તરીકે સિદ્ધરાજ જયસિંહને ઓળખાવવા પ્રેરાય છે. શ્રી નરોત્તમ પલાણ આ વાત કબૂલ રાખતા નથી. શ્રી મોહનપુરી ગોસ્વામી આ સંવતના પ્રવર્તક તરીકે ધૂમલીનો રાણો સિંહ–સંઘ–હતો એમ 'નિશ્ચિત' રીતે માને છે. આ જ વિવાદમાં વિશેષ વિચાર કરતાં ભાવનગરના ભૂતપૂર્વ દીવાન વિજયશંકર ગૌરીશંકર ઓઝા પોતાના 'ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ ભાગ-૧'માં જણાવે છે કે 'શ્રી સિંહનું નામ પોરબંદરના એક લેખમાંથી મળી આવે છે, જેમાં તેને સૌરાષ્ટ્રનો મંડલેશ્વર કહ્યો છે, પરંતુ પાછળથી તે અધિક પ્રબળ બનતાં વિ. સં. ૧૧૭૦ (ઈ. ૧૧૧૪)થી પોતાનો સંવત ચલાવ્યાનું જણાય છે.'

મહામહોપાધ્યાય પંડિત શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા 'ભારતીય પ્રાચીન લિપિમાળા'-માં ઉપર્યુક્ત ભાવનગરના દીવાનશ્રીનો અભિપ્રાય ટાંકે છે; તદુપરાંત પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે કે 'કાઠિયાવાડથી બહાર આ સંવતનો પ્રચાર ન હોવાનું પણ એમ સાબિત કરે છે કે આ સંવત કાઠિયાવાડના સિંહ નામના કોઈ રાજાએ ચલાવ્યો હશે.'

તેઓ વિશેષમાં જુદાજુદા લેખોમાં વિ. સ. તથા સિંહ સંવતો સાથે બતાવે છે તે ઉપરથી વિ. સં. તથા સિંહ સંવત વચ્ચે ૧૧૭૦ વર્ષનું અંતર હતું એમ સાબિત માને છે.

આ રીતે જોતાં શ્રી મોહનપુરીનો અભિપ્રાય એક પરમ વિદ્વાનના અભિપ્રાયથી થોડો નજીક આવે છે. સિંહ સંવત એ સૌરાષ્ટ્રનો જ સંવત છે અને સૌરાષ્ટ્રનાં સ્થળોના જ શિલાલેખોમાં વિ. સં. સાથે લખાતો હતો. પંડિત શ્રી ગૌરીશંકરભાઈના વખતમાં સિંહ સંવત ૧૫૧ આષાઢ વદ ૧૩નો છેલ્લો લેખ મળ્યો હતો. પછી વિશેષ મળ્યા હશે. આમ સિંહ સંવત પૂર્ણ સંશોધનનો વિષય બની શકે છે.

(ભુજ–કચ્છ) —કંચનલાલ કે. છાયા

'કુમાર' અંક ૬૦૪માં 'વાચકો લખે છે' વિભાગમાં શ્રી નરોત્તમ પલાણે સિંહ સંવત કદાચ સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦માં સોરઠ જીત્યાની યાદમાં શરૂ કર્યો હશે એ બરાબર ન હોવાનું જણાવ્યું છે, પણ તો એ કોણે શરૂ કર્યો હશે એ વિષે કંઈ વિધાન કર્યું નથી. મને લાગે છે, તેઓ એ વિભાગમાં શ્રી મોહનપુરી ગોસ્વામીએ જણાવેલો મત ધરાવતા હશે.

શ્રી મોહનપુરી ગોસ્વામીનો મત ઉપલક નજરે જોતાં ઘણો સ્વીકાર્ય લાગે તેવો છે, પરંતુ આંતરિક મુદ્દાઓ તપાસતાં એમાં કેટલીક મુશ્કેલીઓ નજરે પડે છે. વિસાવાડાના પ્રતિમાલેખના આધારે તેઓ સિંહ સંવત ધૂમલીના જેઠવા રાણા સિંહે (સંગે) શરૂ કર્યાનું ધારે છે. આ લેખ વિ. સં ૧૨૬૨નો છે ને એમાં રાણા વિક્રમાદિત્ય (વિકિયાજી)ની મૂર્તિ કરાવ્યાનો ઉલ્લેખ છે. આ લેખનો પાઠ તાજેતરમાં શ્રી ગોસ્વામીએ 'પુરાતન'માં આપ્યો છે, ને વર્ષો પૂર્વે ઈ. ૧૯૩૯માં શ્રી ડિસકળકરે (Inscriptions of Kathiawad New Indian Antiquery Vol. I, No. II, p. 686)માં જે પાઠ આપેલો તેનાથી ઘણા શબ્દોમાં જુદો પડે છે. શ્રી ગોસ્વામીએ આ પાઠભેદની ચર્ચા કે વાત કરી નથી. તેઓ એ શિલાલેખનો સ્પષ્ટ ફોટો આપી પંક્તિવાર આ બંને વાચનની તુલના કરે તો આ બાબતમાં વધુ પ્રકાશ પડે.

અણહિલવાડના સોલંકી રાજા જયસિંહે સોરઠ જીતી આ સંવત ત્યાં પ્રવર્તાવ્યો લાગે છે એવું સૂચન ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ કરેલું, ને બીજો વધુ સ્વીકાર્ય ઉકેલ ન મળે ત્યાં સુધી મારા જેવા એ મતને સંભવ તરીકે સ્વીકારે એ સ્વાભાવિક છે. એ મતમાં સિંહ સંવત જયસિંહના વિશાળ રાજ્યમાં સોરઠમાં સીમિત કેમ રહ્યો એ પ્રશ્ન અણઊકલ્યો રહ્યો છે. જો વિ. સં. ૧૧૭૦માં શરૂ થએલો ને સોરઠમાં જ વપરાએલો સિંહ સંવત સોરઠના કોઈ પ્રતાપી રાજવીએ શરૂ કર્યાનું જાણવા મળે તો એ સહુથી વધુ સ્વીકાર્ય બને.

શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ તથા શ્રી શંભુપ્રસાદ દેસાઈએ સિદ્ધરાજનો સોરઠ-વિજય નિરૂપ્યો છે. 'પ્રભાવક ચરિત' અને 'પ્રબંધ ચિંતામણિ' જેવા અનુકાલીન ગ્રંથોમાંના વૃત્તાંતોને તથા 'રાસમાળા'માં આપેલી લોકકથાને બાજુએ રાખીએ તો પણ લગભગ સમકાલીન અભિલેખોમાં સિદ્ધરાજ જયસિંહે સોરઠના રાજાને જીત્યાનું ને સોરઠમાં પોતાનું શાસન પ્રવર્તાવ્યાનું નોંધાયું છે. છતાં શ્રી ગોસ્વામીએ અહીં 'સિદ્ધરાજે સોરઠ જીત્યું હતું ખરું?' એવી શંકા રજૂ કરી છે. હકીકત એ છે કે સોરઠમાં સિંહ સંવતના વર્ષવાળા જે ચાર અભિલેખ મળ્યા છે તે ચારેયમાં અણહિલવાડના સોલંકી રાજાઓના રાજ્યકાલનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે.

શ્રી ગોસ્વામીએ વિસાવાડા શિલાલેખની પંક્તિ ૩માં 'સીહ' પછી 'રા. ધિ.' વાંચી તેનો અર્થ 'રાજાધિરાજ' કર્યો છે, ને છતાં સીહ અને વિક્રમાદિત્ય વચ્ચેનો અન્વય દર્શાવતો કોઈ સ્પષ્ટ શબ્દ લેખમાં દર્શાવી શક્યા નથી. ધૂમલીના જેઠવા રાણા સિંહના સમયમાં સિંહ સંવત શરૂ થયો હોય, તો એ રાજ્ય સોરઠની નજીક પડે ખરું; પરંતુ સિંહ સંવતનાં વર્ષવાળા કોઈ અભિલેખમાં જેઠવા રાણાઓના શાસન કે આધિપત્યનો નિર્દેશ સુધ્ધાં શાથી નહિ હોય? ને જેઠવા રાજ્યના પોતાના મૂળ પ્રદેશમાં સિંહ સંવતનો ઉપયોગ થયો હોય તેવો કોઈ ઉલ્લેખ કેમ ઉપલબ્ધ નથી? જેઠવા રાણા સિંહની બાબતમાં આ બે મુદ્દા પ્રતિકૂળ પડે છે. સોરઠનો કોઈ 'સિંહ' મળી આવે, તો સહુથી વધુ બંધ બેસે; નહિ તો ત્યાં સુધી, ઉપલબ્ધ ઉલ્લેખોના આધારે, સિદ્ધરાજ જયસિંહનો સંભવ ઊભો રહે.

(અમદાવાદ) —હરિપ્રસાદ શાસ્ત્રી

પ્રાચીન ટીંબા

ડૉ. વસંતલાલ મો. ત્રિવેદી કેટલાક સમયથી મધ્ય ગુજરાતમાં લઘુપાષાણ યુગનાં ઓજારો ધરાવતાં સ્થળ શોધે છે એવા સમાચાર દૈનિક વર્તમાનપત્રોમાં અવારનવાર આવતા. 'કુમાર' અંક ૬૦૫માં એમના 'મધ્ય ગુજરાતના પ્રાચીન ટીંબા' વિષેના લેખમાં એ ટીંબાઓની હારમાળા 'દશક્રોઈ જિલ્લા'(?—વસ્તુતઃ અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકા) પૂરતી મર્યાદિત છે. ખેડા જિલ્લામાં એવાં કોઈ સ્થળ મળ્યાં છે ખરાં?

પ્રાસ્તાવિક ફકરામાં 'ઈ. સ. પૂર્વે બીજી સદી' છે ત્યાં 'ઈ. સ. પૂર્વે ત્રીજી સદી' અને 'ઈ. સ. પૂર્વે ૧૫૦૭' છે ત્યાં 'ઈ. સ. પૂર્વે ૧૫૦૦' જોઈએ.

(અમદાવાદ) —હરિપ્રસાદ શાસ્ત્રી

સિંહ સંવત

૬૦૦મા અંકમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના લેખમાં સિંહ સંવત વિષે 'કદાચ સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦માં સોરઠ જીત્યાની યાદમાં શરૂ કર્યો હશે.' એમ સંભાવના કરી છે. વળી એપ્રિલના અંકમાં શ્રી નરોત્તમ પલાણનો તે વિધાનને પડકારતો પત્ર વાંચ્યો. શ્રી પલાણે ડૉ. શાસ્ત્રીની સંભાવના 'બરાબર નથી' એમ દર્શાવ્યું છે. તેમની દલીલ એ રીતે સાચી છે કે આ સંવતની કોઈ ઐતિહાસિક નોંધ આપણી પાસે નથી. ઇતિહાસને શુષ્ક વિષય લેખી તેના પ્રતિની અભિરુચિ આપણે ત્યાં નહિવત્ છે. પરિણામે શ્રદ્ધેય ઇતિહાસ પ્રાપ્ત થતો નથી. ગુજરાતમાં જે કાંઈ ઐતિહાસિક અભિલેખો, સિક્કાઓ, મૂર્તિઓ કે સંવતો પ્રાપ્ત થાય છે તેને ને જેના પુરાવાઓ ન મળતા હોય તેને સિદ્ધરાજ જયસિંહના નામે ચડાવી દેવામાં આવે છે તે એક દુઃખદ ઘટના લેખી શકાય. સિંહ સંવત વિષે કાંઈક આવું બન્યું લાગે છે.

એ જ લેખમાં ડૉ. શાસ્ત્રીએ પારસી સન વિષે પણ નોંધ્યું છે તે સવિશેષ ઉલ્લેખનીય બની રહે છે, કેમ કે ગુજરાતમાં હાલ પારસીઓ રહે છે. તેઓ પોતાના વતનનો ત્યાગ કરી આવ્યા ત્યારથી અહીં સ્થિર થએલા છે. તેઓમાં હાલ જે સન પ્રચલિત છે તે ઈરાનમાં સાસાની વંશનો છેલ્લો પાદશાહ યઝદેજર્દ રાજ્યગાદી પર આવ્યો ત્યારથી શરૂ થએલો છે. ઈરાનમાં એવી ચાલ હતી કે નવો આવનાર દરેક રાજવી પોતાનો નવો જ સંવત શરૂ કરતો. હાલ ચાલતો આ સન છેલ્લો સન હોઇ તે પરથી પારસીઓનો આગમન સમય નિશ્ચિત કરી શકાય.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

જર્સી જાતની ગાય

મે અંકમાંના 'શ્વેત ક્રાંતિના પુરોહિત મણિભાઈ દેસાઈ'ના લેખમાં પાના નં. ૧૭૭ના છેલ્લા ફકરામાં 'ઉરૂલી કાંચનમાં જર્સી જાતની ગાયે ૪૫ કિલો વજનના વાછરુને જન્મ આપેલો અને તેનું રોજનું વજન ૨.૫ કિલો વધતું હતું' તેમ છપાયું છે, જે હકીકતમાં ભૂલભરેલું છે અને વાચકોમાં આશ્ચર્ય પેદા કરનારું છે. આના ખુલાસામાં જણાવવાનું કે અમારી ગૌશાળામાં જર્સી ગાયના વાછરુનું વજન તેના જન્મ વખતે વધારેમાં વધારે ૨૮.૫ કિલો નોંધાયું છે અને તેનું પ્રતિદિન વજન ૧૧૨ ગ્રામ વધતું ગએલું. તો તે મુજબ સુધારવા વિનતિ.

(ઉરૂલી-કાંચન) —હરીશ જાની

વિશ્વ-પ્રતિવિશ્વ

'વિશ્વ-પ્રતિવિશ્વ' વિષેના ડૉ. યશવંત નાયકના લેખ પરથી આ બંને વિશ્વો અલગ અસ્તિત્વ ધરાવતાં હોવાનો ભાસ થાય છે.

દૃશ્ય જગતમાં ત્રણ પાયાની વસ્તુઓનો અનુભવ મળે છે: 'મૅટર' એટલે દ્રવ્ય, 'ઍન્ટી મૅટર' એટલે પ્રતિદ્રવ્ય અને 'નૉન-મૅટર' એટલે પ્રકાશ અથવા ચૈતન્ય. 'મૅટર' અને 'ઍન્ટી મૅટર'ના સંયોગથી એ બંનેનો નાશ થાય છે અને શેષમાં 'નૉન-મૅટર' પ્રકાશ રૂપે પ્રગટ થાય છે. તે ચૈતન્ય અથવા આત્મતત્ત્વ હોઈ શકે? એ પ્રકાશમાંથી જ આ દૃશ્ય જગતને અનુભવનાર આત્મતત્ત્વનો અવતાર થયો હશે?

અસ્તિત્વની વિવિધતામાં એકત્વનો અનુભવ આપણા ઋષિ-મુનિઓએ આંતરસૂઝ (ઈન્ટયૂઈશન)થી કરેલો તેની નજીક વિજ્ઞાન આવી રહ્યું છે એની ઝાંખી આ લેખથી થાય છે.

(વડોદરા) —હરિભાઈ દેસાઈ

હિટલરની જન્મતારીખ

એપ્રિલ અંકમાં 'આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં' એ વિભાગમાં (પાનું ૧૪૨) ઍડૉલ્ફ હિટલરનો જન્મ ૩૦મી એપ્રિલ (૧૮૮૯) દર્શાવ્યો છે, પરંતુ એ બાબત સાચી નથી. હિટલરનો જન્મ ૨૦ એપ્રિલે થએલો 'કુમાર'માં છાપભૂલ હોય એમ લાગતું નથી, કારણ કે 'એ હિટલરનો જન્મ પણ ઈ. ૧૮૮૯ની ૩૦મી એપ્રિલે જ થએલો' એ વાક્ય ૩૦મી એપ્રિલે (૧૯૪૫) એણે આત્મહત્યા કરી એના અનુસંધાનમાં લખાયું છે. પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ ઍલન બુલક હિટલરની જીવનકથા લખનાર કોલિન ક્રૉસ, નાઝી જર્મનીના ઉદય અને પતનનો ઇતિહાસ લખનાર વિલિયમ શિરર અને બીજા બધા ૨૦મી એપ્રિલે (૧૮૮૯) હિટલરનો જન્મ થએલો દર્શાવે છે. એટલે કે એ તારીખ વિવાદાસ્પદ નથી. ૩૦મી એપ્રિલે (૧૯૪૫) હિટલરે આત્મહત્યા કરી તે પૂર્વે આવતો ૧૦ દિવસ આગળનો ૨૦મી એપ્રિલનો (૧૯૪૫) ૫૬મો જન્મ દિવસ હિટલરે રાઈકચાન્સેલરીના અન્ડરગ્રાઉન્ડ બંકરમાં ઊજવેલો. આમ હિટલરની જન્મ અને મૃત્યુની તારીખ એક (૩૦મી એપ્રિલ) નથી.

(વલસાડ) —મનોજ દરૂ

સુમતિબહેનની સહી

એપ્રિલ અંકમાં પૃ. ૧૪૫ ઉપર આ વિભાગમાં શ્રી દયાનંદ નારાયણે 'મારી માન્યતા' વિભાગમાં શ્રીમતી સુમતિબહેન મોરારજીની સહી અંગ્રેજીમાં હોવા વિષે દુઃખ વ્યક્ત કર્યું છે તે સંબંધમાં ખુલાસો કરવાનો કે તેઓશ્રી એ દિવસોમાં ખૂબ કામમાં રોકાએલાં હોવાથી તત્કાલ એમની સહી મળી ન શકી. પછી તેની યાદી આપતાં જણાયું કે તેઓ યુરોપ ગયાં છે ને ત્યાંથી અન્ય દેશોના પ્રવાસે જવાનાં છે. આથી નાછૂટકે એમની અંગ્રેજી સહીનો ઉપયોગ કરવો પડયો. અમને પણ એનો ખેદ છે.

(સાન્ટાક્રુઝ-પૂર્વ) —ચંપકલાલ મહેતા

વીંછીના દંશ પર

૬૦૭મા અંકના છેલ્લા પાને આપેલા વીંછીના દંશના *ઉપાય અંગે થોડો સંશય પેદા થાય છે, કારણ કે ગુલમહોરનું બી ખૂબ કઠણ અને સુંવાળું હોય છે. દંશની જગ્યા પર તે ફક્ત મૂકવાથી ચોંટી જઇ કેવી રીતે ઝેર ચૂસી લે? વાપરવાની રીત અંગે વધુ સ્પષ્ટતા કરવા વિનંતી.

૬૦૦મા અંકના પાના નં. ૫૪૨ પર શ્રીકૃષ્ણની જીવન-કાળ-મર્યાદામાં કાળ ઈ. સ. પૂર્વેમાં ઈન્દ્રપ્રસ્થની સ્થાપનાનું વર્ષ ૧૩૪૦ આપ્યું છે તે ૧૩૪૦ને બદલે ૩૧૪૦ ના જોઇએ?

(બાંધણી) —જશુ બાંધણીકર

[*ગુલમહોરનું બી પથ્થર પર ઘસીને મૂકવાથી ચોંટી જતું હશે. ઈન્દ્રપ્રસ્થની સ્થાપનાના વર્ષમાં છાપભૂલ થઈ લાગે છે.]

તાત્યા ટોપે

૬૦૫ અંકમાં વિષ્ણુ પંડયા લિખિત તાત્યા ટોપેના અવસાન સંબંધી જે અચોક્કસતા છે તે વિષે મારે સાંભળેલી વાત કહેવી છે. આજથી વીસ બાવીસ વર્ષ પહેલાં અમે અંબાજીથી કુંભારિયાજીનાં દર્શને ગયા હતા. કુંભારિયાજીના જૈન મંદિરેથી કોટેશ્વર જવાય છે. આ કોટેશ્વરમાં સરસ્વતી નદીનું મૂળ છે એમ કહેવાય છે. ત્યાં નાનો જળકુંડ છે ને ટેકરી ઉપર ચડી નદીનું મૂળ જોવા જવાનું છે. આ કુંડ પાસે મહાદેવ કે મંદિર છે. ત્યાંના બાવાજીએ ત્યારે કહેલું કે તાત્યાટોપે તેની જિંદગીનાં પાછલાં વર્ષો અહીં રહેલા અને અહીં અવસાન પામ્યા હતા. ત્યાં ચીતરેલા ફોટા પણ અમને બાવાજીએ બતાવ્યા હતા. આ વાતને વર્ષો થઈ ગયાં છે છતાં જો કોઇને રસ હોય અને તપાસ કરાવે તો કદાચ ઉપયોગી માહિતી મળી શકે. ભાઈ વિષ્ણુભાઈએ ગોમટેશ્વરની ટેકરીનો ઉલ્લેખ કર્યો છે પરંતુ તે કોટેશ્વર છે, અને આબુ પાસેના અંબાજીથી જવાય છે.

(મુંબાઈ) —અરવિંદભાઈ સી. મહેતા

'વૃક્ષ-વેલ પરિચય' ખરેખર ઘણો સુંદર વિભાગ છે. લખનારને ધન્યવાદ. મથાળે અપાતું ચિત્ર પણ એટલું આબેહૂબ હોય છે કે કયાંક એવું ઝાડ જોઇએ તો તરત જ ઓળખાઈ જાય છે. અહીંની લાયબ્રેરીમાંથી હું તે લખી લઉં છું. લેખમાળા પૂરી થયે મારી પાસે ફૂલ-ઝાડ વિષે એક સુંદર પુસ્તક બની જશે.

(અમદાવાદ) —યશવંત હ. પ્રજાપતિ

મારે 'કુમાર'ની જૂની ફાઈલો (ઈ. ૧૯૬૭ સિવાય ૧૯૬૧થી ૧૯૭૩ સુધીની) કોઈ સંસ્થાને ભેટ આપવી છે. તો તે માટે મારો નીચેના સરનામે સંપર્ક સાધવો: અતુલ મહેતા, પ્લૉટ ૧૨, બ્લૉક ૧૫, સ્લેટર રોડ મુંબાઈ-૭, ટેલિફોન ૩૯૩૬૦૪.

મેઘધનુની માયા/ધીરુ પરીખ

· ગાન ·

કોરા કટાક આભને અંતર જાગી શી આ મેઘધનુની માયા!
દૂર રહી ક્યાંય દૂર રહી કૈં સૂરજિયા હજ્જાર હાથે તો સાગર લીધો ઢીંચી,
ઘેનમાં પછી ઘેનમાં બસ ચકચૂર થઈને વાદળી-ઢબ્યાં પોપચે આંખડી મીંચી.
તડકા ઝૂરે અધ્ધરપધ્ધર ભોમકા ઉપર કણકણેકણ હેરતી અખંડ છાયા.
કોરા કટાક આભને અંતર જાગી શી આ મેઘધનુની માયા!
ધડધડાધડ ઘાવ ઝીંકે છે જળહથોડે આભલાં; નીચે ધરતી જેરી એરણ,
તેજભર્યાં જરી નેણ ખૂલ્યાં કે કાળાંધોળાં ધારણ થાય છે વેરણ-છેરણ!
સાત રંગીલો ઘાટ ઘડાયો કંઈ ન'તું ત્યાં પ્રગટી ઊઠી લાંક લચેલી કાયા.
કોરા કટાક આભને અંતર જાગી શી આ મેઘધનુની માયા!

ત્રણ હાઇકુ

કુ. વીણા હ. શાહ

વર્ષાએ ભીંજી
કરે ધીકતી ધરા
બળતી વીજ.

*

પડે કંકર
ચોરસ કુંડે, રચે
ગોળ કુંડાળાં.

*

આવે ને જાય
નવા અભિનવરંગો
જૂના કિનારે.

નવજાત શિશુને/'સ્નેહરશ્મિ'

· પૃથ્વી ·

અજાણી ઇહ ભોમના શિશુ સુજાત હે સ્વાગતમ્!
સુરત્ન સરખી સદા તવ પહેલમાં દીપ્તિ હો!
હજો વિરલ ભવ્ય નિર્મલ બધાં જ કાર્યો તવ,
અખંડ તવ હો સુકીર્તિ સ્થળ કાળથી યે પર!

તું આવ! તુજ કાજ છે સકલ દ્વાર ખુલ્લાં અમ,
અહીં પવન વિશ્વના ચહુ દિશેથી વાશે સદા,
બધા ન સુખદા, ન વા સકલ એ હશે દુઃખદા;
અહીં જ શિવ ને શિવેતર તણા વિકલ્પો તને!

તું રત્ન અણુમોલ; કિન્તુ નવ અન્ય રત્નો સમ
નિવાસ તુજ કાજ હો અહીં સુગુપ્ત કો' મંજુષા!
અહીં જગમહીં તુફાન, કલહો અને વેદના,
પડે સતત કર્ણ પે પ્રલયની વ્યથાની કથા.

અખંડ તવ યોગને ધૃતિથી સાધી સંવાદ ત્યાં
કૃતાર્થ કરજે ચિરાયુ ઋત ભર્ગ શી જિંદગી!

આવકાર/હરીશ મીનાશ્રુ

· શિખરિણી ·

તમારો આછેરો પગરવ જ્યહીં ઉંબર કને,
ઝૂલ્યો આસોપાલવ અવસર બની તોરણમહીં!
ઘડીમાં મ્હોરી ગૈ લીલપ તુલસી-માંજર! અને
અજાણી સુગંધી પમરી ગઈ આખ્ખા ય ફળિયે.

તમારા આવ્યાના કુતૂહલ તણી બે'ક પળમાં!
કૂદીને વંડી એ... પવન પણ, લ્યો, પાથરી ગયો
ટહુકે ગૂંથેલાં સ્મરણ મધુરાં સીમ-ફણગ્યાં!
થયું : સદ્ગત બાની હરખકુમળી આંગળી હવે
લીંપેલી ભીંત્યુંમાં સજીવન થતી આશિષ દીએ.

વળી બેંતાળાંની નજર ઝબકી જાય ચશમાં
વીંધીને બાપુની જૂગજૂગ પુરાણી છબિ થકી
નિહાળી લેવાને નવતર રૂપે કુળલખમી!
પધારો...! કે મારું વિવશ ઘર જેવું ઊઘડતું
ભીના ભીના ભીના પરિચય મહીં કૈં જનમના...!

■ 'મેઘધનુની માયા': વર્ષામાં ખેંચાતા મેઘધનુની પ્રક્રિયાનું ચારુ કલ્પનામઢ્યું ગાન. વર્ષાના પ્રકૃતિ ચિત્રને રૉમૅન્ટિક બાનીમાં તાદૃશ્ય કરતી આ રચનામાં 'કોરું કટાક' અને 'કંઈ ન'તું ત્યાં' જેવા ઇંગિતોથી આભને નિર્લેપ બ્રહ્મ, અને સપ્ત-રંગી લાંક-લચ્યા મેઘધનુને સંસારની માયાનાં પ્રતીકો ગણી કાવ્યને અન્ય રીતે પણ આસ્વાદી જુઓ. ■ 'નવજાત શિશુને': જન્મ સાથે શિશુને સત્કારતા કાવ્ય-નાયક સંસારનાં સુખદુઃખથી અજાણ નથી. શિશુને 'શિવ ને શિવેતરસ્તણા વિકલ્પો'નો અનુભવ હિમ્મતપૂર્વક કરી જીવનમાં ઋત પ્રગટાવવાની આશિષ આપે છે. ■ 'આવકાર': સૂના ઘરમાં નવી વ્યક્તિના આગમનને આવકાર આપતા આ સૉનેટમાં ગૃહ-જીવનનું કરુણમધુર શબ્દચિત્ર આલેખાયું છે. પ્રથમ શ્લોકમાં આગમનથી મહોરી ઊઠેલું ઘર-આંગણ, બીજા ખંડમાં મિલનસ્મરણો અને સદ્ગત બાની મૂગી આશિષઝંખના, ત્રીજા ખંડમાં છબિના ઇંગિત દ્વારા વિદેહ પિતાનો કુળવધૂના આગમને અપેક્ષાતો આ-નંદ અને કાવ્યાંતે 'ભીના' શબ્દની ત્રિરુક્તિથી ભીંજાતો કારુણ્યમઢ્યો આનંદ ચિત્રને સૂક્ષ્મ સંવેદનાથી મઢી દે છે.

થઇ ગયું/મનસુખ વાઘેલા

· ગઝલ ·

કૈંક છાયામાં જ ઊભું થઈ ગયું!
તેજ તડકામાં એ ભીનું થઈ ગયું!

એક પથ્થરને ફૂટી જ્યાં જિંદગી,
ઘર ઘડીમાં સાવ ઝૂનું થઈ ગયું!

ને સતત કોલાહલો મળતા રહ્યા,
આપણું મન એમ સૂનું થઈ ગયું!

અર્થ તો રોજે નવા દેખાય છે,
નામ 'મનસુખ'નું જ જૂનું થઈ ગયું!

લિસોટા/કિસન સોસા

· ગઝલ ·

ભાઠાની રેતમાં અમે ઇસ્કૂલ દાટતા,
તરતા વહેણમાં વમળમાં બેટ ઝાલતા.

છ-સાત ભેરુબંધ અમે હાથ જ હાલતા,
ખૂંદી નદી તળાવ સાંજે ઘેર આવતા.

મારે વઢે ન કોઈ ઘરે એટલે અમે,
ખિસ્સામાં રામ-વૃક્ષનું એક પાન રાખતા.

એ સાપ તો વહી ગયો ભવરણ લિસોટતો,
આજે અમે અહીં પડયા આ ધૂળ ચાટતા.

મતભેદ/'શિલ્પિન' થાનકી

· ગઝલ ·

સૌ કહે છેઃ 'મન્દિરે ઈશ્વર નથી',
હું કહું છું: 'ત્યાં ફક્ત પથ્થર નથી.
સૌ કહે છેઃ 'ઝાંઝવાં છે રણમહીં,'
હું કહું છું: 'ત્યાં નર્યાં મૃગજળ નથી.'
સૌ કહે છે: 'પાનખર છે ઉપવને',
હું કહું છું: 'ત્યાં ધરા ઊષર નથી'.
સૌ કહે છે: 'શૂન્ય છે આકાશ આ',
હું કહું છું: 'સૂર્ય આ જર્જર નથી'.
સૌ કહે છે: 'ક્ષણ સમી છે જિન્દગી',
હું કહું છું: 'પ્રાણ મુજ નશ્વર નથી.'

કદી કોઈની યે સામે જેમણે બંદૂક કે છરીલાઠી ઉગામી સુધ્ધાં નહોતી, કે નહોતી કોઈ ધાડ પાડી, છતાં ગોરી હકૂમતે એમને કાળા પાણીની અમાનુષી યંત્રણામાં ધકેલી દીધા

શહાદતના રક્તસિંચન વિના સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અસંભવિત છે. શસ્ત્રહીન બનાવી દેવાએલી હિંદી પ્રજાને અહિંસક લડતને માર્ગે વાળીને ગાંધીજીએ જ સ્વાતંત્ર્ય સિદ્ધ કરી બતાવ્યું. છતાં એ પહેલાં આઝાદીના મતવાલા શહીદોએ સશસ્ત્ર ક્રાંતિના જે કંઈ પ્રયાસ-પરાક્રમો કરી બતાવ્યાં એનું મૂલ્ય સહેજે ઓછું નથી. હિંદમાંથી અંગ્રેજોને હટાવવાના વ્યાપક પ્રયાસ તરીકે ૧૮૫૭ની ક્રાંતિ નિષ્ફળ થયા છતાં આઝાદીની તમન્ના તો જલતી જ રહી. અઢારસો સત્તાવનના અનુસંધાને એકમાત્ર પંજાબના કૂકા વિદ્રોહ સિવાય હિંદની ભૂમિ પર વ્યાપક લશ્કરી સંગઠન થઈ ન શક્યું, છતાં એ ભાવના તદ્દન લુપ્ત પણ નહોતી થઈ. પેશાવરમાં ગોળીબારના હુકમ સામેની ગઢવાલી પલટનના ચંદ્રસિંહ ને એના સાથીઓની નાફરમાની એનો એક પુરાવો છે, જ્યારે નેતાજીએ હિંદ બહાર રહીને સંગઠિત કરેલી આઝાદ હિંદ ફોજ એનું આખરી ઉદાહરણ છે.

પણ આ દરમિયાન ભારેલા અગ્નિ જેવી એ તમન્નાને વાસુદેવ બળવંત ફડકેના પ્રયાસો, 'હિંદુ ધર્મરક્ષિણી સભા' દ્વારા ચાફેકર બંધુઓની પ્રવૃત્તિઓ, મહારાષ્ટ્રના 'મિત્રમેળા', ને 'અભિનવ ભારત' સંસ્થા દ્વારા સશસ્ત્ર ક્રાંતિની તાલીમ, 'ઇન્ડિયન હોમરૂલ સોસાએટી' દ્વારા શ્યામજી કૃષ્ણ વર્માની પ્રવૃત્તિઓ ઈત્યાદિ જેવા અનેકવિધ પ્રયાસોએ એ અગ્નિને જીવતો રાખ્યો હતો. આ બધા પ્રયાસોમાં કંઈક નામી-અનામી દેશભક્તોએ સરફરોશી વહોરી હતી. એમની એ મતવાલી તમન્નાઓ પાછળ અનેક પરિવારો ફના થઈ ગયા હતા. એમના બૉંબધડાકા ને છરી-ઝાટકામાં સક્રિય ભાગ નહિ લેવા છતાં યે અંગ્રેજી હકૂમતે કંઈકનાં જીવન રોળી નાખ્યાં હતાં, કારણ દેશપ્રેમ એમનો ગુનો હતો. અહિંસક લડતના જુવાળમાં સરઘસમાં જોડાઈને કે પિકેટિંગ માટે ઊભા રહી મહિનોમાસ જેલ ભોગવ્યા બદલ આજે એનું વળતર માગતા 'સ્વરાજના સૈનિકો' (!)નો એ જમાનો નહોતો, એટલે દેશને ખાતર જીવનભર પરેશાની વેઠનારા એ મૂક વીરોની નામાવલિ તો ક્યાંથી મળે? પણ છતાં યે કેટલાંક નામ ખ્યાત છે. એવા એક હતા 'ભાઈ' પરમાનંદ.

હિંદી નવયુવાનોમાં ક્રાંતિની આગ ભડકાવનાર તરીકે અંગ્રેજી શાસને એમને ઘણું મહત્ત્વ આપ્યું હતું. આ માટે એમના પર સરકારે મૂકેલા અનેક આરોપો તો એ પુરવાર ન કરી શકેલી, પણ છતાં યે એમને એ માટે ફાંસીની સજા ફરમાવવા સુધી એ સરકાર પહોંચી હતી. એમના સમયમાં દેશની આઝાદી માટે ચાલતી ક્રાંતિકારી ઉદ્દામ ચળવળોમાં કે એ પછી ગાંધીજીએ ઉપાડેલાં અહિંસક આંદોલનોમાં દેખીતી રીતે એમણે ભાગ નહોતો લીધો, છતાં લાલા લજપતરાય, લાલા હરદયાળ, વીર સાવરકર વગેરે એમના પ્રત્યે ઘણું માન રાખતા.

હતા તો એ એક અગ્રગણ્ય આર્યસમાજી કાર્યકર. એમનો કૌટુંબિક ઇતિહાસ છેક મુઘલ કાળથી આરંભાએલો છે. શીખ ગુરુ તેગ બહાદુર અને એમના પંથ પ્રત્યેની વફાદારી બદલ ઔરંગઝેબ ઈ. ૧૬૭૫માં એમના વડવા દીવાન મોતીદાસને દિલ્હીના ચાંદની ચોકમાં જીવતા વહેરી નાખવાની સજા કરેલી! દસમા શીખ ગુરુ ગોવિંદસિંહે ગાદીએ આવતાં એમણે એમના વંશજને ખાસ યાદ કરીને બોલાવ્યા અને ભર દરબારમાં એને ભેટીને પોતાના ભાઈ ગણી સન્માન્યા. ત્યારથી એ કબીલાને 'ભાઈ'નું માનભર્યું સંબોધન મળેલું. બે સદી પછી એ વંશમાં, પંજાબના જેલમ જિલ્લાના કરિયાલા ગામમાં ભાઈ તારાચંદને ત્યાં ઈ. ૧૮૭૫માં ભાઈ પરમાનંદનો જન્મ થયો. આ જ અરસામાં સ્વામી દયાનંદ સરસ્વતીએ મુંબાઈમાં આર્ય સમાજની સ્થાપના કરેલી. શુદ્ધ સત્યનો જ સ્વીકાર કરી, વેદાનુસારી નીતિનિયમમાં રહી, મનુષ્યજાતિનું સર્વાંગીણ કલ્યાણ સાધવાની એ સંસ્થાની નેમ હતી. સ્વામી દયાનંદે રોપેલા એ બીજને ભાઈ પરમાનંદે પોતાનાં નિર્વ્યાજ કાર્યો દ્વારા સીંચ્યું અને આર્યસમાજમાં તેઓ 'દેવતા સ્વરૂપ' બની રહ્યા.

માતાની છત્રછાયા તો એમણે બચપણમાં જ ગુમાવી હતી, એટલે પિતાએ પ્રેમથી એમનું લાલનપાલન કર્યું. પોતાના જ ગામમાં પ્રાથમિક શિક્ષણ થઈ તેઓ ચકવાલની માધ્યમિક શાળામાં ને પછી લાહોરની દયાનંદ સ્કૂલમાં ગયા અને આર્યસમાજ માટે ભારતીય મિશનરીના રૂપમાં કાર્ય કરવાનો નિશ્ચય કરી તેઓ દયાનંદ કૉલેજ સમિતિ દ્વારા સંચાલિત અષ્ટાધ્યાયી કક્ષામાં તાલીમ લેવા લાગ્યા. પણ પછી એ કક્ષા તૂટી જતાં તેઓ પંજાબ યુનિવર્સિટીનો બી.એ. સુધીનો અભ્યાસ કરી ઍબટાબાદની આર્ય હાઈસ્કૂલમાં આચાર્ય બન્યા, અને ઈ. ૧૯૦૩માં એમ.એ. થયા. આ પછી તેઓ લાહોરની દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિભાગાધ્યક્ષ તરીકે નિમણૂક પામ્યા. ત્યાં તેઓ માત્ર નામનું માસિક પંચોતેર રૂપિયાનું જ વેતન લેતા.

એમના કાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી પ્રભાવિત થઈ ડી.એ.વી.—દયાનંદ ઍંગ્લો વૈદિક—કૉલેજ કમિટીએ એમને પોતાના સંગઠનમાં આજીવન સભ્ય બનાવ્યા. મહર્ષિ દયાનંદના સ્મારકરૂપ એ શિક્ષણસંસ્થા પ્રત્યે એમને જે ભાવ હતો તેનો ઉલ્લેખ કરતાં એ કૉલેજના પ્રાચાર્ય હંસરાજજીએ કહેલું કે 'આર્યસમાજની સેવા માટે ભાઈજીમાં અપૂર્વ અનુરાગ ને અસીમ સ્વાર્થત્યાગની ભાવના હતી...પોતાની કાર્યદક્ષતા અને સ્વભાવથી તેઓ અન્ય સદસ્યોમાં પણ શક્તિનો સંચાર કરતા.'

આ હંસરાજજી પાસે પૂર્વ આફ્રિકાના આર્યસમાજીઓએ સમાજના સુદૃઢ ને વિસ્તૃત પ્રચારાર્થે એક વિદ્વાનની માગણી કરી. હંસરાજજીએ ભાઈજીને ત્યાં મોકલ્યા. એમને સોંપાએલું કામ પૂરી લગનથી બજાવી અનેક સ્થળે સમાજની સ્થાપના કરી. આવી જ એક પ્રચારયાત્રામાં તેઓ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના ફીનિક્સ આશ્રમમાં એમના મહેમાન બનેલા ત્યારે એમની સાદગી ને તપની ગાંધીજી પર ઊંડી અસર પડેલી.

આફ્રિકાથી ઈ. સ. ૧૮૯૭માં ભાઈજી ઇંગ્લૅંડ ગયા. ત્યાં મહર્ષિ દયાનંદના એક પ્રિય શિષ્ય અને ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્માના એ મહેમાન બન્યા. ત્યાં સાપ્તાહિક સભાઓમાં વ્યાખ્યાનો આપવા ઉપરાંત કિંગ્સ કૉલેજમાં ભારતીય ઇતિહાસ અંગે અધ્યયન કરવાના સંદર્ભમાં જ્યારે એમણે ઈસ્ટ ઇંડિયા કંપનીનાં જૂના દફતર તપાસ્યાં ત્યારે એમની આંખ ખૂલી ગઈ. શિક્ષણ સંબંધી એમના વિચારોમાં ક્રાંતિ આવી ગઈ. ભારતમાં પ્રચલિત શિક્ષણ પ્રણાલિને ધરમૂળથી બદલવાના તથા શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીને હટાવવાના મતના તેઓ થઈ ગયા.

વળી લંડનમાં ક્રાંતિકારી વિનાયક સાવરકર તથા રાષ્ટ્રભક્ત લાલા હરદયાળને પણ મળવાનું થતું. હિંદીઓની રાષ્ટ્રીય ભાવના તોડવા અંગ્રેજોએ જે કેળવણી-પદ્ધતિ ચલાવી હતી એની વાતો ભાઈજી પાસેથી સાંભળીને લાલાજી એટલા પ્રભાવિત થએલા કે પોતાને મળતી ત્રણ ત્રણ છાત્રવૃત્તિઓ ત્યજી દઈ એમણે ઑક્સફર્ડમાં ભણવાનું છોડી દીધેલું.

આ જ અરસામાં ભારતમાં રાષ્ટ્રીય જાગ્રતિનો જુવાળ આવ્યો હતો. બંગાળાના ભાગલા સામે સ્વદેશી અને બૉયકૉટનાં આંદોલનો ચાલતાં હતાં. રશિયા પરના જાપાનના વિજયથી લોકોને એક નવી પ્રેરણા મળી હતી. પંજાબમાં લાયલપુર જિલ્લામાં ભૂમિકર ન આપવાની ચળવળ શરૂ થઈ હતી. એ જ ગાળામાં ઈ. ૧૮૫૭ના બળવાની અર્ધ શતાબ્દી આવતી

કારણ? આઝાદીના તલબગાર હિંદી નવજવાનોની સરગર્મીને એમણે જલતી રાખી હતી, 'દેશપ્રેમ' એ એમનો ગુનો હતો. મતવાલા આઝાદી-પરસ્તો ઉપર એમનો પ્રભાવ હતો અને સ્વાતંત્ર્ય ઝંખતી કૉંગ્રેસના નેતાગણમાં એમના પ્રત્યે ઊંડું માન હતું.

'ભાઈ' પરમાનંદ


લેખક - બિહારીલાલ ટાંક

હતી. અંગ્રેજોને ભય પેઠો કે કદાચ આ પ્રસંગે હિંદીઓ એ ક્રાંતિની પુનરાવૃત્તિ કરે તો? એટલે પંજાબની ચળવળના સૂત્રધાર લાલા લજપતરાય અને અજિતસિંહની એમણે ધરપકડ કરીને છેક માંડલેની જેલમાં મોકલી દીધા. આ પગલાથી ઇંગ્લૅન્ડમાં રહેતા ઉદ્દામ મતવાદી વિદ્યાર્થીઓમાં ઊહાપોહ મચી ગયો. આ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયતાની ભાવનાને વધુ ઉત્તેજિત કરવા ભાઈજી ઑક્સફર્ડ ને કેમ્બ્રિજ ગયા અને ત્યાં હિંદી દેશભક્તોની ધરપકડની વિરુદ્ધ રોષ પ્રદર્શિત કરતાં એમણે અનેક વ્યાખ્યાનો આપ્યાં. આમે યે લાલાજી અને ભાઈજી સહકાર્યકરો હતા અને અજિતસિંહ તથા કિશનસિંહ (ભગતસિંહના કાકા અને પિતા) ભાઈજીના ઘનિષ્ઠ મિત્રો હતા. ભાઈજીએ એ વ્યાખ્યાનોમાં અંગ્રેજોએ હિંદીઓ પર ગુજારેલા અત્યાચારોની જે ઝાટકણી કાઢેલી એને લંડનનાં વર્તમાનપત્રોમાં પણ ઠીકઠીક પ્રસિદ્ધિ મળેલી.

આ પછી જ્યારે તેઓ સ્વદેશ આવ્યા ત્યારે અહીંની સ્થિતિ જોઈ એમને અત્યંત દુઃખ થયું. એમણે દેશભરમાં પ્રવાસ કરીને પ્રજામાં જાગ્રતિ આણવા વિચાર્યું અને હિંદુત્વના પ્રસારાર્થે અમદાવાદ, પૂના, બૅંગ્લોર, સાલેમ, મદ્રાસ વગેરે સ્થળોનો પ્રવાસ કર્યો. અહીં એમનાં તીખાં ભાષણો તથા પ્રવૃત્તિઓમાં અંગ્રેજોને જોખમ જણાતાં એમના પર નજર રાખવા માંડી. આ દરમિયાન લંડનમાં રહીને એમણે ડૉક્ટરેટ માટે જે થીસિસ તથા રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી હિંદુસ્તાનનો ઇતિહાસ લખવા માટે જે સામગ્રી તૈયાર કરી હતી એ ભેદી રીતે ચોરાઈ ગઈ! ભાઈજીને એથી ઊંડો આઘાત લાગેલો. એમની પાસે એની બીજી નકલ પણ નહોતી, અને હવે ફરી એ બધી નોંધ ઉતારવી પણ શક્ય નહોતી.

ભારતના પ્રવાસ બાદ તેઓ ૧૯૧૦માં પોતાને ગામ પાછા ફર્યા ને ત્રણેક મહિના પછી જેવા લાહોર આવ્યા એવી જ એમની ધરપકડ કરવામાં આવી ને પંદર હજારના જામીન પર એમનો છુટકારો થયો. પણ ભાઈજીની પ્રવૃત્તિઓથી સરકાર હવે ચેતતી રહેતી હતી. એમણે ઉર્દૂમાં લખેલા 'તવારીખે હિન્દોસ્તાં' ગ્રંથને સરકારે જપ્ત કર્યો અને ત્રણ વર્ષ માટે એમને દેશપાર કરવામાં આવ્યા.

આ હદપારીનો લાભ લઈ એમણે અમેરિકા જઈને ઔષધ-વિજ્ઞાનનો અભ્યાસ કરવા ધાર્યો. પણ આર્ય સમાજની શિક્ષણસંસ્થાઓમાં માત્ર નામનું જ વેતન લઈને સેવાભાવે કામ કરનાર પાસે એ માટે પૈસા ક્યાંથી હોય? છતાં ખિસ્સામાં કેવળ ચોસઠ રૂપિયા લઈ સ્વામી દયાનંદનો આ ફકીર અમેરિકા જવા ઊપડ્યો. જહાજ પર નીચલી ટિકિટના ડેકયાત્રી બની એ ફ્રાંસ પહોંચ્યા. ત્યાં પારી(સ)માં ક્રાંતિકારી સરદારસિંહ રાણાનો એમને મેળાપ થયો ને જાણવા મળ્યું કે લાલા હરદયાલ માર્તિનિકમાં તપસ્યાને માર્ગે વળી ગયા છે. એ વખતે તો એમને મળાય તેમ નહોતું એટલે તક શોધી એ ન્યૂ યૉર્ક પહોંચ્યા. પણ ત્યાં કૉલેજો શરૂ થઈ ગઈ હોઇ પછીના સત્ર સુધી બ્રિટિશ ગિયાનામાં વસતા હિંદીઓમાં સાંસ્કૃતિક પ્રચારાર્થે તેઓ જ્યૉર્જ ટાઉન જવા



સ્વામી દયાનંદે રોપેલા બીજને પોતાની નિર્વ્યાજ સેવા દ્વારા સિંચીને આર્યસમાજમાં તેઓ 'દેવતા સ્વરૂપ' બની રહેલા. એમનાં તપ ને સાદગીએ ગાંધીજીને મુગ્ધ કરેલા. આર્યસમાજ માટે એમણે કામ કર્યું, દેશ માટે ફનાગીરી વહોરી.

નીકળ્યા. માર્ગમાં તેઓ પોર્ટ-દ-ફ્રાંસ માર્તિનિકમાં ઊતર્યા ને ત્યાં લાલા હરદયાળને શોધી કાઢ્યા. દુનિયામાં કંઈક કરવા માટે ગૌતમ બુદ્ધની જેમ તપસ્વી બનવું જરૂરી છે એવા કોઈ ખયાલમાં ત્યારે લાલાજી એ રીતે જીવવા મથી રહ્યા હતા. ભાઈજીએ એમને શિખામણ આપી કે 'જે સિદ્ધિ આપ ઇચ્છો છો એ આમ એકાંતવાસમાં નિષ્ક્રિય તપ કરવાથી નહિ મળે. એ માર્ગ ખરો નથી. એ માટે તો લેખન-પ્રવચન વડે આપના વિચારો લોકો સુધી પહોંચાડવા જરૂરી છે. અમેરિકામાં સ્વામી વિવેકાનંદે આરંભેલું કાર્ય નિષ્પ્રાણ અને શિથિલ થઈ રહ્યું છે. એ કાર્ય આપે ઉપાડી લેવું જોઇએ.' લાલાજીને ગળે એમની વાત ઊતરી ગઈ અને તેઓ પુનઃ સક્રિય બની ગયા. ભાઈજી ત્યાંથી કૅલિફૉર્નિયા અને હોનોલુલુ પણ જઈ આવ્યા અને પછી સાન ફ્રાંસિસ્કોમાં ઔષધ વિજ્ઞાનનો અભ્યાસ આદર્યો અને એનો ખર્ચ કાઢવા જે મળે તે પરચૂરણ મજૂરી સુધ્ધાં એમણે કરી. લાલા હરદયાલને પણ ત્યાં બોલાવી લઈ હિંદુ દર્શન પર એમનાં વ્યાખ્યાનો યોજ્યાં. એની જે સુંદર છાપ પડી એથી સ્ટૅનફર્ડ વિશ્વવિદ્યાલયમાં લાલાજીને હિન્દુ દર્શન તથા સંસ્કૃતિના પ્રાધ્યાપક તરીકેની નિયુક્તિ મળી.

ઔષધ-વિજ્ઞાનની સાથે ભાઈજીએ મનોવિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો અને ઈ. ૧૯૧૩માં ડૉક્ટરેટ મેળવી. બીજી બાજુ હરદયાળજીએ અધ્યાપન કાર્ય છોડી ત્યાં વસતા હિંદીઓમાં રાષ્ટ્રીયતાનો પ્રચાર આરંભ્યો અને હિંદુસ્તાનમાં 'ગદર' આંદોલન શરૂ કરવા એમણે સેન્ટ જ્હૉનમાં એક સંમેલન બોલાવ્યું, જેને અંતે 'હિંદુ એસોસીએશન'ની ને 'આનંદમઠ' નામક એક આશ્રમની સ્થાપના થઈ. ઉપરાંત પંજાબી, હિંદી

અને અંગ્રેજીમાં 'ગદર' નામે એક પત્ર પણ પ્રકટ કરવા માંડચું.

હદપારીની મુદત હવે પૂરી થતી હોઈ ભાઇજીએ સ્વદેશમાં પાછા ફરી લાહોરમાં 'દવાઘર'ની સ્થાપના કરી. પણ પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નર સર માઈકલ ઓ'ડવાયરને શંકા હતી કે એ દવાઘરમાં બૉમ્બ વગેરે તૈયાર થતા હતા! અલબત્ત, ઉદ્દામ વિચારવાળા નવલોહિયા દેશભક્તોનું એ એક મિલનસ્થાન તો હતું જ. ભગતસિંહ, સુખદેવ, યશપાલ, જયદેવ કપૂર, ભગવતીચરણ વગેરે જેવા વિદ્યાર્થીઓમાં ભાઈજી ત્યારે દેશભક્તિ અને બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે ક્રાંતિનો પ્રચાર કરતા રહેતા.

બીજી બાજુ અમેરિકા અને કૅનેડામાં પંજાબી શ્રમિકો વિરુદ્ધ પ્રચાર વધ્યો હતો. વળી, કામાગાટા મારુના બનાવથી પણ શીખોમાં સારી ઉત્તેજના વ્યાપી હતી. આ જ અરસામાં પહેલું મહાયુદ્ધ પણ શરૂ થયું. લાલા હરદયાળના આહ્વાનથી દસ હજાર શીખો ગદરના પ્રચાર અર્થે સ્વદેશ આવવા નીકળ્યા. લાલાજીનો એક વિચાર હિંદી સૈનિકોને ઇંગ્લૅન્ડને માટે લડતા રોકવાનો પણ હતો. પણ ગુપ્તચરો દ્વારા સરકારને આ બધી બાબતોની જાણ થતી રહેતી હતી એટલે જ્યારે આવા કોઈ સરગર્મીવાળા માણસો હિન્દને કિનારે ઊતરતા ત્યારે એમની ધરપકડ કરી તે એમને શિક્ષા કરતી. કરતારસિંહ ને પિંગળે જેવા એમાં યે થાપ આપી દેશમાં પ્રવેશી ગયા, એટલું જ નહિ સરકાર વિરુદ્ધ કામે પણ લાગી ગયા.



યુવાન વયે ભાઈ પરમાનંદ

ભાઈજી, લોકમાન્ય તિલક, સાવરકર તથા લાલા હરદયાળને એક આશા એ હતી કે નેપાલ સ્વતંત્ર દેશ હોવાને કારણે ભારતની સ્વાતંત્ર્યની લડતમાં સહાયતા કરી શકશે. એ સમયે કલકત્તામાં એક સાપ્તાહિક ચલાવી રહેલા મૌલાના અબુલ કલામ આઝાદ પેશાવર જતાં લાહોર ઊતરેલા ત્યારે ભાઈજીએ એમને નેપાલ વિષેનો ખયાલ જણાવ્યો; પણ મૌલાનાનો વિચાર નેપાલના બદલે કાબુલના અફઘાન રાજ્યની સહાય લેવાનો હતો. ભાઈજીનું માનવું હતું કે એમ કરવા જતાં તો હિંદુસ્તાન કાબુલનું ઉપકૃત બની એના ગુલામ જેવું બની જાય.

એ વખતમાં શિવરાત્રિ પર હિંદીઓ વગર મંજૂરીએ નેપાલમાં જઈ શકતા હતા. ભાઈજીએ પોતાના એક સહકારીને એ રીતે નેપાલમાં દાખલ કરી દીધો. લોકમાન્યના મરાઠી સાપ્તાહિક 'ચિત્રમય જગત' દ્વારા એની સાથેનો સંપર્ક થઈ શકતો હતો. એ માણસે ત્યાં એવી ભૂમિકા તૈયાર કરી દીધી કે જે ત્યાર બાદ ત્યાં જનારાઓને સહાયક બની રહે. પણ આ બધાં દરમિયાન સરકાર પણ ભાઈજી અને એમના સહ-કાર્યકરો પર ચાંપતી નજર રાખતી જ હતી. એને એવો વહેમ હતો કે ભાઈજી અને હરદયાળજીને મહાયુદ્ધ શરૂ થવાની એક વર્ષ અગાઉથી જાણ હતી, અને એટલે જ મોકો જોઈ આ બંને જણે સરકાર વિરુદ્ધ ષડયંત્ર રચ્યું હતું. અમેરિકામાંના બ્રિટિશ રાજદૂતે હિંદી સરકારને જણાવેલું કે સેન્ટ જૉર્ડન-સમ્મેલનમાં એવું નક્કી થયું હતું કે અમેરિકામાં ગદર આંદોલન હરદયાલ ચલાવે ને ભારતમાં ભાઈજી. આથી લાહોર કાવતરાના નિમિત્તે ઈ. ૧૯૧૫ના ફેબ્રુઆરીમાં અહીં ભાઈજીની ને અમેરિકામાં હરદયાળની ધરપકડ કરી. લાલાજી તો જામીન પર છૂટી સ્વિટ્ઝરલૅન્ડ ચાલ્યા ગયા, પણ સરકારને મન તેઓ પોતાની પાછળ એવું સુગઠિત આંદોલન કરી ગયા હતા કે જે હિંદમાં મોટો વિદ્રોહ પ્રકટાવી શકે.

લાહોરના કાવતરા ઉપરાંત દિલ્હીમાં લૉર્ડ હાર્ડિંજ પર બૉમ્બ ફેંકવામાં પણ ભાઈજીનો હાથ હોવાનો આરોપ એમના પર મૂકવામાં આવ્યો. એમના પર કેસ ચલાવવા સરકારે ડિફેન્સ ઑવ ઇન્ડિયા ઍક્ટ નામે ખાસ કાયદો કરી બે અંગ્રેજ અને એક હિંદીની ટ્રિબ્યુનલ રચી, જેના ફેંસલા પર અપીલ થઈ શકે તેમ નહોતી. કેસ ચાલ્યો અને કેટલાકને કાળાપાણીની તો અમુકને ફાંસીની સજા થઈ. ટ્રિબ્યુનલમાંના હિંદીએ ભાઈજીને કાળાપાણીની સજા કરવાનો અને બીજા બે અંગ્રેજ સભ્યોએ ફાંસી આપવાનો અભિપ્રાય આપ્યો. જ્યારે સરકારી વકીલ પિટમૅને નિશ્ચિત પુરાવાના અભાવે ભાઈજીને છોડી મૂકવાની સલાહ આપી. પણ અંતે તો ભાઈજીને ફાંસીની સજા ફરમાવાઈ!

દેશ સમસ્તમાં આ સામે ઉગ્ર ઊહાપોહ જાગ્યો. દીનબંધુ સી. એફ. ઍન્ડ્રુઝ અને પંડિત માલવીયજીએ આ અંગે જે જહેમત ઉઠાવી તેના પરિણામે અંતે ભાઈજીની ફાંસીની સજા રદ થઈ અને એમને આજીવન કેદમાં રાખવાનું નક્કી થયું.

અહીં એક પ્રસંગ નોંધવા જેવો છે. ફાંસીની સજાનો ભાઈજીને રજમાત્ર રંજ નહોતો. પણ એમનાં પત્ની એ અંગે અન્ય દેશવાસીઓ ને નેતાઓની જેમ એમની સજા ઘટાડવા માટે અરજી કરવાના મતનાં હતાં. પતિને જેલમાં મળવા ને સમજાવવા તે ગયાં ત્યારે ભાઈજીએ કહ્યું: 'એથી શો અર્થ સરશે? હા, મને ફાંસી મળ્યાનું દુઃખ તારાથી સહ્યું નહિ જાય એ ખરું, પણ એ ક્ષણિક હશે. પરંતુ જો સરકાર મને જીવનભર કાળાપાણીની કેદમાં રાખશે તો હું જીવીશ ત્યાં સુધીની ત્યાંની મારી યાતના તું સહી શકશે? અને ત્યાં આંદામાનમાં તો મારે જીવનભરની નર્કયાતના ભોગવવી પડશે. આથી તને શું આશ્વાસન મળશે?'

'જીવનભરની એ યાતના હું સમજું છું,' પત્ની ભાગસુધીએ જવાબ આપ્યો, 'પણ એ છતાં યે મારા મનમાં એક આશા સદાયે જલતી રહેશે કે કદાચ ક્યારેક ઇશ્વરકૃપાથી મને મારા પતિ પાછા યે મળે.' અને પત્નીના એ આગ્રહને ભાઈજીએ સ્વીકારી લીધો. શહાદતની સરફરોશીના ચાહક એ ન ભૂલે કે એ જાંફેસાની કોઈ અધ્રુવ આવેગથી પ્રેરાએલી પણ હોઈ શકે. સરફરોશીની સામે દેખીપેખીને સ્વીકારેલી જીવનભરની યાતનાઓ જીરવવાની ઠંડી તાકાતનું મૂલ્ય જરા યે ઊણું નથી જ.

આંદામાનના જેલજીવનના નર્કયાતના સમા અનુભવોથી ત્રાસી પાંચ વર્ષ બાદ તેઓ આત્મહત્યાનો વિચાર કરતા થઈ ગયા હતા. 'માણસ જો સ્વતંત્રતાથી પોતાનું કર્તવ્ય પણ ન બજાવી શકે તો એને માટે આત્મહત્યા એ પાપ નથી' એવો એમનો ખયાલ હતો. પરંતુ એ વખતે એમની સાથે જ ત્યાં સજા ભોગવી રહેલા સાવરકર અને આશુતોષ લાહિડી વગેરેની સમજાવટથી છેવટે પોતાનો એ ખયાલ છોડી દઈ તેઓ ચિંતન-અધ્યયનમાં વ્યસ્ત રહેવા લાગ્યા. ક્વચિત્ દેશની દુર્દશા સંભારી છાને ખૂણે આંસુ યે સારી લેતા. આમ છતાં એ જેલની અમાનુષી યંત્રણાઓ પ્રત્યેનો એમનો વિરોધ દબાયો ન રહી શક્યો. એની સામેના એકમાત્ર ઉપાય તરીકે એમણે આમરણાંત અનશન આદર્યું. એમના ઉપવાસ અને એમને બળજબરીથી ખવડાવવાના જેલ-અમલદારોના પ્રયાસો વચ્ચેનો ગજગ્રાહ બે માસ સુધી ચાલ્યો ને હિંદમાં એની જાણ થતાં દેશભરમાં ઊહાપોહ જાગ્યો. દીનબંધુ ઍન્ડ્રુઝે એમના માટે ફરી પ્રયાસો આદર્યા અને છેવટ ઈ. ૧૯૧૯માં સરકારે ભાઈજીને મુક્ત કર્યા.

એમની દેશનિકાલી દરમિયાન એમના પરિવારની જે કરુણાજનક સ્થિતિ થઈ હતી તેનો ચિતાર ઍન્ડ્રુઝે એમના ઘરની લીધેલી મુલાકાતની વાતમાંથી મળે છે. જ્યાં કદી સૂર્યની રોશની પણ નહિ પહોંચી હોય એવી લાહોરની એક અંધારી ગલીમાં એમનાં પત્ની બે બીમાર બાળકો સાથે રહેતાં હતાં. આર્ય સમાજની એક હિન્દી શાળાના માત્ર

સત્તર રૂપિયાના પગાર પર ત્યારે એ બાઈ પોતાનાં બાળકોને નિભાવતી હતી. ભાઈ પરમાનંદને સજા કરવા સાથે એમની માલમિલ્કત જપ્ત કરવામાં સરકારે ઘરનાં વાસણો પણ છોડયાં નહોતાં. આંદામાનથી ભાઈજીએ લખેલા પત્રો પણ ઍન્ડ્રયુઝે જોએલા. એમાં સાચા આત્માનો સંદેશ હતો. એથી યે ઉચ્ચતર યોગ્યતા અને ધર્મના રંગે રંગાએલા એ માણસે પોતાના એ પત્રોમાં ક્યાંયે ક્ષુદ્રભાવ કે ઘૃણાનો એક શબ્દે ય લખ્યો નહોતો. વીરતા, ઉદારતા ને સત્યતાથી રહિત કોઈ વાક્ય એમાં નહોતું.

આંદામાનથી પાછા ફર્યા બાદ લાહોર આવ્યા ત્યારે હજી યે એમના મનમાં નેપાલવાળી યોજનાનો ખયાલ જારી હતો. ગંગોત્રી જવાને બહાને પોતે નેપાલ ચાલ્યા જાય, પાછળ અહીં એમના અવસાનના ખબર ફેલાવાય ને પોતે નેપાલમાં રહીને અંગ્રેજો વિરુદ્ધ દોરીસંચાર કરતા રહે એવો કંઈક વિચાર એમનો હતો. એવામાં કંઈક વિચારવિનિમય માટે ગાંધીજી અને લાલા લજપતરાયે એમને લાહોર બોલાવ્યા. અને પરિણામે સ્વતંત્રતાની સિદ્ધિ માટે ઉચ્ચ ચારિત્ર્યની પણ એટલી જ જરૂર સમજી ભાઈજીએ ગાંધીજી ને લાલાજી વગેરે સાથે મળી લાહોરમાં 'પંજાબ કૌમી વિદ્યાપીઠ' તથા 'રાષ્ટ્રીય શિક્ષા સમિતિ'ની સ્થાપના કરી. અહીં 'કૌમી' એ કોઈ નીતિ નિર્દેશતો નહિ પણ હિંદી રાષ્ટ્રીયતાનો સૂચક શબ્દ છે. આ સમિતિ અને સંસ્થાના પ્રમુખ તેમજ કુલપતિ તથા ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે એમણે વર્ષો સુધી અવૈતનિક સેવાઓ આપી હતી. લાલાજીની સ્થાપેલી 'સર્વન્ટ્સ ઑવ ધ પીપલ સોસાએટી'નું પણ એમણે લાંબા સમય સુધી સંચાલન કરેલું.

એ દિવસોમાં કૉંગ્રેસમાં ભાઈજીનું ઘણું માન હતું. ગાંધીજી, લાલાજી વગેરે અનેક બાબતોમાં એમની સાથે વિચારવિનિમય કરતા. પણ સાંપ્રદાયિક સમસ્યા પર એમનો અભિપ્રાય ગાંધીજીથી તદ્દન ભિન્ન હતો. સંપ્રદાયવાદી મુસલમાનોને કોરો ચેક આપી એમને રાષ્ટ્રભક્ત બનાવવામાં તેમને શ્રદ્ધા નહોતી. રાજકીય ચળવળ સાથે ધાર્મિક બાબતોને સાંકળવાના તેઓ વિરોધી હતા. પણ અંગ્રેજ સરકારે ગાંધીજીની નીતિનો લાભ ઉઠાવી બંને કોમો વચ્ચે વૈમનસ્ય વધારવા માંડયું, મુસ્લિમ સાંપ્રદાયિકતા સામેની ભાઈજીની ચેતવણીની ગાંધીજીથી પ્રભાવિત કૉંગ્રેસ પર અસર પડી નહિ, અને એથી દુ:ખી થઈ એમણે કૉંગ્રેસ છોડી દીધી. લાલાજી અને માલવીયજી પણ ભાઈજીના જ પક્ષમાં હતા. ઈ. ૧૯૨૨માં 'હિંદુ મહાસભા'ની સ્થાપનામાં એમનો સૌનો મોટો હિસ્સો હતો. દિલ્હીના દૈનિક 'હિંદુસ્તાન ટાઈમ્સ' અને હિંદી 'હિંદુસ્તાન'ની સ્થાપના પાછળ પણ એમનું ભારે યોગદાન હતું. ઈ. ૧૯૩૩માં રામ્સે મૅક્ડોનાલ્ડે આપેલા 'કૉમ્યુનલ ઍવૉર્ડ'નો પણ ભાઈજીએ સખત વિરોધ કર્યો. હિન્દુ અસ્મિતાની એમની તમન્ના ઉત્તરોત્તર વધતી ગઈ અને ઈ. ૧૯૩૫માં એમણે દિલ્હીમાં 'હિન્દુ મહાસભા ભવન' બનાવ્યું.

એમણે ત્યારે જ કહેલું કે 'કૉંગ્રેસે અખત્યાર કરેલો માર્ગ જારી રહેશે તો દેશના ભાગલા પડી જશે... આ નીતિ હિંદુ કે મુસલમાન કોઈને માટે હિતકારી નથી.' પણ કૉંગ્રેસની સિદ્ધિઓથી પ્રભાવિત લોકોએ એમના એ કથન પર લક્ષ આપવાને બદલે એમનો ઉગ્ર વિરોધ કર્યો, એમની સભાઓ તોડી ને કાળા વાવટા પણ ફરકાવ્યા. પણ અંતે ખરેખર દેશના ભાગલા પડયા જ, એટલું જ નહિ એક જ દેશના લોકોમાં કાપાકાપી ને લૂંટફાટ ચાલી. ભાઈજી માટે આ બધું અસહ્ય હતું. પાકિસ્તાનના સર્જન પહેલાં ઑગસ્ટના આરંભમાં જ તેઓ લાહોરથી હરદ્વાર ને ત્યાંથી પછી દેહરાદૂન ચાલ્યા ગયા. ત્યાં એમની તબિયત બગડી. એમને જલંધર લઈ જવામાં આવ્યા. દેશના ભાગલાનો આઘાત એમને માટે જીરવવો કઠિન થઈ પડયો. ખાવુંપીવું એમને મન હરામ થઈ જતાં એમણે એ છોડી જ દીધું. જીવવામાં એમને હવે કોઈ રસ નહોતો. મૃત્યુને એમણે હવે નોતરું દઈ દીધું હતું. અને એ આવ્યું. ઈ. ૧૯૪૭ની ૮મી ડિસેમ્બરે એમનું અવસાન થયું. □

લઘુકથા

શ્રીયુત અગમરત્ન

તારલ મજેવડીકર

એપ્રિલના અંતભાગના બળબળતા ઉનાળામાં એસ. એસ. સી.ની પરીક્ષા પૂર જોશમાં ચાલુ હતી. (નવનિર્માણ ઝિંદાબાદ!) નિર્વિકાર, નચિંત અને ગભરુ પરીક્ષાર્થીઓના લાભાર્થે ચિંતાતુર વાલીઓ, 'સેવાભાવી' શિક્ષકો અને મિત્રોની દિનરાત દોડધામ પણ અવિરત ચાલુ હતી. આવા એક સમયે શ્રીયુત અગમરત્ન બી. એ., બી. એડ્., ડી. પી. એડ્., ડી. બી. એડ્., એસ. ટી. સી., સેવકભૂષણ વગેરે વગેરે વગેરેના બારણે રાતના નવ વાગ્યે હળવા ટકોરા પડયા. શ્રીયુત અગમરત્ન થોડી વાર પહેલાં જ બહારથી આવ્યા હતા અને જમવા બેસવાની તૈયારી કરતા હતા. આગંતુકે કહ્યું : 'આટલું પેપર કરાવી દો ને સાહેબ. કાલે પરીક્ષામાં આવવાનું છે. બેઠું પેપર છે.'

અણગમો, આશ્ચર્ય, ઉદ્વેગ વગેરેના ભાવ શ્રીયુત અગમરત્નના મોં પર સિનેમાની સ્લાઈડની જેમ બદલાતા રહ્યા. પછી છોકરાને બાજુના ઓરડામાં બેસાડયો અને બન્ને પેલા કાગળિયામાં ખૂંપી ગયા. કલાક પછી જ્યારે વિદ્યાર્થી આભાર માની 'તમે જોજો. આ કાગળિયું તમારી પાસે રાખો. બેઠું પેપર ન આવે તો તમારે મને જે કહેવું હોય એ કહેજો'–કહી રવાના થયો ત્યારે જાણે શ્રી અગમરત્નની ઊંઘ પણ સાથે લેતો ગયો.

'સાલો ભ્રષ્ટાચાર... આનું કંઈક તો કરવું જ જોઈએ!'–કહી તેઓ બહાર જવાનાં કપડાં ચડાવવા લાગ્યા.

પત્ની : 'આવું તો બધે જ ચાલે છે. આખું આભ ફાટયું હોય ત્યાં થીગડું ક્યાં દેવા જવું? અને જવું જ હોય તો મહેરબાની કરીને જમીને જાઓ.'—પણ આવું સાંભળવા થોભે તો શ્રીયુત અગમરત્ન શાના?

જ્યારે તે ઘેર પાછા ફર્યા ત્યારે બરાબર બે ઉપર ત્રીસ મિનિટ થઈ હતી! પત્નીએ આંખો ચોળતાં પૂછયું : 'આટલું મોડું? સાચું કહો, કંઈ ઉપાધિ તો...?' બૂટની દોરી છોડતાં તે બોલ્યા : 'ગાંડી જ છે ને! આઠ આઠ ટ્યુશનવાળાને આ કાગળિયું લખાવતાં અને સમજાવતાં મોડું તો થાય જ ને!' □

ભારતની સંરક્ષણ સેનાઓ

લેખક · રતિલાલ છ. શાહ



[૧] આપણી ભૂમિસેના

◁ ભારતની ભૂમિ સેનાની સંજ્ઞા

સ્વાતંત્ર્ય પહેલાં હિંદુસ્તાન બ્રિટિશ સામ્રાજ્યનું એક અંગ ગણાતું. એના સંરક્ષણ માટે ગોરા સર સેનાપતિ 'કમાન્ડર ઈન ચીફ'ના હાથ નીચે ખુશ્કી, તરી ને હવાઈ દળો હતાં. વાઇસરૉયની કાઉન્સિલમાં સંરક્ષણસભ્ય તરીકે પણ એને કામગીરી બજાવવાની રહેતી. આ સર સેનાપતિના પદ પર હિંદીની નિમણૂક થતી નહિ. સરળતા માટે કમાન્ડર ઈન ચીફના હાથ નીચે ઍજ્યુટન્ટ જનરલ, ક્વાર્ટર માસ્ટર જનરલ, ચીફ મેડિકલ ઑફિસર અને સેક્રેટરી તથા નાયબ સેક્રેટરી દ્વારા લશ્કરી સાજસરંજામ, પુરવઠો, પરિવહન અને પગારની ચુકવણી વગેરેની વ્યવસ્થા થતી. આ ઉપરાંત એક લશ્કરી ઈજનેરી ખાતું પણ કામ કરતું.

છેક કંપની સરકારના રાજવહીવટ સાથે સ્થપાએલા અને ઉત્તરોત્તર ફેરફાર તથા વિકાસ સાથે લગભગ બે સદીનો દીર્ઘ ઇતિહાસ ધરાવતા આ લશ્કર ઉપરાંત, ઈ. ૧૯૩૪થી 'ધી રૉયલ ઇન્ડિયન નેવી' તરીકે ઓળખાતું નૌકાદળ પણ હતું. એનું મુખ્ય મથક અગાઉ મુંબાઈમાં હતું, પણ ઈ. ૧૯૪૦થી એ સિમલા ખાતે ખસેડાએલું. કમાન્ડર ઈન ચીફની સત્તા તળે અને માર્શલના હાથ નીચે ઈ. ૧૯૩૩થી એક હવાઈ દળ પણ હતું જે 'રૉયલ અને ફોર્સ' તરીકે ઓળખાતું. હિંદુસ્તાનની વાયવ્ય સરહદ પરના લડાયક પઠાણો પર કાબૂ રાખવા માટે મુખ્યત્વે એનો ઉપયોગ થતો.

પણ સ્વાતંત્ર્ય સમયે દેશની સાથે હિંદી સૈન્યોના પણ ભાગલા પડયા. ગુરખા દળ સિવાયના સૈન્યની ૧૫:૮ના પ્રમાણમાં વહેંચણી થઈ એમાં ભારતને ૬૪ અને પાકિસ્તાનને ૪૫ પલટનો (બૅટલિયનો) મળી. ત્યાર પછી આપણી ભૂમિસેનાની જે વ્યવસ્થા સ્વીકારવામાં આવી છે તેનો આછો શો પરિચય આપવાનો અહીં ઉદ્દેશ છે.

ભારતના સંરક્ષણ દળની ત્રણે પાંખના સર્વોચ્ચ અધિકારી દેશના રાષ્ટ્રપતિ છે, અને રાષ્ટ્રીય સંરક્ષણની જવાબદારી મંત્રીમંડળ (પ્રધાનમંડળ) પર છે. દેશની સુરક્ષા સંબંધી બધી જ મહત્ત્વપૂર્ણ બાબતોનો નિર્ણય આ મંત્રીમંડળની રાજનીતિક બાબતોની સમિતિ દ્વારા લેવાય છે. વડા પ્રધાન આ સમિતિના અધ્યક્ષ ગણાય છે. દેશની સુરક્ષા અંગેની બધી બાબતો માટે રક્ષામંત્રી સંસદ પ્રત્યે જવાબદાર ગણાય છે. સેનાઓનું શાસન અને વહીવટના નિયંત્રણની જવાબદારી રક્ષા મંત્રાલય અને સેનાઓની ત્રણે શાખાનાં મુખ્ય કાર્યાલયો પર છે. સેનાઓની આ ખુશ્કી, તરી અને હવાઈ એ ત્રણે શાખાઓનું કાર્ય તથા ત્રણે સેનાઓના સમુચિત વિકાસ સરળતાથી ચાલે તેની જવાબદારી રક્ષા મંત્રાલય પર છે. સરકાર જે કંઈ નીતિવિષયક નિર્ણયો કરે તેની જાણ આ ત્રણે શાખાના મુખ્ય મથકોને કરતા રહેવાની અને તે પ્રમાણે તેનો અમલ કરવાની તથા સંરક્ષણ અંગે જે કંઈ ખર્ચ જરૂરી હોય તે સંસદ સમક્ષ રજૂ કરી તેની મંજૂરી મેળવવાની જવાબદારી પણ આ મંત્રાલયની છે.

સંખ્યાબળની દૃષ્ટિએ આપણી ભૂમિસેના દુનિયાની ચોથા નંબરની વિશાળ સેના છે. બે સદી જેટલા લાંબા એના ઇતિહાસમાં એને બબ્બે વિશ્વયુદ્ધમાં લડયાનો અનુભવ છે. સાતસાત વખત એણે દેશની આઝાદી ને શાનના રક્ષણ માટે હથિયાર ઉઠાવ્યાં છે. રેલસંકટો અને દુષ્કાળ જેવી કપરી સ્થિતિઓમાં એ પ્રજાને પડખે ઊભી રહી છે. સંયુક્ત રાષ્ટ્રો વતી અનેક દેશોમાં શાંતિ સ્થાપવાની એણે પ્રશસ્ય કામગીરી બજાવી દેશનું ગૌરવ વધાર્યું છે. અપૂર્વ શૌર્ય માટે અનેક વિક્ટોરિયા ક્રૉસ જીત્યા છે. દુનિયાના કોઇ પણ લશ્કર કરતાં એની નીતિમત્તા સદાય ઊંચી રહી છે. અન્ય વિકસિત દેશોની સરખામણીમાં શસ્ત્રસરંજામની દૃષ્ટિએ ઘણી રીતે ઊણી હોવા છતાં પોતાનાં બુદ્ધિકૌશલ, લડાયક જુસ્સો, દેશભક્તિ અને શૌર્યથી એણે આપણા દેશનું નામ ઉજાળ્યું છે.

લગભગ બસો વર્ષ પહેલાં 'ઈસ્ટ ઈંડિયા કંપની'એ પોતાનાં મથકોની રખેવાળી માટે રાખેલાં સ્થાનિક સિપાઇઓનાં દળથી હિંદી લશ્કરનો ઇતિહાસ આરંભાય છે. કંપનીની કામગીરી વધવા સાથે એનાં ત્રણ મુખ્ય મથકો–કલકત્તા, મદ્રાસ અને મુંબાઈ–માં જરૂર મુજબ કાયમી લડાયક સૈન્યો રહેવા લાગ્યાં. આ બધાંની એકસરખી વ્યવસ્થા માટે ઈ. ૧૭૪૮માં મેજર સ્ટ્રિંગર લૉરેન્સના સર સેનાપતિ સમા કમાન્ડર ઈન ચીફના હોદ્દા તળે મુખ્ય ત્રણ વિભાગમાં હિંદી સૈન્યની નવરચના થઈ. ઈ. ૧૭૫૭માં કલાઇવે સૈન્યમાં ગણવેશ દાખલ કર્યો અને એકએક પલટન દીઠ ૨૨ જેટલા ગોરા અફસરો નીમી સૈનિકોને પશ્ચિમી ઢબે શિસ્તબદ્ધ તાલીમ આપવાની વ્યવસ્થા કરી. વધુકા ગોરા અમલદારો અને એમની વિશાળ સત્તાઓને કારણે હિંદી અમલદારોનું વર્ચસ્વ તદ્દન મટી ગયું



જનરલ ઑફિસર્સ અને કર્નલ તથા બ્રિગેડીઅરનાં કૅપબૅજ ▷
સામેના પૃષ્ઠ પર અફસરોના ગણવેશમાં ખભા પર લગાડવાની સંજ્ઞાઓ

આપણી ભૂમિસેના, નૌ સેના ને વાયુસેનાના સેનાધ્યક્ષો અનુક્રમે જનરલ, ઍડમિરલ અને એર ચીફ માર્શલ તરીકે ઓળખાય છે. એ ત્રણ પૈકી પ્રથમ ભૂમિસેનાની રચના જોઈએ.

એનું મુખ્ય કાર્યાલય જનરલના હાથ નીચે નવી દિલ્હીમાં કામ કરે



ફૉર્મેશન સંજ્ઞાઓ : ૧ આર્મી હેડક્વાર્ટર, ૨ ઈસ્ટર્ન કમાન્ડ, ૩ સધર્ન કમાન્ડ, ૪ વેસ્ટર્ન કમાન્ડ અને ૫ સેન્ટ્રલ કમાન્ડ

અને અન્ય અનેક પ્રશ્નો પણ ઊભા થવા લાગ્યા. પરિણામે લશ્કરમાં અ-સંતોષ પ્રસરવા લાગ્યો. ઈ. ૧૮૨૪માં લશ્કરની પુનર્રચના થઈ તેમાં યે ગોરાઓનું વર્ચસ તો રહ્યું જ. બીજી બાજુ કંપનીનો શાસન વિસ્તાર ઘણો વધી જતાં એક પ્રાંતના સૈન્યને બીજા પ્રાંતમાં પણ લડવા જવું પડતું ને લડાઈ પત્યા પછી યે લાંબા સમય સુધી સૈનિકોને ઘરથી દૂર રહેવું પડતું. વળી, એની સામે એમનો દરમાયો પણ અપૂરતો હતો. આ રીતે બંગાળાના સૈનિકોને વધુ વેઠવું પડેલું. ઈ. ૧૮૫૭ના બળવાનાં પ્રેરક બળોમાં લશ્કરમાં ફેલાએલો આવો અસંતોષ પણ હતો.

બળવા પછી બદલાએલી રાજ્યવ્યવસ્થામાં કંપનીનાં બધાં હિંદી સૈન્યોને તાજની સત્તા તળે એક કરી ઈ. ૧૮૬૧માં હિંદી ભૂમિસેનાને માન્યતા અપાઈ. લશ્કરની આ નવી રચનામાંથી તોપદળ કમી કરાયું. અને ગોરા અફસરોની સંખ્યા પલટન દીઠ બાવીસના બદલે છ છની રખાઈ. આ દરમિયાન ઘણી વાર કંપની સરકાર દેશી રાજ્યોનાં હયદળોનો ઉપ-યોગ પણ કરતી. ઈ. ૧૭૮૪થી એણે પોતાનાં હયદળ પણ ઊભાં કરેલાં. આ રીતે બળવા પછીની નવરચના બાદ પ્રાંતીય સૈન્યો ચાલુ રહેવા સાથે 'પંજાબ ફ્રન્ટીઅર ફોર્સ'તથા 'હૈદરાબાદ કન્ટીજન્સી' જેવાં બે ખાસ સૈન્યો સાથે હિંદી લશ્કરમાં ૪૨ અશ્વદળો અને ૧૪૨ પાયદળ પલટનો તથા ૩ ઈજનેરી દળ મળી હિંદી સૈન્યનું સંખ્યાબળ ૧,૩૫,૦૦૦ જેટલું હતું.

અફઘાન વિગ્રહ (૧૮૭૮થી'૮૦) પછી હિંદી સૈન્યની પુનર્વ્યવસ્થા માટે એક સમિતિ રચાઈ. એની ભલામણો મુજબ શસ્ત્રસરંજામ માટે ઑર્ડનન્સ ખાતું તથા અન્ય પુરવઠા, પરિવહન અને પગાર વગેરે માટે અલગ ખાતાંની રચના થઈ. 'પંજાબ ફ્રન્ટીઅર ફોર્સ'ને ઈ. ૧૮૮૬થી કમાન્ડર ઈન ચીફ્ની સત્તા તળે મૂકવામાં આવ્યું. પલટનો (બૅટેલિયનો)ની નવી રચના થઈ. આગળ જતાં અનામત લડાયક દળોની પણ રચના થઈ.

લૉર્ડ કિચનર ઈ. ૧૯૦૨માં કમાન્ડર ઈન ચીફ બનતાં એણે પ્રાંતીય મર્યાદાઓ દૂર કરીને અખિલ હિંદના ધોરણે લશ્કરની પુનર્રચના કરી અને અનેક વહીવટી ફેરફારો કર્યા.

પહેલા વિશ્વયુદ્ધ વખતે ઈ. ૧૯૧૪માં ૧,૫૫,૦૦૦ના સંખ્યાબળ-વાળુ હિંદી લશ્કર ઈ. ૧૯૧૮માં ૫,૭૩,૦૦૦ની સંખ્યા સુધી પહોંચેલું.

ઈ. ૧૯૨૧માં ગુરખા રેજિમેન્ટ સિવાયના પાયદળમાં નવેસરથી રેજિમેન્ટો રચાઈ. દરેક રેજિમેન્ટમાં છ છ બૅટેલિયનો મૂકી અને એમાંની એક પર પુરવઠા અને તાલીમની જવાબદારી નંખાઈ. ઈ. ૧૯૨૩માં બે અશ્વદળો અને છ પાયદળ પલટનોનું સંપૂર્ણ હિંદીકરણ થયું. ઈ. ૧૯૩૩માં વધુ એક હયદળ ને બીજી છ પાયદળ પલટનો સાથે ઈજનેરી અને સંદેશ-વ્યવહારનાં એકમોનું હિંદીકરણ થયું.


ઈ. ૧૯૩૧માં હિંદી નાગરિકોને લશ્કરી અમલદારીની તાલીમની વ્યવસ્થા થઈ. ઈ. ૧૯૩૫માં સૈન્યમાં ફરી તોપદળ દાખલ થયું. પગાર અને પેન્શનના દર સુધાર્યા. વૈદ્યકીય સારવારની વ્યવસ્થા થઈ અને એ સમયના બ્રિટિશ સૈન્ય જેવાં જ હથિયારો અપાતાં હિંદી લશ્કર હવે અન્ય પશ્ચિમી દેશોની હરોળમાં ઊભું થઈ તે રીતે સજ્જ બન્યું.

જરૂર પડ્યે લશ્કરને સહાય કરી શકે એ માટે સ્વૈચ્છિક ધોરણે પ્રાદેશિક દળની રચના તો છેક ઈ. ૧૯૨૦માં દાખલ થઈ હતી અને એ જ રીતે સ્થાનિક કામગીરી ઉઠાવી શકે તેવા સહાયક દળની પણ રચના કરાઈ હતી. વળી, સમગ્ર બ્રિટિશ કૉમનવેલ્થમાં નહોતી એવી એક વિ-શેષ જવાબદારી પણ હિંદી લશ્કર પર હતી. જરૂર પડ્યે એ મુલકી વ્ય-વસ્થામાં પણ સેવા આપતું.


આઝાદી આવતાં દેશની સાથે આપણા લશ્કરના પણ ભાગલા પડ્યા. આજે દેશના સંરક્ષણ માટેની એની જવાબદારી જરા યે કમ નથી. ચીની આક્રમણના અનુભવ પછી આપણા લશ્કરને બધી જ રીતે સુસજ્જ બનાવી દેવાયું છે. ઉત્તર ચીન-પાકિસ્તાન સાથેની લગભગ ૧૦,૦૦૦ માઈલની લાંબી સરહદની રક્ષાનો ભાર એના પર છે. આ સાથે ૩૫૩૦ માઈલની સાગર કંઠારના સંરક્ષણમાં પણ એનો એટલો જ સાથ છે. આ માટે પાંચ કમાન્ડમાં વહેંચાએલા આપણા ભૂમિદળમાં બે આર્મ્ડ ડિ-વિઝન, પાંચ સ્વતંત્ર આર્મ્ડ બ્રિગેડ, ચૌદ પાયદળ ડિવિઝન, અગિયાર માઉન્ટન ડિવિઝન, છ સ્વતંત્ર પાયદળ ડિવિઝન, એક ખાસ બ્રિગેડ અને વીસ આર્ટિલરી બ્રિગેડો છે.

આમ, પૃથ્વીની છઠ્ઠાભાગની માનવવસ્તીવાળા આપણા વિશાળ દેશ-ની સુરક્ષાનો ભાર આપણા લગભગ ૮,૯૦,૦૦૦ જવાનો પર છે. એમાંના અર્ધોઅર્ધ ૪,૫૦,૦૦૦-તો પોતાના ઘરબારથી દૂર સતત આપણી સી-માની ચોકી કરી રહ્યા છે.

—સંપાદકીય



ડાબી) જનરલ (જમણી ડા.) લેફ. જનરલ (જ. ડા.) મેજર જનરલ (જ. બ્રિગેડીઅર કર્નલ લેફ્.કર્નલ



મેજર કૅપ્ટન લેફ્ટેનન્ટ સેકન્ડ લેફ્ટેનન્ટ સૂબેદાર મેજર સૂબેદાર નાયબ સૂબેદાર

છે. જનરલની સહાયમાં એક સે-નાધ્યક્ષ તથા ચાર અન્ય મુખ્યા-ધિકારી હોય છે: ઉપસેનાધ્યક્ષ, ઍજ્યુટન્ટ જનરલ, ક્વાર્ટર મા-સ્ટરજનરલ, અને માસ્ટર જનરલ ઑવ ઑર્ડનન્સ. આ ઉપરાંત, સૈ-ન્યની બે અન્ય શાખાઓના મુખ્ય અફસર—એન્જિનીઅર ઈન ચીફ તથા સૈનિક સચિવ પણ જનરલની સહાયમાં રહે છે.

આપણી સેના મુખ્ય પાંચ વિભાગોમાં વહેંચાએલી છે: ઈસ્ટર્ન કમાન્ડ, વેસ્ટર્ન કમાન્ડ, નૉર્ધર્ન કમાન્ડ, સધર્ન કમાન્ડ ને સેન્ટ્રલ કમાન્ડ. દરેક કમાન્ડ લેફ્ટેનન્ટ જનરલના પદધારી 'જનરલ ઑફિ-સર કમાન્ડિંગ ઈન ચીફ'ના હાથ નીચે કામ કરે છે. (અનુ. પૃ. ૨૫૬)



હવાલદાર નાયક લાન્સ નાયક

અભિજ્ઞતા

'વનફૂલ'ની એક બંગાળી વાર્તા ઉપરથી - અનુવાદ: સુકન્યા ઝવેરી

ત્યારે હું સરકારી નોકરી કરતો. એક મોટા શહેરની સિવિલ હૉસ્પિટલનો ભાર માથે હતો. એક દિવસ બાજુબાજુના કૉટેજમાં બે રોગી દાખલ થયા. રોગી જોડે તો રોજિંદો વ્યવહાર જ. વિવ્રત થવાની વાત જ નહિ. પણ આ બે પેશન્ટને લીધે તો જરા વધારે-પડતો વિવ્રત થઈ ઊઠ્યો; કારણ રોગીઓ નહિ—રોગીના પિતાઓ.

એક જણ દાક્તર. મારી ભૂલચૂક પકડવા સદા ખડે પગે. બીજાનો શો વ્યવસાય હતો તેની તો મને જરા ય ક્યારે ય ખબર નહોતી પડી;–પણ બીચારા નખશિખ સદ્‌ગૃહસ્થ. ભલા માણસ. દરરોજ સંધ્યા, ગીતા-પાઠ વગેરે કરતા. ઉંમરમાં મારા કરતાં ઘણા મોટા. માથાના વાળ બધા જ પાકી ગયા'તા. પણ હું જેવો રૂમમાં દાખલ થાઉં કે પોતે ઊભા થઈ જતા. અને બેચાર પ્રશ્ન પૂછે તો તે ય સ-સંકોચ. અતિશય સજ્જન. એમનાથી વિવ્રત થવાનું કારણ એમની અતિશય નિર્ભરશીલતા. એક ભદ્ર પુરુષ સંપૂર્ણપણે મારા ઉપર ભરોસો રાખી બેઠા હતા. મારા એકે-એક નિર્દેશનું મૂગામૂગા અક્ષરેઅક્ષર પાલન કરતા. જરા યે અકળામણ નહિ. રોગી તેમનો એકનો એક પુત્ર, અને રોગ ટાઈફૉઈડ.

બંને કેસ ટાઈફૉઈડના હતા. દાક્તરસાહેબના પુત્રની ચિકિત્સા દાક્તર સાહેબની સલાહ લઈને કરતો હતો. તો ય તેમને સંતુષ્ટ કરી શકતો ન હતો. તેઓ અતિ આધુનિક એક વિલાયતી મેડિસિનની બુક પ્રમાણે દવા કરવા ઇચ્છતા હતા અને અમારી ઇસ્પિતાલમાં એટલી બધી જોગવાઈ હતી નહિ. તેઓ ચાલુ અફસોસ દર્શાવતા જ રહેતા: 'આના કરતાં તો કલકત્તા લઈ જાત તો સારું હતું.' કલકત્તા ગયા નહિ, પણ લગભગ બધો સરંજામ તેઓએ કલકત્તાથી મંગાવી લીધો હતો—ટપાલ દ્વારા, તાર દ્વારા, રેલ દ્વારા, લોકો દ્વારા. પત્ર દ્વારા તેમણે કલકત્તાના બેચાર પ્રસિદ્ધ ડૉક્ટરોની સલાહ પણ મંગાવી લીધી હતી. એ સજ્જન આ શહેરની ખામીઓ શોધવામાં લેશમાત્ર બાકી રાખતા નહિ. જ્યારે પાસેની કૉટેજના વૃદ્ધ એકદમ નિર્વિકાર. કોઈ અશોભન આડંબર નહિ; કોઈ અહેતુક વ્યગ્રતા નહિ. એકલા જ નીરવે, ને નિપુણ હસ્તે સેવાચાકરી કરી રહ્યા હતા. જે હું કહેતો તે કશી પણ ચર્ચા વિના બિનચૂક કર્યે જતા.

દાક્તરસાહેબને હું પહેલેથી ઓળખતો. તેઓ પાસેના ગામમાં પ્રૅક્ટિસ કરતા. તેમનો દીકરો અહીં હૉસ્ટેલમાં રહી કૉલેજમાં ભણતો હતો. હૉસ્ટેલમાંથી જ તાવમાં પટકાયો હતો. એકદમ તાવ વધી જવાથી અને બીજે ખસેડી ન શકાય એવી વિપદજનક સ્થિતિને લીધે જ તેઓએ મારી જ સલાહથી આ હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો. હું દિવસમાં ઓછામાં ઓછું દસ વાર જઈને રોગીને તપાસતો. જરાક ટૅમ્પરેચર વધે, જરાક વધુ વાર આંખ બંધ કરી પડી રહે, જરાક બેચેન થાય, જરાક ખાંસી ખાય કે લાગલો જ મને બોલાવવામાં આવતો. દરેક વાર જતો અને પ્રત્યેક વાર સાંભળતો: 'અરે, યોગ્ય સમયે જો હું એને કલકત્તા લઈ જઈ શકત.' એમનાં પત્નીનો અફસોસ તો વળી એથી યે વિશેષ.

વૃદ્ધ આ પ્રદેશમાં નવા આગંતુક હતા. આ પહેલાં ક્યારે ય જોયા નહોતા. પૂછતાં જાણવા મળ્યું હતું કે એમના પુત્રની નોકરી માટે અહીં આવી ધર્મશાળામાં ઊતર્યા હતા, ત્યાં જ છોકરાને તાવ આવ્યો. અને તાવ વધી જતાં તેને હૉસ્પિટલમાં દાખલ કર્યો'તો. બંનેનો ટાઈફૉઈડ, પોતાના અપ્રતિહત પ્રતાપ અને અનિવાર્ય ગતિ સાથે વધતો જતો હતો!

એક વાર મધરાતે તેડું આવ્યું: 'જલ્દી આવો! એકદમ જલદી!' દાક્તરસાહેબ પોતે જ હાંફળાફાંફળા થતા બોલાવવા આવ્યા'તા 'હેમરેજ શરૂ થયો છે, ચાલો જલદી—'

પ્રાય: દોડતો જ ગયો. હેમરેજ-નિવારણના સર્વે ઉપાય અજમાવ્યા. છતાં પણ આ કાંડ, દારુણ, સીવીઅર હેમરેજ...

દાક્તર સાહેબે પૂછ્યું: 'વિટામીન "સી"ની બીજી ઍમ્પ્યુલ છે? અમારી પાસેની જે બધી કલકત્તાથી લાવ્યા હતા તે તો ખલાસ થઈ ગઈ છે—' 'ના.' મેં કહ્યું.

'ત્યારે કૉંગો રેડ?' 'ના.'

'શહેરમાં પણ કોઈ દુકાનમાં નથી. સાંજના તપાસ કરી હતી. ભૂલ થઈ ગઈ. કલકત્તાથી લાવી રાખત તો સારુ હતું!' થોડી વાર ચૂપ રહી સક્ષોભ બોલ્યા: 'ઓહ! એકદમ ઍકવર્ડ જગ્યા!'

ડરતાં ડરતાં પૂછ્યું: 'મોર્ફિન દઇએ તો?'

'મોર્ફિન દીધું, કૅલ્સ્યમ દીધું, સીરમ દીધું, સ્ટીપ્ટીસીન દીધું—એ પછી જ હું તમારી પાસે આવ્યો 'તો—'

બીજું કશું જ કરવાનું નહોતું. આઈસબૅગ પેટ પર મૂકેલી હતી. ચૂપચાપ ઊભો રહ્યો. દાક્તર સાહેબે ફરી પૂછ્યું: 'અહીં ક્યાંય કૉંગો રેડ મળશે? ડૉ. ભાદુરી તો ખૂબ જ અપ-ટુ-ડેટ. તેમની પાસે નહિ હોય?'

'ખબર નથી.' 'ટ્રાઈ કરી જોઉં.'...તેઓએ એક મોટરસાઈકલની વ્યવસ્થા પણ કરી હતી. થોડી જ વારમાં એનો અવાજ—ગર્જના સંભળાઈ. ફટ-ફટ-ફટ અવાજ સાથે તેઓ રાત્રિના અંધકારને ચીરતા કૉંગો રેડની તલાશમાં નીકળી પડ્યા...

...મૃત્યુકાળે પુત્રને મળી શક્યા નહિ. પુત્રની મા માથા પાસે બેઠાં હતાં ખરાં, પણ તેમના મુખમાંથી મૃત્યુ-પથ-યાત્રીના કાનમાં આશ્વાસનનો શબ્દ પણ પડ્યો નહિ! બેઠાં હતાં તેટલી વાર કેવળ હાહાકાર ચાલુ હતો: 'આમ નિરૂપાય અવસ્થામાં એનો પ્રાણ જશે એ તો સ્વપ્નેય ધાર્યું નહોતું—બાપ—' થોડી જ વારમાં જે ચિરકાળ માટે સંસાર છોડી ચાલ્યો જવાનો હતો. તેના કાન પાસે સતત એ જ આર્તનાદ...

તેને બીજે દિવસે તેઓ ચાલ્યાં ગયાં, 'થૅંક્સ' તો બાજુએ રહ્યા, પણ જાણે હું જ અપરાધી ન હોઉં!

બે દિવસ પછી હૉસ્પિટલની નર્સે આવી મને કહ્યું કે કૉટેજ-વૉર્ડના બીજા ટાઇફોઈડના પેશન્ટની કંડિશન સારી નહોતી. સાંજથી નાડી વધુ ખરાબ થઈ હતી-ગ્લુકોઝ ઈન્જેક્શન દેવા છતાં પણ. સવારે હું જોઈ આવ્યો હતો. આખો દિવસ કોઈ સમાચાર નહોતા. નર્સની વાત સાંભળી ઉતાવળે જઈ પહોંચ્યો. જઇને જોયું તો પુત્રની મા પણ આવી પહોંચ્યાં હતાં. માથા પાસે બેસી મૂગાંમૂગાં આંસુ સારતાં હતાં. વૃદ્ધ મોટે અવાજે ગીતાના પાંચમા અધ્યાયનો પાઠ કરી રહ્યા હતા. છોકરાને શ્વાસ ઊપડ્યો હતો. મને જોઈને વૃદ્ધ હસીને બોલ્યા: 'આવો દાક્તર સાહેબ. આપ આપનાથી બનતું સઘળું કરી છૂટ્યા. હવે આશીર્વાદ આપો કે આ બધી યંત્રણા–વ્યથાનું શમન થઈ જાય, સર્વ ગ્લાનિ નાશ પામે...' હું તો અવાચક જ થઈ ગયો!

પોતાની પત્નીને કહે: 'રડવાને હજુ ઘણી વાર છે. હમણાં તો ભગવાનનું નામ સંભળાવ. દીકરો જાય છે, એને પાથેય બંધાવ.'

કેટલી યે વાર મરણપથારીએ પડેલા રોગીને અનેક ઇંજેક્શનો દઈ બચાવવાની કોશિશ કરી છે, પણ તે દિવસે તે કરી શક્યો નહિ. અચાનક દૃષ્ટિબિંદુ બદલાઈ ગયું. વૃદ્ધની વાત અમાન્ય કરી શક્યો નહિ.

બીજે દિવસે વૃદ્ધ એક હજાર રૂપિયા હૉસ્પિટલને દાન કરી ચાલ્યા ગયા. ચેક વટાવવા ગયો ત્યારે ખબર પડી કે તેઓ લંડનની ડિગ્રીવાળા એક રીટાયર્ડ સિવિલ સર્જન હતા. □

અમદાવાદ તા. ૨૩-૬-૧૯૭૪

અણુ-વિસ્ફોટ અને આપણે

એ સંબંધી એક વિચાર-પક્ષ રજૂ કરતા પત્રો • લેખક - ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ચિ. સ્મિતા

તમારો લાંબો પત્ર મળ્યો. ભારતના ૧૮મી મેના અણુ વિસ્ફોટને એક મહિનો થઇ ગયો. અહીં અમે બધાં તો તે વાત વિસરી જવા લાગ્યાં છીએ. વિજ્ઞાનની પ્રગતિ માટે અનેક પ્રયોગો થાય છે તેવો એક પ્રયોગ પોખરણની ભૂમિમાં ૧૮મી મેને દિવસે થયો એટલું હવે યાદ રહ્યું છે. પણ ત્યાં અમેરિકામાં તે વિષે કદાચ હજુ ચર્ચા ચાલતી હોય તો તેમાં ખાસ નવું નથી. એક પાકિસ્તાન આ વાત ભૂલવા માગતું નથી; —અને કદાચ બીજું અમેરિકા!

ભારતના અણુવિસ્ફોટ પછી એક માસમાં જ ફ્રાન્સ અને ચીને હવામાં અણુધડાકા કર્યા અને તે સ્પષ્ટ રીતે લશ્કરી હેતુ માટે જ; ત્યારે હવે આપણે આપણા હેતુઓ સ્પષ્ટ કરવા જોઇએ. તમારો પત્ર વાંચ્યા પછી એટલું તો થયું કે ભારતના પરમાણુ-વિસ્ફોટની પાછળ જે કારણો કે વિચારો કાર્ય કરતા હોય તે ખરા, પણ આપણે પોતે આપણા સંતોષ ખાતર તે વિષે સ્પષ્ટ વિચાર ધરાવતા થવું જોઇએ. અને તેથી મેં નક્કી કર્યું છે કે આ અને પછીના એક બે પત્રોમાં 'ભારતે પરમાણુ-વિજ્ઞાનમાં શા માટે અને ક્યાં સુધી આગળ વધવું જોઇએ' તે વિષે મને જે વિચારો આવ્યા છે તે લખું. હા, અમેરિકાનાં છાપાં એકાએક મહાત્મા ગાંધીનાં ભક્ત થઈ જાય ને ભારતના લોકો તથા સરકાર ગાંધીજીને રસ્તેથી દૂર જતાં જાય છે તે માટે મગરનાં આંસુ સારવા બેસે તેવી રાજકીય હેતુથી ભરેલી વાતો કે દલીલો આપણે નથી કરવી. વ્યક્તિનાં, સમાજનાં ને દેશનાં અમુક નિશ્ચિત વ્યવહાર-ધોરણો સ્વીકારીને તેને અનુકૂળ આ પરમાણુ-વિજ્ઞાનની દોટ છે કે કેમ તે વિષે વિચાર કરવો છે.

૧૮મી મેના પરમાણુ-વિસ્ફોટને જોવાનાં ઘણાં દષ્ટિબિન્દુ હોઇ શકે: ૧) માનવીય ૨) શાસ્ત્રીય, ૩) રાજકીય, ૪) આર્થિક, ૫) લશ્કરી વગેરે. એક પછી એક આ બધાં દષ્ટિબિન્દુથી આ પ્રશ્ન વિચારીએ.

માનવ-જ્ઞાનની દષ્ટિએ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પણ માનવજ્ઞાન-ભંડોળનું મહત્ત્વનું અંગ છે. ન્યાય, ધર્મ, દર્શન વગેરે વિષયોમાં શંકરાચાર્ય, માર્ક્સ, બર્ટ્રાન્ડ રસેલ કે ગાંધી જેવાએ જેવું જ્ઞાન-સર્જન કર્યું છે તેવું જ આર્કિમીડીઝ, ન્યૂટન, આઈન્સ્ટાઈન, વૅાટ વગેરેએ પણ કર્યું છે. અન્ય સઘળા પ્રકારનાં જ્ઞાનની જેમ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના વિકાસનું મોટું કારણ માનવસહજ જિજ્ઞાસા છે. આ દષ્ટિએ જોતાં વિજ્ઞાનમાં પ્રગતિ-સૂચક કોઇ પગલું સામાન્ય રીતે તો ટીકાપાત્ર ન બને; પણ માનવીએ સર્જેલા વિજ્ઞાનનો માનવીને હાથે હમેશાં સદુપયોગ થયો નથી અને પોતે સર્જેલા આ જ્ઞાનને લીધે પોતે વધુ ને વધુ ઘસાતો ચાલ્યો છે એવું આજકાલ આપણને લાગ્યા કરે છે. પરંતુ આનો દોષ વિજ્ઞાનની પ્રગતિને નથી, વિજ્ઞાન તરફ જોવાની માનવીની દષ્ટિમાં છે. અને આ સ્થિતિ ફક્ત વિજ્ઞાનમાં જ જોવા મળે છે તેવું નથી, માનવજ્ઞાનના અન્ય ક્ષેત્રમાં પણ તે જોવા મળે છે. કાર્લ માર્ક્સે સર્જેલા જ્ઞાનનો રશિયાએ કરેલો ઉપયોગ અને ચીને કરેલો ઉપયોગ એકબીજાની નજરે માનવીને નુકસાન કરનારો છે અને અમેરિકાની નજરે આ બન્ને દેશોમાં થએલા માર્ક્સવાદી પ્રયોગો સમાજને ખોટે માર્ગે લઈ જનારા છે.

માનવસહજ જિજ્ઞાસામાંથી સર્જાતું જ્ઞાન આવકાર્ય જ હોય; તેનો ખરો-ખોટો ઉપયોગ માનવીની વૃત્તિ ઉપર આધાર રાખે છે. અને ત્રણ હજાર વર્ષની આપણી સંસ્કૃતિ બીજું કાંઈ નહિ તો એટલું તો કહે છે જ કે ભારતીય લોકોએ આક્રમણકારી વલણ કદી અપનાવ્યું નથી, એટલું જ નહિ પણ આપણે કદાચ સુધરેલી દુનિયામાં સૌથી વધુ સહિષ્ણુ વૃત્તિવાળા હોઇશું. આથી પોતે મેળવેલા જ્ઞાનનો અન્યને નુકસાન થાય તેવો ઉપયોગ ન કરવાની વૃત્તિ જો દુનિયાના કોઈ લોકસમૂહમાં હોય તો તે ભારતીય સમૂહમાં હોવાનો સંભવ વધુ છે.

ખેર! બીજાને નુકસાનની વાત બાજુએ રાખીએ; પરમાણુવિજ્ઞાનના આ પ્રકારના વિકાસથી આપણને જ નુકસાન નહિ થાય? આ પ્રશ્ન ઊંડા ઊતરીને વિચારવા જેવો છે. વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનો સદંતર ઉપયોગ ન કરવો એવી નકારાત્મક વાત તો અર્થ વગરની છે. ત્યારે કયા પ્રકારની ટૅકનૉલૉજી વિકસાવવી અને કયા પ્રકારની ન વિકસાવવી તે કેમ નક્કી કરવું? માનવસમૂહના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે સ્વાસ્થ્ય-વિજ્ઞાન (મેડિકલ સાયન્સ)માં પ્રગતિ કરવી જ જોઈએ તે વિષે બે મત હોઇ જ ન શકે; એટલું જ નહિ પણ ભારત જેવા વિશાળ દેશ (વસતિની દષ્ટિએ રશિયા કે અમેરિકા કરતાં ક્યાં યે મોટા દેશ) માટે તો એ જરૂરી છે કે મેડિકલ વિજ્ઞાનમાં અને ખાસ કરી ઉષ્ણ કટિબંધને લગતા રોગનિદાન અને ચિકિત્સામાં તે દુનિયામાં સૌથી આગળ રહે. આવો જ એક બીજો વિષય જેમાં એકધારી સતત પ્રગતિ થતી રહેવી જોઇએ અને જે વિષે જરા પણ વિવાદ ન સંભવે તે વિષય છે હવામાનશાસ્ત્ર (Meteorology). અહીં પણ ઉષ્ણ કટિબંધની હવામાન-વિશિષ્ટતાને કારણે ભારતે એક નંબરની હરોળમાં સ્થાન લેવું જોઇએ.

અને હવે અહીં વિજ્ઞાનની એકતાની વાત આવે છે. ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન, ગણિત જેવી મૂળભૂત વિદ્યાઓ અને તેમાંથી ફલિત થતી અનેક શાખા-પ્રશાખાઓમાં સતત પરિશીલન અને સંશોધન કર્યા વગર આજે વિજ્ઞાનની કોઇ એકાદ શાખામાં પણ અગ્રિમ હરોળમાં કેમ ટકી શકાય?

મેની ૧૮મીના અણુવિસ્ફોટ પછી 'કુમાર'ના જૂનના અંકમાં એક યાદી તથા નકશો આવ્યો છે તે અંક તમને સપ્ટેમ્બરમાં મળશે ત્યારે જોશો કે દેશભરમાં જુદે જુદે સ્થળે વિજ્ઞાન ને ટૅક્નૉલૉજીની ૩૮ જેટલી સંસ્થાઓ પથરાએલી છે, જે મેં ઉપર કહ્યા તેવા બહુ-ઉપયોગી વિજ્ઞાન-ટૅક્નૉલૉજીના વિકાસ માટે કાર્ય કરે છે અને તે બધી જ પરમાણુ-વિસ્ફોટના આ પ્રયોગ સાથે સંકળાએલી છે.

બીજું બધું કરો પણ રણમાં ખાડો કરીને એક ધડાકો ન કર્યો હોત તો શું બગડી જાત એવી દલીલ આપણે નથી કરવી. આ પત્રમાં તો એટલું જોવું છે કે વિજ્ઞાનના એક ક્ષેત્રમાં ખૂબ આગળ વધવું અને બીજા એક ક્ષેત્રમાં રોકાઇ રહેવું તે વિજ્ઞાનની શાખાઓનું પરસ્પરાવલંબન જોતાં બહુ શક્ય બને તેવું નથી. બીજી દષ્ટિએ આવતે પત્રે.

—લિ. કાકાના આશિષ

ચિ. સ્મિતા

અમદાવાદ, તા. ૩૦-૬-૭૪

ગયા પત્રમાં વિજ્ઞાન અને ટૅકનૉલૉજીના પરસ્પરાવલંબનની વાત લખી હતી. ભારતે વિજ્ઞાનનો ઉપયોગ આંધળા ઔદ્યોગીકરણમાં ન કરવો હોય તો પણ સ્વાસ્થ્યવિજ્ઞાન અને હવામાનશાસ્ત્ર જેવા વિષયોમાં આપમેળે પ્રગતિ કરવી જ જોઇએ, અને તેથી ગાંધીજી કે વિનોબાના વિચારો પ્રમાણે રચાએલા કોઈ આદર્શ સમાજમાં પણ વિજ્ઞાન અને તેમાં યે પરમાણુવિજ્ઞાન મહત્ત્વનો ભાગ ભજવશે.

વળી ભારત (અને ચીન પણ) જેવા દેશોને અમુક ખાસ પ્રકારની ટૅક્નૉલૉજીની જરૂર પડે. વિચિત્ર લાગે તેવી વાત છે, પણ આપણી વસતિ ઘણી હોવાથી જેમ જાતજાતની મજૂરી બચાવનારી યોજનાઓ (Labour saving devices) આપણને કામની નહિ, તેમ અમુક પ્રકારનાં કામ આપણે માણસોની મદદ વગર જ કરવાં પડે! એક દાખલો આપી

આ વાત સ્પષ્ટ કરું. આજકાલ ભારતની વસતિ ૫૬ કરોડ છે. તેમાં ૧૮ વર્ષથી ઉપરની ઉમરના ૨૮ કરોડ જેટલા લોકો છે. આ બધા જ લોકોને જીવન-વીમાની સગવડ મળે તે હેતુ હોવો જોઇએ—એ તો કરવું જ જોઈએ એમ આપણને લાગે. જોકે એવું તો કાંઈ જલદી થઈ ન જાય, પણ આપણે તો દાખલો લેવો છે. ધારો કે ૨૮ કરોડમાંથી ૧૨ કરોડ લોકોને જી. વી. કો. જીવન-વીમો આપે છે. તો તેને મહિને સરેરાશ ૨ કરોડ પ્રીમિયમ ઉઘરાવવાનું, તેટલાં જ પ્રીમિયમની રસીદ આપવાની અને ઉપરાંત બીજી સેવાઓ આપવાની. (આપણે જેટલા લોકોને વીમાની સેવા આપવા માગીએ છીએ તેટલી દુનિયાના કોઈ દેશની (ચીન સિવાય) કુલ વસતિ પણ નથી! જે રીતે ભારતમાં આજે વિકાસ થયો છે તે જોતાં દેશનાં ૨૦ શહેરોમાંથી આ કરવું પડે. ૨૦ ને બદલે ૪૦ શહેરો લઇએ તો પણ દરેક કેન્દ્રમાંથી રોજની ૧૦,૦૦૦ પ્રીમિયમ-નોટીસો મોકલવી, ૧૦,૦૦૦ પહોંચો મોકલવી, ૧૦,૦૦૦ પ્રીમિયમની આવક નોંધવી, ૧૦,૦૦૦ પ્રીમિયમનાં નાણાં સ્વીકારવાં,—આ કામ એટલું બધું મોટું અને છતાં નીરસ છે કે તે માટે માનવીની ફોજ (રીતસર લશ્કર જ રાખવું પડે) રાખીએ તો પણ પારાવાર ભૂલો થાય! આ પ્રકારના કામ માટે તો કૉમ્પ્યુટર જ વાપરવું દેશના હિતમાં હોય. એ સાચું છે કે માનવ-સંખ્યાને કારણે મશીનને બદલે માનવનો ઉપયોગ થાય તેવી જ ટેકનૉલૉજી આપણે વાપરવી જોઈએ, પણ ઘણુંખરું આ વાત મધ્યમ પ્રકારની ટેકનૉલૉજીને લાગુ પડે: જેમ કે મકાન બાંધવાં, બંધ બાંધવા, રેલવે લાઈન નાખવી વગેરે. શાસ્ત્રીય પરિભાષામાં એને લેબર-ઈન્ટેન્સિવ ટેકનૉલૉજી કહે છે. ત્યાં અમેરિકામાં બહુમાળી મકાન બંધાતું હોય તો એક એન્જિન, એક ઊંટડો, બીજાં બે-ત્રણ મશીન અને બે-ત્રણ માણસો દેખાતાં હોય; પણ આપણે ત્યાં અહીં એક સાત માળનું મકાન બંધાતું હોય તો મેળો જામે; સો-દોઢસો હાડિયા-મજૂરો, કડિયા, સુથાર તો હોય જ, વળી બેત્રણ દિવસમાં તો ચા-ભજિયાંની લારીવાળો અને પાનબીડીવાળો પણ ત્યાં હાજર થઈ જાય.

લેબર-ઈન્ટેન્સિવ ટેકનૉલૉજી અને તેને અનુરૂપ સામાજિક તથા આર્થિક નીતિ ગોઠવ્યા પછી પણ જ્યારે સમાજ-કલ્યાણની પ્રવૃત્તિથી આપણી આખી વસતિ આવરી લેવાનું થાય ત્યારે પ્રશ્નની વિરાટતાને લીધે માનવબુદ્ધિ વ્યક્તિગત રીતે તે ઉકેલવા અસમર્થ બને ને આપણે વિશિષ્ટ ટેકનૉલૉજીનો આશરો લેવો પડે. આજનું કૉમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિકસ અને પરમાણુ-વિજ્ઞાન એ આવા પ્રકારની ખાસ ટેકનૉલૉજીઓ ઊભી કરવા માટે ઉપયોગમાં આવે તેમ છે. ૧૮મી મેના ભારતના પરમાણુ-પ્રયોગને મૂલવતી વખતે આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

અમેરિકા જેવા દેશમાં ઔદ્યોગિક વિકાસને કારણે જીવન-મૂલ્યોની જાળવણી મુશ્કેલ થઈ રહી છે અને નવી પેઢીમાં માનવીયતા ઘટતી જતી હોય (dehumanisation થતું હોય) એવું કદાચ ત્યાં તમને લાગતું હોય; પણ અહીં ભારતમાં આપણને આ બાબતમાં એક મોટો લાભ છે અને તે વસતિવધારાના ગણિતનો. વસતિ-વધારો ઘાતાંકીય શ્રેણિ પ્રમાણે થાય છે. $1, x, x^2, x^3, x^4$...આમ તે વધે છે. યુરોપ-અમેરિકામાં આ શ્રેણિની દસમી રકમ પ્રમાણે વસતિ હોય તો ભારતમાં તે શ્રેણિની ચાળીસમી રકમ પ્રમાણેની વસતિ છે. (કારણ ભારતને યુરોપ-અમેરિકા કરતાં ચાર ગણો લાંબો ઇતિહાસ છે!) એટલે આપણી વસતિ વધારે છે એટલું જ નહિ પણ અત્યારે આપણો વસતિ-વધવાનો દર પણ ઘણો વધારે છે! એથી આપણે કોઈ પણ રીતે ગમે તેટલી વિજ્ઞાન-ટેકનૉલૉજી વાપરીએ તો યે આજના યુરોપ-અમેરિકા જેવી નાણાંની છાકમછોળ સ્થિતિ (affluance)માં આવી પડવાના જ નથી. ત્યાં વસતિ-વધારાના દર કરતાં ઔદ્યોગીકરણથી મળતી સમૃદ્ધિનો દર વધુ હોવાથી માનવીનાં મન પર પડળ ચડવાનો જે સંભવ હતો, છે ને હજુ કેટલાંક વર્ષો સુધી રહેશે તેવો ઘાતાંકીય શ્રેણિની ચાળીસમી રકમે પહોંચેલા આપણા માટે તો નથી જ; ઊલટું દર વર્ષે વધતી નવી વસતિ માટે નવી શાળાઓ, નવાં દવાખાનાં, નવા ધંધા ને નવી શ્રદ્ધાઓ ઊભી કરવા માટે સઘળાં વિજ્ઞાન ને ટેકનૉલૉજી પૂરાં થઈ પડે તો પણ ઘણુ ગણાશે.

એમ જુઓ તો આપણું સમાજ તરફ જોવાનું દૃષ્ટિબિંદુ, આપણું સમાજશાસ્ત્ર, આપણું અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આપણું સંરક્ષણ-વિજ્ઞાન, અને આપણી વિજ્ઞાન-ટેકનૉલૉજીની નીતિ, આ વસતિ-વધારાના ગણિતને કારણે, યુરોપ-અમેરિકામાં વિકસેલા સિદ્ધાન્તો કરતાં જુદાં જ હોવાં જોઈએ અને તે ત્યાં લખાએલાં પુસ્તકોમાંથી કે ત્યાં થએલા પ્રયોગો પરથી નહિ પણ ૪૦મી રકમે પહોંચેલા આપણા જ સંદર્ભમાં, આપણે કરેલાં ચિન્તનો, અવલોકનો, અનુમાનો અને પ્રયોગમાંથી ઉદ્ભવવાં જોઈએ. ૧૮મી મેના પરમાણુ-વિસ્ફોટને હું તો આ સંદર્ભમાં જ મૂલવું.

—લિ. કાકાના આશિષ

ચિ. સ્મિતા

અમદાવાદ, તા. ૨૨-૭-'૭૪

તમારો પત્ર મળ્યો. જી. વી. કો.વાળો દાખલો તો દાખલો જ હતો. એનો અર્થ એમ નથી કે પહેલાં વીમો ઉતરાવ્યા પછી બે ટંક ભોજનની વ્યવસ્થા કરો! સ્પષ્ટ આંકડા આપી શકાય તેવું ઉદાહરણ મળી રહે તે માટે તે વાત લખી હતી. હેતુ એક જ: આપણા દેશની વસતિ અને અત્યારનો વસતિ વધારાનો દર જોતાં એવા કેટલા યે પ્રસંગો આવશે જ્યાં ખાસ પ્રકારની ટેકનૉલૉજી વાપરવી પડશે.

બીજો દાખલો લઈએ. વધતી જતી વસતિ માટે તેટલા જ દરે (ઓછામાં ઓછું તેટલા જ દરે) અન્ન-ઉત્પાદન વધતું જ જવું જોઈએ. ખેતી કરવા લાયક કુલ જમીન તો નિશ્ચિત છે, તે વધી શકે તેમ નથી. તેથી (૧) ખાતર (૨) સુધરેલું બિયારણ (૩) વરસાદ પર આધાર ન રાખવો પડે તેવી વ્યવસ્થા—આ બાબતોમાં વધતા દરે પ્રગતિ સાધતા જ રહેવું જ પડશે. આ દરેક મુદ્દાની લગભગ સરખી જ અગત્ય છે. તેમાંનો ત્રીજો મુદ્દો આપણી અત્યારની ચર્ચા સાથે સીધો સંબંધ ધરાવે છે, પ્રશ્ન છે: દેશને ગામડે ગામડે પીવાનું શુદ્ધ પાણી તથા ખેતરને બારમાસમાં જ્યારે જરૂર પડે ત્યારે પિયતનું પાણી પહોંચાડવાનો, ગુજરાતનો જ દાખલો લઈએ તો ગામડે ગામડે પાણીનો પ્રબંધ મુખ્યત્વે કૂવા મારફત થાય છે. ખેતરમાં બિનવરસાદી પાણીનું મુખ્ય સાધન પણ કૂવો છે. વળી પ્રમાણમાં બારમાસી નદીઓ તો દક્ષિણ ગુજરાતમાં જ હોવાથી ગુજરાતમાં સિંચાઈ માટે ઘણે મોટે ભાગે ટ્યૂબ-વેલ તથા કૂવાઓ ઉપર આધાર રહે છે. એટલે સિંચાઈ અને પીવાના પાણીના પ્રશ્નની જોડે જ ઊંડા ટ્યૂબ વેલમાંથી પાણી ખેંચવા માટે વીજળીનો પ્રશ્ન ઊભો થાય. આમ અન્નઉત્પાદનના દર જોડે ગ્રામ-વીજળીકરણ ગાઢ રીતે સંકળાએલું છે. વળી પાછો ગુજરાતનો દાખલો લઈએ તો ગુજરાતમાં વીજળી ઉત્પન્ન કેમ કરવી? જ્યાં બારમાસી નદી વહે છે ત્યાં સપાટ મેદાનો છે, જ્યાં ડુંગરા-ટેકરા છે (જેમ કે સૌરાષ્ટ્રમાં) ત્યાં મોટી નદી નથી. વીજળી માટેની જલ-યોજના પ્રમાણમાં બહુ ઓછી શક્ય છે. અત્યારે તાપી ઉપર ઉકાઈમાં પહેલું જલ-વિદ્યુત મથક થયું છે. નર્મદા યોજના થશે ત્યારે એક બીજું મોટું જલવિદ્યુત મથક મળશે. બસ થઈ રહ્યું! મોટી કહી શકાય તેવી વધારે જલ-યોજના મળવી મુશ્કેલ છે. જલ-વિદ્યુતની સંભાવના કુલ માંગના પ્રમાણમાં નગણ્ય કહી શકાય. કોલસો તો હજારો માઈલ દૂરથી લાવવો પડે અને બિહારથી દર પાંચ મિનિટે એક કોલસાની ગાડી ગુજરાત માટે નીકળે તો કદાચ રાજ્યની ગ્રામ-વીજળીકરણ (અને તે પણ રસ્તા ઉપર લાઈટ કરવા નહિ, પણ પ્રત્યેક ગામના કૂવા ઉપર પંપ ચલાવવા અને ખેતરો વચ્ચેના ટ્યૂબ-વેલમાંથી પાણી ખેંચવા) માટે વીજળીની માગ પૂરી કરી શકાય!

પણ ગુજરાતમાં ખનિજ તેલ નીકળ્યું છે, એથી તો પાંચ, સાત વર્ષો

પહેલાં ગુજરાતનાં મોટાંમોટાં પાવરહાઉસ (જેમ કે ધુવારણ. સાબરમતી...) ને કોલસા ઉપરથી ફેરવીને ખનિજ તેલ અને ગૅસ વાપરતાં કરવાનો પ્રબંધ કર્યો. ત્યાં તો આરબોએ ધોકો ઉપાડચો અને ખનિજ તેલ મોંઘું દાટ થઈ ગયું—વિશ્વભરમાં તેની અછત થઈ, ગુજરાત અને આસામના ક્રુડ તેલને માથે દેશભરની અછત પૂરી કરવાનો પ્રશ્ન આવ્યો.

આવા સંયોગોમાં વધતી વસતિને પહોંચી વળે તેવા દરે અન્ન-ઉત્પાદન ગોઠવવું હોય તો શક્તિનાં અન્ય સાધનો વાપરવાં જ રહ્યાં. અને અહીં જ મુખ્ય પ્રશ્ન આવે છે. પરમાણુ-શક્તિ માટે કાચો માલ યુરેનિયમ જોઈએ એવો આપણો ખયાલ છે; પણ ભારતમાં તો થોરિયમનો વિપુલ જથ્થો છે, બીજા દેશોમાં વિકસેલી પરમાણુશક્તિની ટેકનૉલૉજી યુરેનિયમ-આધારિત છે જ્યારે ભારતે તો થોરિયમ-ટેકનૉલૉજી વિકસાવવી જોઈએ. કૅનૅડામાં વિકસી છે. પણ જ્યારે ભારતમાં પરમાણુ-વિસ્ફોટ થયો ત્યારે કૅનૅડાને ખબર પડી કે થોરિયમ ટેકનૉલૉજીમાં ભારત ઘણું આગળ નીકળી ગયું છે! આમ પરમાણુશક્તિના ઉપયોગ માટે ભારતને થોરિયમ આધારિત ટેકનૉલૉજી વિકસાવ્યા સિવાય છૂટકો નથી!

ગ્રામવીજળીકરણ કરવું જ રહ્યું અને દેશનાં ગામડે પીવાના પાણી અને ખેતરના પંપ માટે વીજળી પહોંચાડવી હોય તો પરમાણુશક્તિનો ઉપયોગ ખૂબ જ કરવો પડશે. તે માટે બીજા દેશ ઉપર આધાર રાખવાને બદલે આપણે આપણા સંયોગો માટે જરૂરી ટેકનૉલૉજી વિકસાવવી એ તો યુગધર્મ ગણાય.

હજુ આ વિષે એક વધુ પત્ર લખી ઉપસંહાર કરીશું.

—લિ. કાકાના આશિષ

ચિ. સ્મિતા

અમદાવાદ, તા. ૩૦-૭-'૭૪

પરમાણુ વિસ્ફોટના શાંતિમય ઉપયોગ વિષે આટલું લખ્યા પછી પણ એટલું તો ચોક્કસ છે કે અત્યારે જે પ્રકારની આંતરરાષ્ટ્રીય સ્થિતિ છે તે જોતાં, પરમાણુશક્તિના વિકાસ માટે મુખ્ય પ્રેરક બળ તો સંરક્ષણના પ્રશ્નોમાંથી મળે છે. જો ભારતના સંરક્ષણ-પ્રશ્નોએ પરમાણુશક્તિના વિકાસની અનિવાર્યતા ન સૂચવી હોત તો કદાચ (કદાચ શા માટે? ઘણે મોટે ભાગે) પરમાણુ-વિસ્ફોટના પ્રયોગ માટે સરકારે વિજ્ઞાનીઓને ઉત્તેજન ન આપ્યું હોત, એવું મારું માનવું છે.

અને સંરક્ષણના પ્રશ્નોના સંદર્ભમાં પરમાણુ-શક્તિના વિકાસની આવશ્યકતા ઈ. ૧૯૬૨માં પહેલવહેલી દેખાઈ. ઈ. ૧૯૪૭માં આઝાદ થયા પછી, ૧૯૬૨માં ચીને જ્યારે ભારતની સરહદ ઓળંગી પોતાનું લશ્કર નેફા અને આસામની અંદરના ભાગ સુધી મોકલ્યું ત્યારે આપણી કેવી લાચાર સ્થિતિ થઈ હતી? પરમાણુ શક્તિ ફક્ત પરમાણુ બૉમ્બ બનાવવામાં વપરાય છે તેવું થોડું જ છે? પરમાણુ શક્તિના વિકાસ સાથે જે આખી ટેકનૉલૉજી ઊભી થાય છે તે ટેકનૉલૉજીથી સજ્જ થએલા દેશના લશ્કર સામે આપણા લશ્કરને ટક્કર ઝીલવી મુશ્કેલ થઈ પડી. આપણાં છેલ્લાં હજાર બારસો વર્ષના ઇતિહાસનું પુનરાવર્તન થશે કે શું તેવી પરિસ્થિતિનું સર્જન થયું! ભારતીય યોદ્ધો રણમેદાનમાં તો ખૂબ શૂરવીર, છતાં મધ્ય એશિયાથી લાંબા પંથ કાપીને આવતાં આક્રમક વિદેશી સૈન્યો સામે ભારતીય સૈન્યોનો જે પરાજય થતો આવ્યો તેનાં અનેક કારણો છે, પણ તેમાંનું એક મોટું કારણ વિદેશી સૈન્યો પાસેની યુદ્ધ-સરંજામની ચઢિયાતી ટેકનૉલૉજી. વિદેશી સૈન્યો સામે હાર ખાધા પછી જ મોટે ભાગે આપણે દારૂગોળો તેમની દેખાદેખીથી વાપરતા થયા! આપણે હમેશાં સરક્ષણયુદ્ધો જ ખેલ્યાં છે, પણ તે માટેની શસ્ત્રસામગ્રીમાં આપણું પોતાનું આગવું પ્રદાન હોય તો તે મોટે ભાગે તીર, તલવાર, ભાલા, ખંજરના ઉપયોગ પૂરતું મર્યાદિત રહ્યું છે. લાંબા અંતરે ફેંકી શકાય તેવાં શસ્ત્રો, દારૂગોળો, તેનો ઉપયોગ વગેરે આપણે વિદેશીઓ પાસેથી, મોટે ભાગે હાર ખાધા પછી જ શીખ્યા છીએ.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૪

પગના વાઢિયા

આયુર્વેદમાં આ રોગને પાદધરી કહે છે.

બહેનોના પગની કમનીય પાનીઓમાં ચીરા જોવા એ દુઃખદ બિના છે. શિયાળામાં પગના ચીરા-વાઢિયા જોવામાં આવે છે. પુરુષોને પણ વાઢિયા પડે છે, પણ સ્ત્રીઓ ઘરકામને લઈને પગની પાની પાણી અને ઠંડકના વધુ સંસર્ગમાં રહેતી હોઈ તેમનામાં વાઢિયા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કેટલીક વાર એ ખૂબ પીડા કરે છે ને ક્વચિત તેમાંથી લોહી પણ નીકળે છે.

વાયુની રુક્ષતાથી પગમાં આ વાઢિયા પડતા હોવાથી તેનો સાચો ઉપાય તેલની સતત સ્નિગ્ધતા કરવામાં છે.

૧) ઓછામાં ઓછું દિવસમાં બે વાર ધીમેધીમે પગને તળિયે કોઈ પણ તેલનું માલિશ કરવું.

૨) વાઢિયા પર કોકમનું ઘી, જાત્યાદિ મલમ, જાત્યાદિ તેલ કે જાત્યાદિ ઘી રાત્રે સૂતી વખતે લગાવવું.

૩) રાળનો મલમ પણ ખૂબ લાભ આપે છે.

૪) લીંબોળીના મીંજને એરંડિયામાં વાટીને વાઢિયામાં ભરવું કે લીંબોળીનું તેલ લગાડવું.

૫) ભેજ અને ઠંડીથી પગની પાનીને બચાવવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ઈ. ૧૯૬૨માં, આપણા સૈન્યની બહાદુરી અને તકેદારી છતાં ઠેઠ આસામના અંદરના ભાગ સુધી ચીનનાં સૈન્યો ઘૂસી ગયાં ત્યારે સંરક્ષણની આપણી આ ઐતિહાસિક ક્ષતિ ઊડીને આંખે ચોંટી. અને ત્યારે જ, મને લાગે છે કે, નક્કી થયું હશે કે ફરી પાછી આઝાદી ગુમાવવી ન હોય અને એક રાષ્ટ્ર તરીકે આ જમાનામાં ઊભા રહેવું હોય તો સૌથી વધુ શક્તિ આપતા સ્રોત પરમાણુ-વિજ્ઞાનથી એક દેશ તરીકે અજાણ્યા રહેવું આપણને પાલવે નહિ. ખાસ કરીને જ્યારે પરમાણુ શક્તિથી સંપૂર્ણ સજ્જ એવા ચીન જેવા પાડોશી (Next door neighbour) સાથે આપણે બોલવા વહેવાર જેવા પણ સારા સંબંધો નથી! વળી આ સંજોગોમાં બીજા મિત્રો ઉપર આધાર રાખી લાચારી ભોગવવી તે એક મોટા ખંડ જેવડા અને વિશાળ શક્યતાઓ ધરાવતા ભારત જેવા દેશને કેમ પોસાય? કારણ કે આજના જમાનામાં જે કોઈ મદદ કરશે તે મફત તો નથી કરવાનું. મદદના બદલામાં પ્રત્યક્ષ કે પરોક્ષ, થોડો આઝાદીનો ભોગ તો આપવો જ પડવાનો એટલે કે ૧૦૦ વર્ષ જૂના ઇતિહાસનું ધીરે ધીરે પુનરાવર્તન શરૂ થઈ જવાનું.

ટૂંકમાં જે રીતે છેલ્લાં હજાર વર્ષમાં આપણે ધીરે ધીરે આઝાદી ગુમાવી અને રાષ્ટ્ર તરીકે અવગતિની ગર્તામાં ઊતરતા ગયા તે જોતાં સંરક્ષણ બાબતમાં બહારની દુનિયામાં જે કાંઈ ટેકનૉલૉજી વિકસે તેનાથી વિમુખ રહેવાનું પગલું આત્મઘાતક જ લેખાય ને આ ટેકનૉલૉજી ઊછીની કે ખરીદીને લેવાય જ નહિ, તે તો જાતે જ વિકસાવવી રહી.

મને લાગે છે કે ભારતીય પરમાણુ-વિસ્ફોટના સંદર્ભમાં શરૂ થએલો આપણો આ પત્રવ્યવહાર ઠીક ઠીક લાંબો ચાલ્યો. તમને થશે કે તમે ઊભા કરેલા મુદ્દાઓ કરતાં મારા વિચારો જુદે જ માર્ગે વળ્યા છે. અને તાત્કાલિક અસર કરે તેવા પ્રશ્નો લેવાને બદલે કાંઈક આદર્શ પરિસ્થિતિ કલ્પી હું વિચાર કરતો હોઉં એવો ભાસ પણ થયો હશે! પણ વરસના ૩૬૪ દિવસ ભલે પ્રવર્તમાન સંયોગોનો વિચાર કરીએ છતાં છેવટ ૧ દિવસ તો એવો રાખવો જોઈએ કે જ્યારે પ્રવર્તમાન સંયોગોને વિસરીને પણ કાંઈક આદર્શમય સ્થિતિ વિષે ચિંતન કરીએ. —લિ. કાકાના આશિષ

માત્ર કૉલેજિયનો જ નહિ, સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને પણ આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૩જો • પ્રકરણ ૯—

ઈલિઝાબેથ યુગના કેટલાક નાટયપ્રકારો

ઈલિઝાબેથ યુગમાં નાટક પ્રત્યે લોકોની અભિરુચિ વધતી ગઈ. વિશાળ સમુદાયને આકર્ષે તેવાં 'પૉપ્યુલર', ને પસંદગીના પ્રેક્ષકો માટેનાં 'ક્લાસિકલ'-પ્રશિષ્ટ—એમ બંને પ્રકારનાં નાટકો વિપુલ પ્રમાણમાં ભજવાવા માંડયાં. રાણી ઈલિઝાબેથને રીઝવીને તેની કૃપા મેળવવા માટે પણ અનેક નાટયકારોએ નાટકો રચ્યાં. શિક્ષણ-સંસ્થાઓમાં તાલીમ પામેલા કિશોરોએ તેમજ ધંધાદારી નટોએ પ્રજાના વિવિધ સ્તરોને રોચક નીવડે તેવાં સંખ્યાબંધ નાટકો રજૂ કર્યાં. આ સમયે નાટય પ્રત્યેનું પ્રબળ લોકાકર્ષણ જોઈને યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ પામેલા કેટલાક વિદ્વાન લેખકોએ પણ નાટયક્ષેત્રે ઝુકાવવામાં લાભ જોયો અને તેમણે પોતાની વિદ્વત્તાથી, બાનીછટાથી અને શિલ્પકળાથી નાટયક્ષેત્રે સારી એવી કીર્તિ પણ સંપાદન કરી. વળી નાટયસ્વરૂપને ઘડવામાં પણ તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આવા વિદ્વાન નાટયકારોમાં જૉન લિલી, રૉબર્ટ ગ્રીન, જ્યૉર્જ પીલ, ટૉમસ કીડ અને ક્રિસ્ટૉફર માર્લોનાં નામ વિખ્યાત છે.

જૉન લિલી (૧૫૫૪?–૧૬૦૬)

એક એવો અંદાજ છે કે રાણી ઈલિઝાબેથના રાજ્યારોહણ પછી તેની સમક્ષ દર વર્ષે સરેરાશ સાત નાટકો ભજવાતાં હતાં, અને જૉન લિલી (John Lyly)ના આગમન પૂર્વે લગભગ દોઢસો નાટકો રાણીની ઉપસ્થિતિમાં ભજવાઈ ચૂક્યાં હતાં. લિલીનો નાટયક્ષેત્રે પ્રવેશ થયો ત્યારે ઈલિઝાબેથ યુગનો મધ્યાહ્ન તપતો હતો. લિલીએ નાટયપ્રયોગ કરતાં પહેલાં 'યુફ્યુઈઝ' (Euphues) ગ્રંથના કર્તા તરીકે સારી નામના મેળવી લીધી હતી. એણે શિક્ષણસંસ્થાના કિશોરોને નજર સમક્ષ રાખીને તેઓ સુયોગ્ય રીતે ભજવી શકે તેવાં નાટકો, મહદંશે પ્રાચીન કથાઓને આધારે, રચ્યાં. એનું મુખ્ય પ્રયોજન રાણી ઈલિઝાબેથની પ્રશંસા મેળવવાનું હતું. એનાં નાટકો રાજદરબારમાં ભજવાતાં અને તે ઉચ્ચ સ્તરના શિષ્ટ, શિક્ષિત સમુદાય માટે જ રચાયાં હતાં; વિશાળ જનસમુદાય તેણે લક્ષમાં રાખ્યો નથી. તેનાં નાટકોમાં આયોજન શિથિલ, કાર્યવેગ અલ્પ; પણ શિષ્ટ ભાષા અને બુદ્ધિના ચમકારા પ્રગટ કરે તેવા માર્મિક સંવાદો તથા અસરકારક સ્વગતોદ્દગારો દ્વારા તે ઉચ્ચ વર્ગના ર
ની વાહવાહ મેળવી ગયો. નાટકના ગદ્યમાં તેણે પહેલી વા
ચમક આણી. સામાજિકોની સુરુચિને સહેજે પથ્ય નીવડે તેવા અલંકૃત અને છટાદાર વાણીમાં તેણે નાટકો રચ્યાં અને એ નાટકોની વાણીનો પ્રભાવ લગભગ દસકા સુધી ચાલુ રહ્યો. લિલીનાં નાટકો પર એના વિદ્વત્તાભર્યા સુસંસ્કૃત વ્યક્તિત્વની મુદ્રા ઊપસી છે. એનું ગદ્ય ભલે પ્રસંગોપાત્ત કૃત્રિમ, છતાં સુમધુર, રોચક અને ચિત્તને સદ્ય સ્પર્શ કરે તેવું છે. બુદ્ધિચાતુર્યભર્યા માર્મિક સંવાદો રચવામાં તેની કલા બરાબર પ્રગટ થઈ છે.

એનું પહેલું ખ્યાતનામ નાટક 'કૅમ્પૅસ્પે' (Campaspe) ઈ. ૧૫૮૧-માં રચાયું. એમાં ઍલેક્ઝાન્ડર કેદ પકડાએલી એક યુવતી કૅમ્પૅસ્પેના પ્રેમમાં છે. એક ચિત્રકારને તે તેનું ચિત્ર દોરવા માટે બોલાવે છે. ચિત્રકાર તે રમણીનું ચિત્ર આલેખતાં તેના પ્રેમમાં પડે છે. ઍલેક્ઝાન્ડરના ચિત્તમાં પ્રેમ, રાજકર્તવ્ય અને કીર્તિની ઝંખના એ બધા ભાવો વચ્ચે સંઘર્ષ જામે છે. પરંતુ છેવટે ચિત્રકારની તરફેણમાં તે ખસી જાય છે. પ્રાચીન ઐતિહાસિક દંતકથાની સાથે ફિલસૂફોના મર્માળા સંવાદોનું સંયોજન કરીને આ નાટકને તેણે ઊર્મિભર્યું કથાતત્ત્વ અને ચિત્તને સ્પર્શી જાય તેવા ચાતુરીભર્યા સંવાદો બંને પૂરાં પાડયાં છે. ઍલેક્ઝાન્ડર અને ડાયોજીનસની મુલાકાત અને ડાયોજીનસનું ચોટદાર વક્તવ્ય એ પણ નાટકનાં આકર્ષક અંગો છે. એમાં ઍલેક્ઝાન્ડરને રાણી ઈલિઝાબેથના પ્રતીક રૂપે—રાજકર્તવ્યને ખાતર પ્રેમનું બલિદાન આપતો દર્શાવાયો છે. લિલીનું આ કદાચ શ્રેષ્ઠ નાટક છે

એનાં બીજાં નાટકો 'સૅફો ઍન્ડ ફૅઓ' (Sappho and Phao), 'એન્ડીમીઅન' (Endimion) તથા 'મિડાસ' (Midas)માં પ્રાચીન દંતકથા પર વિશેષ ઝોક છે. 'ધ વૂમન ઈન ધ મૂન' (The Woman in the Moon) એ તેનું એકમાત્ર બ્લૅન્ક વર્સમાં રચાએલું કટાક્ષ-નાટક છે, જેમાં તેણે સ્ત્રીને સારી પેઠે કટાક્ષનું નિશાન બનાવી છે. એક પ્રાચીન કથાને નવા રૂપેરંગે તે એમાં રજૂ કરે છે: પૅન્ડોરાનો જન્મ થયો ત્યારે બધા ગ્રહોએ પોતપોતાની પ્રકૃતિમાંથી કંઈક તત્ત્વ તેનામાં મૂક્યું. શનિએ ઉદાસીનતા આરોપી, મંગળે લડાયક મિજાજ મૂક્યો, ગુરુએ મહત્ત્વાકાંક્ષા મૂકી, ચંદ્રે ઉન્મત્તતા આરોપી, બુધે બેવફાઈ મૂકી,—આમ બધા ગ્રહોની અસર પામેલી પૅન્ડોરાનું ચિત્ર આલેખીને નાટયકાર મજાક કરતાં કહે છે કે માટે જ બધી સ્ત્રીઓ મૂર્ખ, તરંગી, ઝનૂની અને પાગલ હોય છે! 'મધર બૉમ્બી' (Mother Bombie) લિલીનું હોવા વિષે શંકા છે. આ બધાં નાટકોને સમગ્રપણે તપાસીને વિવેચક ડેચીઝે એક જ વાક્યમાં અભિપ્રાય આપી દીધો છે: 'Faded Charm'. તેમ છતાં એ નાટકોમાં પહેલી વાર કલ્પનાની સુકુમારતા, ભાષાની નવીન ચમક, તાજગી અને નાટયસ્વરૂપ વિષેની સૂઝ પ્રગટ થઈ છે એ નોંધવું ઘટે.

જ્યૉર્જ પીલ (અંદાજે ૧૫૫૮થી ૧૫૯૬)

માણસ રાશી, પણ કવિ મઝાનો—એવો જ્યૉર્જ પીલ (George Peele) શબ્દોનો જાદુગર હતો. શેક્સપીઅરના પુરોગામી નાટયકારોમાં પ્રતિભાની બાબતમાં એ માત્ર માર્લોથી જ ઊતરતો હતો. જૉન લિલીની જેમ તેણે પણ રાજદરબાર માટે નાટકો રચ્યાં અને મનહર ગદ્ય તથા સુમધુર પદ્યનો નાટકોમાં આસ્વાદ કરાવ્યો. લિલી જેવું બુદ્ધિચાતુર્યભર્યું ગદ્ય કે એવા ચબરાકીભર્યા સંવાદોની કળા તેનામાં નહિ, તો પણ અપાર્થિવ સૌંદર્ય આલેખવામાં તેની કલા પ્રશસ્ય હતી. વિવેચક લગવીએ (Legouis) યોગ્ય રીતે નોંધ્યું છે કે 'Peele is less witty and more poetic than Lyly.'

પીલનાં નાટકોમાં 'ઍરેઈનમેન્ટ ઑવ પૅરિસ' (Arraignment of Paris) વિશેષ જાણીતું છે. એમાં રાણી ઈલિઝાબેથની પ્રશસ્તિ કરવાનો હેતુ નાટકના અંતિમ દૃશ્યમાં સ્પષ્ટપણે પ્રગટ થઈ જાય છે. એ રાણીની ઉપસ્થિતિમાં ભજવાયું હતું. એમાં એણે દેવતાઓ વચ્ચેના કલહની જૂની કથા રજૂ કરી છે: ત્રણ દેવીઓ વચ્ચે સોનેરી સફરજન કોને આપવું તે વિષે ઝગડો થાય છે અને સૌથી સુંદર દેવીને તે આપવાનો નિર્ણય થાય છે, પણ સૌથી સુંદર દેવી કોણ તે વિષે મતભેદ છે. એ સમયે ડાયેના (Diana) નામની એક દેવી પ્રવેશે છે અને ચુકાદો આપે છે કે શીલવતી અને સુંદરતમ પરી—જે સદ્ભાગ્યે પ્રત્યક્ષ છે–ને જ આ સોનેરી સફરજન આપવું યોગ્ય છે. અને બધા એકમતે એ પ્રત્યક્ષ બેઠેલી પરીને ઓળખી કાઢે છે: ડાયેના સ્ટેજ પરની 'રૉયલ બૉક્સ'માં કૂદી પડે છે અને રાણી ઈલિઝાબેથને હાથોહાથ સોનેરી સફરજન એનાયત કરે છે! જૉન લિલી તો રાણીની પ્રશંસાના માત્ર નિર્દેશો રજૂ કરીને અટકી ગયો હતો, પણ પીલ તો એક ડગલું આગળ વધે છે ને રાણીની પ્રગટપણે

ખુશામત કરતો જણાય છે. પરંતુ પચાસની ઉંમરે પહોંચેલી રાણીને પણ આ ચમત્કારક અંતમાં પ્રશંસાને બદલે બેવકૂફી લાગે છે અને પીલને ત્યાર પછી આવી રીતે રાણીની ખુશામત કરવા માટેની બીજી તક માટે પરવાનગી મળતી નથી.

આ નાટકમાં મુખ્ય તો પૅરિસ અને ઈનાઉની(Oenoune)ના પ્રેમની અને પૅરિસની બેવફાઈની કથા છે. ઈડા પર્વત ઉપર બે પ્રેમીઓ બેઠાં છે. પૅરિસ ગીત ગાવાની માગણી મૂકે છે. ઇનાઉની તેને જવાબ આપે છે તેમાં સરસ વિધિકટાક્ષ છે. એ કહે છે, કામદેવનો એવો શાપ છે કે જે જૂનો પ્રેમ ત્યજી નવામાં લપટાય છે તે નિષ્ફળતામાં જ પરિણમે છે.

There is a prettv sonnet, then; we call it "Cupid's curse" / They that do change old love for new, pray gods they change for worse!" અને અંતે પૅરિસ પોતાની પ્રિયતમાને બેવફા જ નીવડે છે!

પીલનું બીજું નાટક 'ડેવિડ અને બેથસાબે' (David and Bethsabe) કાર્યની દૃષ્ટિએ સાવ ટાઢું છે. બે પ્રવાહોનું સંકલન પણ શિથિલ છે. પણ નાટ્યશૈલી આકર્ષક છે. 'ધી ઓલ્ડ વાઈવ્ઝ ટેઈલ્સ (The Old Wives' Tales)માં રોમૅન્ટિક કૉમેડી પર કટાક્ષ છે. મિલ્ટનને તેની કૃતિ કોમસ (Comus) માટે આમાંથી પ્રેરણા મળેલી. પીલનાં આ બધાં નાટકોમાં તેની નાટ્યકાર તરીકેની અનેક ક્ષતિઓ સ્પષ્ટપણે દેખાય છે. રંગભૂમિની સમજદારી પણ તેનામાં નથી. ખરું જોતાં પીલની પ્રતિભા નાટ્યકારની નથી, ઊર્મિકવિની છે.

ટૉમસ કીડ (૧૫૫૮–૧૫૯૪)

સેનેકાની ટ્રૅજેડીમાંથી પ્રેમ, ખૂન અને વેરનાં વિલક્ષણ તત્ત્વો ગ્રહીને પોતાની આગવી નાટ્યપ્રતિભા વડે ટૉમસ કીડે (Thomas Kyd) 'સ્પૅનિશ ટ્રૅજેડી' (Spanish Tragedy) દ્વારા પ્રથમ વાર જ અંગ્રેજી નાટ્યરસિક વર્ગને સાચી ટ્રૅજેડીના સ્વરૂપનો આસ્વાદ કરાવ્યો. એની પાસે કવિત્વ ઝાઝું નહિ, પરંતુ રંગભૂમિ પર ઘટનાઓની પસંદગી અને તેનું આયોજન કરવામાં તેની સૂઝ જબરી હતી. પ્રેક્ષકોના શ્વાસ અધ્ધર કરી રાખે, તેમના રોમ ખડા થઈ જાય એવી ભયાનક ઘટનાઓથી સભર ટ્રૅજેડી રજૂ કરીને તે સારી એવી નામના કમાઈ ગયો. ઐતિહાસિક ઘટનાનો તેણે આધાર લીધો હોવા છતાં પાત્રચિત્રણમાં અને સનસનાટી પેદા કરે તેવા ઘટના-નિરૂપણમાં તેની મૌલિકતા પ્રશસ્ય છે. પાત્રોનાં ચિત્તનું ડોલન તે રસપ્રદ રીતે દર્શાવી શક્યો છે. સેનેકાની ટ્રૅજેડીમાં અત્યત રસપ્રદ ઘટનાઓ પડદા પાછળ બનતી, અને વિષ્કંભક (messenger) સામાજિકો સમક્ષ તેનું વર્ણન કરી જાય એવી નીરસ પદ્ધતિ હતી. કીડે જીભ કચડીને સ્ટેજ પર લોહી થૂકવાની, ખૂન અને આપઘાતની, ભૂતની હિલચાલની અને એવી રૂવાં ખડાં કરે તેવી ઘટનાઓ સ્ટેઈજ પર રજૂ કરીને નાટકમાં એક નવું પરિમાણ હાંસલ કર્યું. ગીતોમાં પણ—

O eyes no eyes, but fountains fraught with tears!
O life no life, but lively form of death!

જેવી લંડનની ગલીઓમાં લોકમુખે ગવાતી થઈ ગએલી પંક્તિઓ વિપુલ પ્રમાણમાં રચીને તેણે અપ્રતિમ લોકપ્રિયતા પ્રાપ્ત કરી. તેની ગીતકંડિકાઓ તો પચાસ પચાસ વર્ષ સુધી લોકજીભે ને સાહિત્યમાં રમતી રહી.

પોર્ટુગલના રાજકુમાર બૅલ્થઝાર (Balthazar)ના હાથે લડાઈમાં મરીને ભૂત રૂપે પ્રગટતા આન્દ્રેઆ (Andrea)ના, એ રાજકુમાર પર વેર લેવાના શપથથી નાટકનો આરંભ થાય છે. નાટ્યવસ્તુ વિકસે છે ત્યાં સમજાય છે કે એક ઉમરાવની દીકરી બેલ-ઇમ્પીરિયા (Bell-Imperia) આન્દ્રેઆની પ્રિયતમા હતી; પરંતુ એના મૃત્યુ પછી આન્દ્રેઆના જીવનભરના વિશ્વાસુ મિત્ર અને સ્પેઈનના સરસેનાપતિ હાયરૉનીમો (Hieronimo)નો પુત્ર હોરેશિયો એ યુવતીનો પ્રેમી બની તેને બગીચામાં રીઝવતો બેઠો છે. બીજી તરફ રાજકુમાર બેલ્થઝાર ખુદ તે યુવતીના પ્રેમમાં છે. બેલ્થઝાર ને તેનો એક સાગરીત લૅરેન્ઝો (Lorenzo) હોરેશિયોનું ખૂન કરવા બગીચામાં આવે છે. બગીચામાં બે પ્રેમીની લીલા ગીતગોષ્ઠિરૂપે ખેલાઈ રહી છે. બેલ-ઈમ્પીરિયા પ્રેમીને કહી રહી છે 'હું કામદેવની રતિ ને તું યુદ્ધનો દેવતા, અને જ્યાં યુદ્ધનો દેવ રાજ્ય કરે ત્યાં લડાઈ થાય જ'. હોરેશિયો તૈયાર જ છે: 'ચાલ ત્યારે આપણી લડાઈ શરૂ. તારો (સુકુમાર) હસ્ત મારા કઠોર હસ્તમાં મૂકી દે...અને તાકાત અજમાવી લે.' બેલ-ઈમ્પીરિયા કહે: 'મારા પગને હડસેલવા તું તારો પગ આગળ લાવ'. એટલે હોરેશિયો કહે છે: 'ના, એમ નહિ; પહેલાં તો નજરો લડવી જોઇએ...મારી નજર તારી સામે ટકરાશે.' બેલ ઈમ્પીરીઆ કહે: 'એમ? ત્યારે હોશિયાર! ચુંબનથી તારા પર આક્રમણ લાવું છું.'

અને ત્યાં તો જબરો વળાંક આવે છે. પેલા બે હત્યારા હોરેશિયોનું ખૂન કરી નાખે છે. પ્રેમિકાની ચીસાચીસથી હોરેશિયોનો પિતા આવેશમાં દોડી આવે છે—કરુણ ઉદ્‌ગાર કાઢતો: 'What outcries pluck me from my naked bed' (કોની ચીસોએ મને મારી પથારીમાંથી ઝબકાવી મેલ્યો?) કોઈક વિવેચકોને એમાં 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ' માં, ટિટાનિયા બૉટમના ગીતથી જાગીને જે ઉદ્‌ગાર કરે છે—What angel wakes me from my flowery bed?–તેનું સ્મરણ થાય છે. કીડની 'સ્પૅનિશ ટ્રૅજેડી' તો શેક્સ્પીઅર ને બીજા અનેક નાટ્યકારોની સામગ્રી માટેનો 'પ્રૉપર્ટી રૂમ' છે.

હોરેશિયોનો પિતા હાયરોનીમો પુત્રના શબને બાઝીને અરેરાટી થાય તેવું આક્રંદ કરીને વેરના શપથ લે છે. એ સાચેસાચ કે ગણતરીપૂર્વક પાગલપણામાં ઘૂમે છે. શેક્સ્પીઅરના 'હૅમ્લેટ'માં આ જ વસ્તુભાવનું શિષ્ટ અને કલાત્મક રૂપ પ્રગટે છે. હાયરોનીમો સ્પેઈન-પોર્ટુગલની સંધિના ઉત્સવરૂપે એક નાટ્યપ્રયોગ ગોઠવે છે, અને એ નાટકમાં પાત્રરૂપે ભાગ લેનારાં બેલ્થઝાર, લૅરેન્ઝો, બેલ-ઈમ્પીરિયા બધાં જ ખૂન અથવા આપઘાત કરીને મરી જાય છે. (ફરી 'હૅમ્લેટ' યાદ આવે.) સ્પેઇનનો રાજા હાયરોનીમોને પકડે છે અને ગુના વિષે બળજબરીથી પૂછપરછ કરે છે ત્યાં જીભ કરડીને એ લોહી થૂંકે છે. એની પાસે લખાણ માગવામાં આવે છે ત્યારે કલમ સુધારવા માટે છરી મંગાવી, તે વડે રાજાનું ખૂન કરીને પોતે પણ આપઘાત કરી નાખે છે!

સમગ્ર નાટક કાર્યના ધમધમાટથી અને ઊર્મિના પ્રચંડ ઊભરા ઠાલવતા ઉદ્‌ગારોથી સભર છે. પાત્રો આવેશના વહેણમાં તણાઇને સનસનાટીભર્યાં કાર્યમાં ઝંપલાવે છે. ઈલિઝાબેથ યુગના સ્ટેઈજ પર પ્રેક્ષકસમુદાયનો પ્રચંડ સત્કાર પામનારું આ પહેલું ટ્રૅજિક નાટક છે. નાટકમાં તુમુલ આવેગભર્યાં વક્તવ્યો સામાન્ય પ્રેક્ષકોને આકર્ષી શકે તેવાં છે ને પાત્રો અત્યંત ઊર્મિલ છે. તેમનાં પ્રયોજનોમાં તે સ્પષ્ટ નથી, પણ એમાં કરુણતાનું જે તત્ત્વ ઊપસે છે તે નાટકની તમામ ક્ષતિઓને ઢાંકી દે છે. કીડે નાટકમાં સ્થળ-સમયની એકતાની સર્વથા ઉપેક્ષા કરી હોવા છતાં કાર્યની એકતા (Unity of 'Action) તેણે બરાબર જાળવી છે. તદુપરાંત પ્રયોજનની એકતા તો તેમાં છે જ. કીડની 'સ્પૅનિશ ટ્રૅજેડી' શેક્સ્પીઅરના 'હૅમ્લેટ'ની આગાહી કરે છે. કેટલાક વિદ્વાનોને શંકા છે કે કીડે 'હૅમ્લેટ' નાટક પણ રચ્યું હતું અને શેક્સ્પીઅરે તેના પર જ પોતાના નાટકની માંડણી કરી છે; પરંતુ કીડનું એ નાટક પ્રાપ્ય નથી. (ચાલુ)

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા • ૯

દાર્જીલિંગમાં

કલકત્તાના સ્ટેશને અમને લેવા આવેલા મિત્રોએ સલાહ આપી કે શહેરમાં ખૂબ રમખાણ અને જાનનાં જોખમ છે માટે ત્યાં ન રોકાવું. અમને તેઓ હાવડાના સ્ટેશનેથી સામી બાજુના શિયાલ્ડા સ્ટેશને હંકારી ગયા જ્યાંથી રાતને વખતે દાર્જીલિંગ એકસપ્રેસમાં ગોઠવાયા ને કલાકે ૬૦ માઈલની ગતિથી જતી એ ગાડીએ અમને સવારમાં ૩૨૦ માઈલ દૂર હિમાલયની તળેટીમાં આવેલા સિલીગુરી ટર્મિનસ સ્ટેશને ઉતાર્યા. અહીં તો બધું વાતાવરણ શાંત હતું. ત્યાંથી ૭૦૦૦ ફૂટ ઊંચાઈએ દાર્જીલિંગ સ્ટેશને પહોંચવા માટે ટચુકડી માઉન્ટન રેલવે ત્યાં ઊભી હતી. સામસામા માત્ર બે કે ત્રણ જણ બેસી શકે એવી એ રમકડા-ગાડીમાં બેસતાં પહેલાં દરેક જણે ગરમ પોશાક સજી લીધો અને લગભગ ૭૦ માઈલના ચડાણ પછી બપોરે બાર વાગ્યે દાર્જીલિંગ પહોંચ્યા. ત્યાંની સમૃદ્ધ વનરાજિ, આકાશના વિવિધ પલટા અને રંગબેરંગી ફૂલોએ સૌના મનમાં રંગરાગના સૌન્દર્ય પર મોહ ઊપજાવ્યો. મારાં (સર ચીનુભાઈનાં કુટુંબી) વિદ્યાર્થીઓએ ઘણાં ચિત્રો કર્યાં. મેં પણ એક પહાડની આકૃતિમાં શિવ-પાર્વતીનાં સ્વરૂપો જોયાં અને દેવપાત્રોની આકૃતિ સૂચવતું ચિત્ર કર્યું. તે ઘણું કરી બનારસના ભારત કલાભવનના સંગ્રહમાં છે.

પણ મારા મનમાં તો હજી અજંતાની કલા-ધૂન ગાજતી હોઈ ત્યાં મેં એક મોટા માપનું ચિત્ર કર્યું તેને 'જીવનસંગીત' નામ આપી સર ચિનુભાઈને ભેટ કર્યું. તેના હાર્દને પ્રકટ કર્યા વિના પણ તે સૌને ગમ્યું, પણ એક બેન સમજી ગયાં કે મારે ત્યાં આ વર્ષે એક કુમારનો જન્મ થયો છે તેની આનંદોર્મિ તેમાં ઊતરી છે. હું મૌન જ રહ્યો. વાત ખરી જ હતી.

દાર્જીલિંગમાં અમે લામાઓ તથા લેપ્ચા, ભૂટિયા અને નેપાળી સ્ત્રી-પુરુષો જોયાં. તેમની દૃઢ સુંદર કાયા અને હિંમત તથા શ્રમ-કાર્યો અનેક ચિત્રો માટે વિષય બને તેવાં હતાં. પણ ત્યાંની ઠંડી માટે અમે પૂરેપૂરા ટેવાયા નહિ હોવાથી બહુ ફરી શકતા નહિ. દાર્જીલિંગમાંથી કાંચનજંઘાનો આખો પર્વત દેખાય છે પણ અમારા નસીબે તેના પર સદા વાદળનો પડદો જ રહ્યો. અંતે ત્યાંના પ્રસિદ્ધ ફોટોગ્રાફર સેનની સૂચનાથી પંદર દિવસ બાદ અમે દસ માઈલ નીચે સિક્કિમના માર્ગ ઉપર ગયા, ત્યાં તો હીરાનો ઢગ હોય એવો એક નગાધિરાજ દેખાયો. જગતમાં ત્રીજા નંબરની ઊંચાઈ ધરાવતા એ હિમાલય-શિખરનું હું એક જ નાનું ચિત્ર કરી શક્યો ત્યાં તો એ વાદળમાં લપાઈ ગયો. કોઈ કોઈ વાર સંધ્યાકાળે કે પ્રભાતે તેનાં શિખરો દેખાતાં. જે કોઈ વાર હીરાનાં, તો કોઈ વાર સોનાનાં ને કદીક તામ્રવર્ણાં પણ બની જતાં.

હિમાલયની આહ્લાદક હવાનો લાભ તો કલકત્તાવાસીઓ જ ખરો મેળવે છે. ઘણા પરોપકારી માણસોએ ત્યાં લ્યુઈસ સેનિટેરિયમ બાંધ્યું છે, જ્યાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, લેખકો આવી બહુ સસ્તા દરથી રહે છે. અને ઉનાળાના ત્રાસથી બચી પોતાનો ઉચ્ચ કોટિનો અભ્યાસ કરે છે.

પ્રો. જદુનાથ સરકાર જેવા મહાન તત્ત્વવિદ્ ઇતિહાસકારે પણ ત્યાં ઝૂંપડી બનાવી પોતાની વિવિધ નોંધો પરથી મોટા ઇતિહાસગ્રંથ ત્યાંની શાંતિમાં લખ્યા છે. શિવાજી ને ઔરંગઝેબ વચ્ચેના પત્રવ્યવહાર તથા તત્કાલીન મહારાષ્ટ્રીય જીવન વિષે પ્રમાણસિદ્ધ ગ્રંથો લખનાર તરીકે તેઓ પ્રસિદ્ધ હતા. ત્યાં તેમનો પરિચય મેળવવાનું ભાગ્ય અમને પાછળથી દાદાસાહેબ (ગણેશ વાસુદેવ) માવળંકર દ્વારા પ્રાપ્ત થયું.

શ્રી દાદાસાહેબ માવળંકરને ચિનુભાઈના પરિવાર સાથે ઘણો ઊંચો સ્નેહ-સંબંધ હતો. એટલે કોઈ પણ પર્વતીય પડાવ થાય ત્યારે તેમને મહેમાન થવા આગ્રહભર્યું નિમંત્રણ મળે. એ રીતે દાર્જીલિંગમાં અમે સ્થિર થયા એટલે પંદરેક દિવસે તેઓ આવી પહોંચ્યા. અહીં વહેવારની કોઈ વાત જ કરતું નહિ. દાદાસાહેબ કોર્ટના હસાવનારા કિસ્સા, વકીલોનાં ટીખળો અને પેશ્વાઈ બખરો (ચોપડા-દસ્તાવેજો)ની વાતો કરતા. ઘણી વાર તે બાજીરાવ પેશ્વા કે માધવરાવ પેશ્વાનો લહેજો દર્શાવતા ઊભા થઈ જતા ત્યારે લાગતું કે તેઓ સારો અભિનય કરી જાણતા હશે. એક વાર તો તેમણે મારા એક વિદ્યાર્થીની રંગપેટી લઈ બંગલામાંથી દેખાતું ખીણનું દૃશ્ય ચીતરી બતાવ્યું હતું. તેમાં કોઈ વિગત છોડી નહોતી, માત્ર કોઈ તાલીમ વિનાનું બરછટ કામ હતું, પણ નજર પાકી હતી.

દાદાસાહેબ રોજ ફરવા જતા. એક દિવસ આવીને રાત્રે જણાવ્યું કે આવતી કાલે તેઓ એક મહાન વિદ્વાન ઇતિહાસકાર સર જદુનાથ સરકારને સૌનો પરિચય કરાવવા નોતરું આપી આવ્યા છે. જદુનાથ સરકારની પ્રસિદ્ધિ અમે સૌ જાણતા હતા, તેથી ચા નાસ્તાની સારી મિજબાનીની તૈયારી કરી રાખી. બીજે દિવસે બપોરે બે વાગ્યે સાદા ગરમ સૂટમાં જદુનાથ સરકાર આવ્યા. સાથે પડછંદ કાયાવાળો કથ્થાઈ સૂટમાં એક ઊંચો પડ્ડો જુવાન હતો. તેમણે આવતાં જ ઓળખાણ કરાવ્યું કે એ તેમના શિષ્ય શ્રી રાખલદાસ બૅનરજી છે, જે તાજેતરમાં જ સિંધમાં મોંહેં-જો-દડોનું પ્રાચીન નગર શોધવાનું માન પામ્યા છે. તે પોતાની પાસે ભણતા ત્યારે ટીપુ સુલતાનના સમય ઉપર સંશોધન કરતા. હાલ તેઓ સિંધમાં આર્કિયૉલૉજી (પુરાતત્ત્વ) ખાતાના અમલદાર છે. ૫૦૦૦ વર્ષ પૂર્વેના તામ્ર યુગની તેમની આ શોધ આજે વિશ્વને અજાયબી આપી રહી છે. તેના આ hero શોધક—વીરનાયક—સ્વમુખે તેની રસમય કથા કહે તે માટે જ લાવ્યો છું.

પછી થોડી પ્રાસ્તાવિક વાતો બાદ અમને બધાને મુખ્ય ખંડમાં એકઠાં કરી જદુનાથજીએ તેમને આરંભથી તેમની વાત કહેવા સૂચવ્યું. રાખલદાસ બંગાળ.માં સારા નવલકથાલેખક પણ હતા. 'શશાંક' નામની પ્રસિદ્ધ નવલકથાના લેખક તરીકે મેં તેમનું નામ સાંભળ્યું હતું. આજની એમની કથન શક્તિ પણ નવલકથા જેવી જ હતી. હું તક ચૂક્યો નહિ. કેટલાક કાગળો લઈ એક ખૂણે ગોઠવાઈ ગયો. તેમની વાત બે દિવસ ચાલી. કોઈ પરીકથા જેવું આશ્ચર્ય સૌને થયું. ગુજરાતમાં કોઈએ આ મોંહેં-જો-દડોની વાત જાણી નહોતી. મેં મારી નોંધ પરથી તેમના કથનનો ઠાઠ પકડી રાખી કેટલાંક ચિત્રો મેળવી 'કુમાર' મારફત ગુજરાતને એ આપી ત્યારે સ્વ. ડોલરરાય માંકડ જેવા વિદ્વાનનું અભિનંદન પામ્યો હતો.

હું હમેશાં એકલો ફરવા નીકળતો અને પ્રો. સરકાર જે માર્ગે ફરવા જાય છે તે જાણી તેમની સાથે થઈ જતો. તેઓ પણ મારી યોગ્યતાનો વિચાર કર્યા વિના ઘણા ખુલ્લા દિલથી વાતો કરતા. અમે દાર્જીલિંગ છોડયું ત્યારે તેમણે તેમના એક મિત્ર ઉપર મને પત્ર આપ્યો હતો:

My Dear Jotindra Babu,

I have great pleasure in introducing to you Mr. Raval, a keen and gifted Gujarati artist. You will find much to interest you if you can have a talk with him on arts subjects. He has had a rich and varied experience, and if a layman like me can presume to say anything on aesthetics, his opinions are very sound. —Yours truly, Jadunath Sarkar

પ્રિય જ્યોતીન્દ્રબાબુ,

તીક્ષ્ણ બુદ્ધિ અને શક્તિવાળા એક ગુજરાતી કલાકાર શ્રી રાવળનો તમારી સાથે પરિચય કરાવતાં મને અતિ આનંદ થાય છે. કલાના વિષયો પર તેની સાથે વાતો કરી જોશો તો ઘણું રસપદ તમને મળશે. તેને વિવિધ પ્રકારના સમૃદ્ધ અનુભવો છે ને તેના વિષયથી અનભિજ્ઞ મારી જેવો સાદો માણસ સૌંદર્યમાનની સમજ કંઈ કહી શકે એમ માનતા હો તો મને તો તેના અભિપ્રાયો બહુ સંગીન લાગ્યા છે.–તમારો જદુનાથ સરકાર

દાર્જીલિંગના બે માસના પર્વતીય નિવાસમાં હિમાદ્રિ પર્વતમાળાઓના સતત દર્શન કરતાં અમે બીજું યે ઘણું જોઈ નાખ્યું. હિમાલયનો એક ભાગ એવો હતો જ્યાં દાર્જીલિંગની ઉત્તરે માત્ર તિસ્તા નદીની રેખાથી જ ભારત જુદો પડે છે. તિસ્તાનો પુલ ઓળંગી અમે સિક્કીમની ભૂમિ પર ગયા હતા. ત્યાં કાંઠે જ એક વાડીમાં શિવાલય જોયું અને પૂજારીને મળ્યા ત્યારે જાણ્યું કે તે ડાકોરના બ્રાહ્મણ હતા! વર્ષોથી સિક્કીમમાં આવી ઠર્યા હતા. આવી સાહસિકતા અનેક ગુજરાતી વેપારીઓઓ આફ્રિકા, માડાગાસ્કર, મોરિશ્યસ અને પૂર્વ તરફ ન્યૂ ગિયાના, જાવા, બાલી સુધી મોટા સમૂહમાં બતાવી છે ને ભારતીય સંસ્કૃતિનો સદ્ભાવ વધાર્યો છે.તેનું ગૌરવ આ એક સાદા પૂજારીને જોઈ અમારામાં જાગ્રત થયું.

દાર્જીલિંગના ઘૂમ સ્ટેશન પાસેના બુદ્ધ-મઠમાં ભીંતો ચીતરતા તિબેટી ચિતારા જોયા. તેમનામાં અજંતાની અંતિમ કાળની પદ્ધતિ હજુ પણ ચાલુ હતી. એ સિવાય પતંગિયાંનું સંગ્રહસ્થાન તથા હિમાલયનાં હજારો પુષ્પો ને વનસ્પતિઓ પર જીવતાં પતંગિયાં, કીડા, ભમરા અને નાનાં ફૂદાંનું અપ્રતિમ અનન્ય પ્રદર્શન પણ જોયું. રંગનું વ્યાકરણ અને જ્ઞાન સમજવા માટે પુસ્તકો જોવા કરતાં આ કુદરતના રંગોની તેજસ્વિતા, મિલાવટો, વિવિધતાઓ, ભલભલા કલાકારને વિસ્મય પમાડે એવાં હતાં. અમુક જાતનાં પતંગિયાંનાં માપ એક વેંત જેટલા વિસ્તારની પાંખોવાળાં હતાં. આ નમૂના કાચની પેટીઓમાં સાચવવા માટે તેમાં રાખવાની દવા ને હવાની વ્યવસ્થા તેમજ નામાવલીની નોંધ રાખનાર એક નિષ્ણાત વૈજ્ઞાનિક ત્યાં જ રહેતા ને તેમણે જ અમને બધું સમજાવ્યું.

કલકત્તામાં

જૂન માસમાં નીચેનાં મેદાનોમાં વરસાદ થયાના સમાચાર મળતાં એ પર્વતીય વૈભવો છોડી અમે નીચે ઊતરી કલકત્તા પહોંચ્યા. ત્યાં અમારે બે પાંચ દિવસ રોકાઈ કલકત્તાનાં મુખ્ય સ્થળો જોવાં હતાં. તે માટે શ્રી લક્ષ્મીશંકર જોશીએ ભવાનીપુર વિભાગમાં એક સુવ્યવસ્થાવાળું મકાન રાખી લીધું હતું. શહેરમાં હમણાં બધું શાંત હતું પણ ઉત્તર વિભાગમાં જવામાં જોખમ છે એમ જાણતાં મેં શ્રી અવનીન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથને ફરી મળવાની આશા મૂકી દીધી. પણ મારા વિદ્યાર્થીઓ સાથે સરકારી 'ઇન્ડિયન મ્યૂઝિયમ' અને જોડાજોડ આવેલી સરકારી 'આર્ટ સ્કૂલ' જોયાં. કલકત્તાનું મ્યૂઝિયમ ભારતમાં સૌથી મોટું ગણાય છે કારણ કે અંગ્રેજ લોકોએ સૌ પ્રથમ ત્યાં રાજધાની રાખી હતી. ત્યાં અમે સમસ્ત ભારતના પુરાતન અવશેષો તેમજ વિજ્ઞાનના પુરાવા રૂપ પ્રાચીન પ્રાણીઓ જે હાથી કરતાં પણ બે-ચાર ગણાં મોટાં હતાં તેમનાં હાડપિંજરો ને ઈ.સ. પૂર્વેથી ઈ. સ. ૧૮૦૦ સુધીના શિલ્પાવશેષો જોયા.

હરિ: ૐ આશ્રમ તરફનાં
જુલાઈ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો
જીવનચરિત્રો 'જ્યોતિરાવ ફૂલે' તથા 'લીલા આજગાંવકર માટે'
શ્રી ચિમનલાલ સોમપુરાને
વ્યક્તિચિત્ર 'વૈદ્યરાજ સુંદરજી ઝીણા' માટે મુકુંદરાય પારાશર્યને

તે પછી મ્યૂઝિયમના જ એક ખંડમાં સ્વ. હેવેલે રચેલી ભારતીય ચિત્રોની ગૅલેરી જોઈ. તેમણે હિંદી કળાનું અસ્તિત્વ સિદ્ધ કરતાં અસાધારણ લાગતાં મુઘલ, રાજપૂત, પહાડી, ગુજરાતી ને બંગાળી અસલ ચિત્રો સરકાર તરફથી ખરીદી ગોઠવેલાં. વળી ભારતીય કલામાં જે રૂપ રંગ અને ભાવ તેમજ લક્ષણો તથા શૈલીઓ છે તે સમજાવતા ગ્રંથો એમણે લખેલા. એ ગ્રંથોએ વિશ્વના કલા-વિવેચકોમાં તેમને સ્થાન અપાવેલું.

પરંતુ આ મ્યૂઝિયમની જોડાજોડ આવેલી ચિત્રશાળા જોતાં જરા નિરાશા થઈ. પ્રિન્સિપલ પર્સી બ્રાઉન રજા પર ગયા હતા. તેમની જગ્યા શ્રી જે. પી. ગાંગુલી સાચવતા હતા અને હિંદી ચિત્રકળાનો વિભાગ શ્રી અવનીન્દ્રનાથે હોદ્દો છોડયા પછી પટણાના પરંપરાગત ચિત્રકાર લાલા ઈશ્વરીપ્રસાદને સોંપાયો હતો. શ્રી ગાંગુલીએ દૃશ્ય-ચિત્રોમાં સારી પ્રવીણતા બતાવી હતી. તેમની વિદ્યાર્થી-અવસ્થામાં તેમણે કરેલા વર્ષાના ચિત્ર માટે સીમલા પ્રદર્શનમાં સુવર્ણચંદ્રક અપાયો હતો. યુરોપી સ્પર્ધામાં છાયાચિત્રો કરી ઈનામ લેનાર તે પહેલા જ ભારતીય હતા, એ વાતની નોંધ ગુજરાતી પત્રમાં મેં વાંચેલી. પણ મોટાં પ્રસંગ-સંયોજનમાં તેમણે કરેલાં કાદમ્બરીનાં ચિત્રો ઇંગ્લૅન્ડના કલાકારોનાં ચિત્રો પરથી કરેલાં એ વાત હું કળી ગએલો, એટલે તેમની સાથે બહુ વાતો જામી નહિ. પણ ઈશ્વરીપ્રસાદ ખીલ્યા ને પોતાનાં ચિત્રો બતાવવા બાબુ પૂર્ણચંદ્ર નહારને ત્યાં અમને લઈ ગયા. પણ ત્યાં તેમણે કરેલાં ઑઈલ પેઇન્ટિંગનાં પૂરા માણસ માપનાં ચિત્રો જોઈ નિરાશ થયો. તેમને ગર્વ હતો કે અંગ્રેજી શેઈડ લાઈટ વિના પણ પોર્ટ્રેટ થઈ શકે છે.

એ જ ચક્કરમાં ચોરંઘી પર 'ઓરીએન્ટલ આર્ટ સોસાએટી' જોવા ગયા. સાંજ પડી હતી એટલે સેક્રેટરી અને એક-બે જણ ચિત્રોનો થોકડો ઉથલાવતા બેઠા હતા. તેમણે હસતાં હસતાં કહ્યું: 'જુઓ, અહીં દેવીપ્રસાદ રાય ચૌધરી કરીને એક વિદ્યાર્થી હતો, તેણે વરસાદમાં ફસેલું આ ગાડું ચીતર્યું છે, તેમાં યુરોપિયન ટેકનિકનો ઉપયોગ કર્યો છે.' ચિત્રમાં ભારતીય ઢબની રેખાનો ઉપયોગ કર્યો નહોતો પણ રંગનો ભાર સંપૂર્ણ જાળવ્યો હતો. મેં તે એક વાર 'મૉડર્ન રિવ્યુ'માં છપાએલું જોએલું. સેક્રેટરીની રજા લઈ અમે ભીંત પર ગોઠવેલાં બધાં ચિત્રો જોયાં. તે બધાં નવી બંગાળ શૈલીનાં હતાં પણ સુરેખ આકારો અને મધુર રંગોમોહિનીવાળા હતા. મોટા ખંડની પ્રદર્શન માટેની સજાવટ પણ મનોરમ હતી. 'સ્કૂલ ઑવ આર્ટ' છોડયા પછી પોતાનું કામ ચાલુ રાખવા શ્રી અવનીન્દ્રનાથ તેમજ શ્રી અર્ધેન્દ્ર કુમાર ગાંગુલી, વગેરેએ એક મિત્રમંડળ ઊભું કરી આ સોસાએટી સ્થાપી હતી અને તેની પ્રતિષ્ઠા સ્કૂલ ઑવ આર્ટ કરતાં પણ વધી ગઈ હતી. ઘણા માણસોને અને સ્કૂલ ઑવ આર્ટની પદ્ધતિને યુરોપના વાંદરાવેડા કહેતાં સાંભળ્યા. (ચાલુ)

અનુસંધાન] **ભારતની સંરક્ષણસેનાઓ** [પૃ. ૨૪૮ થી

આના પણ પાછા વિભાગો છે જે મેજર જનરલના પદધારી જનરલ ઑફિસર કમાન્ડિંગને એથી યે નીચેના વિભાગો બ્રિગેડીઅરને આધીન રહી કામ કરે છે.

ઈન્ફન્ટ્રી, આર્મ્ડ કોર, રેજિમેન્ટ ઑવ આર્ટિલરી ઍન્જિનીઅર કોર, સિગ્નલ કોર, આર્મી સપ્લાય કોર, આર્મી ઑર્ડનન્સ કોર, આર્મ્ડ મેડિકલ કોર, આર્મી ડેન્ટલ કોર, ઇલેક્ટ્રિકલ અને મિકૅનિકલ એન્જિનીઅર કોર, સર્વિસ આર્મી એડયુકેશન કોર, રીમાઉન્ટ્સ ઍન્ડ વેટરીનરી કોર, આર્મી પોસ્ટલ કોર, મિલિટરી પોલીસ કોર અને ઈન્ટેલિજન્સ ઍન્ડ ડિફેન્સ સિક્યોરિટી કોર એ ભૂમિસેનાની વિવિધ શાખાઓ છે.


આ ઉપરાંત, ચીની આક્રમણ પછી ઊંચા પહાડી પ્રદેશોમાં લડવાની ખાસ ક્ષમતા ધરાવતી માઉન્ટ ડિવિઝનો પણ તૈયાર કરી છે.

લશ્કરમાં ઊતરતા ક્રમે જનરલ, લેફ્ટેનન્ટ જનરલ, મેજર જનરલ, બ્રિગેડીઅર, કર્નલ, લેફ્. કર્નલ, મેજર, કૅપ્ટન, લેફ્ટેનન્ટ, સેકન્ડ લેફ્ટેનન્ટ. એ મુખ્ય અફસરો ગણાય છે. આમની નીચે જુનીઅર કમિશન્ડ ઑફિસર તરીકે સુબેદાર મેજર, સુબેદાર અને નાયબ સુબેદાર કામ કરે છે. આ ઉપરાંત એમની પછીના અધિકારીઓ હવાલદાર, નાયક અને લાન્સ નાયક તરીકે ઓળખાય છે.

(હવે પછી 'નૌકાદળ' વિષે)

કલાચાર્ય

સ્વ. સુધીરરંજન ખાસ્તગીર



'આધુનિકતાવાદી પ્રયોગોએ કલાજગતમાં હલચલ મચાવી દીધી છે. આપણા સુધી એનો ધક્કો નથી પહોંચ્યો એવું નથી. કમજોર જડ પર જેઓ શિથિલ રૂપે ઊભા હતા ને પોતાને પ્રગતિશીલ, સાર્વદેશિક અને ન જાણે શું શું સમજતા હતા એ બધા એના પ્રવાહમાં ભળી ગયા. જો કે ભારતીય કલાપરંપરાના ખરા અનુયાયીઓ પોતાની અભિજ્ઞતાથી એમાંથી યે કંઈક નવું શીખ્યા છે, પરંતુ જેમને સાચા વ્યક્તિત્વનું ભાન નથી, જેમણે કદી ભારતીય કલા અને સંસ્કૃતિના ઐશ્વર્યનો અનુભવ કર્યો નથી ને મૂર્ખતાવશ જે કંઈ કૂડ-કર્કટ મળ્યું તે અપનાવી લીધું છે એમને માટે પાશ્ચાત્ય કલા તથા સંસ્કૃતિનું અંધ અનુકરણ સંભવિત છે...પોતાના દેશની કલાનું પૂરું અધ્યયન કર્યા વિના જ પાશ્ચાત્ય કલા ને ટૅકનિકના અભ્યાસ માટે વિદેશયાત્રાઓ કરવાનો કલાશિક્ષણનો ખયાલ જ ગલત છે. આથી આપણી સંસ્કૃતિમાં આપણી કલાનાં મૂળ ઊંડાં ઊતર્યા વગર જ વિદેશી અનુકરણ કરવાથી ભારતીય કલાનો હ્રાસ થશે. પારસ્પરિક આપલેની ભાવનાથી જે વિનિમય થાય તે ઇચ્છનીય છે, પણ એ યાદ રાખવું જોઈએ કે જેમની પાસે આવશ્યકતાથી અધિક છે તેઓ જ આ પ્રકારની પ્રવૃત્તિમાંથી લાભ પામી શકે છે. વ્હિસલરે ચીની શૈલીમાંથી ઘણું ગ્રહણ કર્યું હતું, પણ એ ભિક્ષુક નહોતા. શું અપનાવવું એની એમને પૂરી સમજ હતી... આજની ભારતીય કળાએ એના વર્તમાન અને ભાવિ સ્વરૂપના આધાર અને બીજને પોતાના કલા-ઇતિહાસમાંથી ખોળવાનાં છે. એ ત્યારે જ થઈ શકે જ્યારે આપણે આપણા સાંસ્કૃતિક ઉત્તરાધિકારનું મૂલ્ય સમજીએ ને એને અપનાવીએ.'

ગઈ ૨૭મી મેના રોજ શાંતિનિકેતનમાં થોડા દિવસની માંદગી બાદ જેમનું અવસાન થયું એ સ્વ. કલાકાર સુધીરરંજન ખાસ્તગીરના આ શબ્દો છે. એમનાં રેખાચિત્રો, તૈલચિત્રો, લીનોકટ, માટીની મૂર્તિઓ, પ્રસ્તર પ્રતિમાઓ કે ભિત્તીચિત્રો આદિએ એમના સમયમાં સમસ્ત કલાજગતનું ધ્યાન આકર્ષ્યું હતું. જનજીવનનું ચિત્રણ, એમને જે કંઈ જ્યાંથી લાધ્યું તે સમજીને, બૂઝીને, અપનાવીને પોતાની આગવી રીતે એમણે મૌલિકતા, ભારતીયતા અને અભિવ્યજનાથી રજૂ કર્યું છે. એમની કૃતિઓમાં કોઈમાં જીવનનું નિગૂઢ સત્ય વ્યંજિત છે તો ક્યાંક સાંસારિક થપાટોથી વિચલિત થએલા મનની ઉદાસી વ્યાપ્ત છે. પત્નીના ક-સમયના મૃત્યુથી ઊંડો આઘાત પામેલા એમના અંતરની વ્યથા એમની અનેક કૃતિઓમાં વ્યક્ત થઈ છે. એમનું જીવન, આચાર-વિચાર કલ્પના ને ચિંતન જિંદગી પ્રત્યે, જગત પ્રત્યે ને પ્રકૃતિનાં રહસ્યો પ્રત્યે સદા સજગ ને ઉદ્‌બુદ્ધ રહ્યાં છે. વાતાવરણની રૂપછટા એમના ઉત્ફુલ્લ હૃદયને સ્પર્શી ગઈ છે તો જીવનના સંઘર્ષોએ પણ એમને પ્રેરણા આપી છે.



કલકત્તામાં ઈ. ૧૯૦૭ની ૨૭મી સપ્ટેમ્બરે એમનો જન્મ થએલો. પિતા સત્યરંજન એન્જિનીઅર હતા. ગિરડીહમાં અભ્યાસ કરી ઈ. ૧૯૨૫માં શાંતિનિકેતન ગયા. પણ ત્યાં પોતાનો ચાલુ અભ્યાસ લંબાવવાને બદલે એમણે નંદબાબુ પાસે ચિત્રકામ શીખવા માંડ્યું. બ્રહ્મસમાજી પરિવારમાં એમનો ઉછેર થયો હોઈ મૂર્તિપૂજા ને દેવદેવીઓમાં એમને ત્યારે આસ્થા નહોતી, પણ નંદબાબુનો આગ્રહ હતો કે પોતાના દેશની સંસ્કૃતિ ને સભ્યતાની પૃષ્ઠભૂમિ, લોકપરંપરાઓ ને પૌરાણિક કથાઓ

ખાસ્તગીરની ત્રણ ચિત્રકૃતિઓ.
રંકનું સ્વર્ગ (ડાબી બાજુ)
યુવા અને વૃદ્ધાવસ્થા (નીચે)
ચંદ્રમુખી (જમણી બાજુ)



સાથે દેવદેવતાઓ વિષેની પૂરતી સમજ પ્રત્યેક કલાકારમાં હોવી જોઈએ. એટલે એમણે પણ એ પરિચય કેળવ્યો હતો અને એમાંથી એમને ભારતીયતાનું ખરું સ્વરૂપ સમજાયું હતું.

કલાશિક્ષણ લઈ તેઓ મુંબાઈ ગયા ને ત્યાં બેરોજગારીની થપાટો ખાઈ અંતે ગ્વાલિયરની એક શાળામાં થોડો સમય નોકરી કરી. ઈ. ૧૯૩૬માં દહેરાદૂનની દૂન સ્કૂલમાં કલાવિભાગના અધ્યક્ષ તરીકે ગયા. ૧૯૩૭માં યુરોપનું ભ્રમણ કરી ઈટલી, જર્મની, ફ્રાંસ, ઑસ્ટ્રિયા, બ્રિટન વગેરે દેશોની ચિત્રકળાનો અભ્યાસ કર્યો, ને ત્યાંના કલાકારોનો પરિચય સાધી પોતાની કલાભૂમિ પર વધુ દૃઢતા તથા પરિશ્રમ સાથે કામ કરવાની પ્રેરણા લઈ આવ્યા.

દૂન સ્કૂલમાં એમણે લાંબા સમય સુધી સેવા આપી એ દરમિયાન એમની કલાસાધના તો જારી જ રહેલી. એતદ્દેશીય કલાપરિચય પામવા એમણે સમગ્ર ભારતની યાત્રા પણ કરેલી. ભારતનાં અનેક કલાપ્રદર્શનોમાં એમની કૃતિઓ રજૂ થતી રહેલી. બે વાર લંડનમાં ને એક વાર અમેરિકામાં પણ એમણે પોતાની કલા પ્રદર્શિત કરી હતી. ચિત્રકાર તથા શિલ્પી તરીકે એમની સર્વત્ર ખ્યાતિ હતી. ઈ. ૧૯૫૯-









← બંસીવાદક, બે બહેનો (વચ્ચે) અને કવિવર રવીન્દ્રનાથ (કલાકાર · ખાસ્તગીર)

થી તેઓ લખનૌની ગવર્નમેન્ટ કૉલેજ ઑવ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સના આચાર્ય હતા. કેન્દ્રીય લલિતકલા અકાદમીની જનરલ કાઉન્સિલના પણ તેઓ સભ્ય હતા. ઈ. ૧૯૫૭માં એમની કલાશક્તિને 'પદ્મશ્રી'ના માનથી નવાજવામાં આવેલી. અનેક શિષ્યોને એમણે કલાના પ્રગતિપથ પર મૂક્યા હતા. ઉત્તર પ્રદેશના કલાકારોમાં તેઓ ઘણા લોકપ્રિય હતા. એમની ચેતના સ્વાતંત્ર્ય-લડત અને સમાજસુધારા સાથે પણ સંકળાએલી હતી. આધુનિકતા—મૉડર્નિઝમના છદ્મથી તેઓ સારી પેઠે પરિચિત હતા. એ વિષે એમણે કહેલું: 'આપણે ભારતીય છીએ. આપણું જ્ઞાન, આપણા ગ્રંથો, આપણી પરંપરા સઘળું ઉચ્ચ કોટિનું છે. આપણા સમાજ અને આપણી સંસ્કૃતિને સમજવાની આપણી ફરજ છે અને એ સમજી શકવાની શક્તિ આપણા લોહીમાં છે. આધુનિક કલાકાર કેટલાક સુક્રિયાણા લોકોને પ્રસન્ન કરી શકે છે, પણ આમ જનતા એમની સાથે પગ ઉપાડી શકતી નથી.' (સંકલિત)

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા · ઉમરેઠ)) ની સલાહ

૧ દરેક અટકાવ વખતે ઊંઘાછતા થઈ જવાય એટલું બેશુમાર વીતે છે. 'ડી. ઍન્ડ સી.'ના ઑપરેશન પછી યે મટતું નથી. આનો કોઈ ઉપાય ખરો?

ઉ. રજોદર્શન વખતે પીડા થવાનું સામાન્ય કારણ ગર્ભાશયનો સોજો અને રુકાવટ છે, ગર્ભાશય-ગ્રીવા (સર્વિક્સ)નો ભાગ બહુ સજ્જડ હોય ત્યારે ગર્ભાશયમાંથી લોહી બહાર આવવામાં મુશ્કેલી થતાં પીડા ઊપડે છે. આ સ્થિતિ માટે 'બેન્ટાલ જેસિક' 'બેરાલગન', 'એવા ફોરટન' નામનાં ઍન્ટીસ્પાઝમોડિક ઔષધો લેવાથી પીડામાં રાહત રહે છે ને એ મટે છે.

અગાઉ આ સ્થિતિ માટે ડી. ઍન્ડ સી. (ડાઇલેટેશન ઍન્ડ ક્યુરેટેજ)નું ઑપરેશન થતું હતું, પણ આનાથી ખાસ ફાયદો થતો નથી. અરે, પ્રસૂતિ વખતે સર્વિક્સ ઘણું પહોળું થાય છે એ છતાંય પ્રસૂતિ બાદ પણ રજોદર્શન વખતે આ પીડા ચાલુ રહે છે.

આવી પીડા થવાનું બીજું કારણ ગર્ભાશય પાછળ ઢળી પડવાની 'રિટ્રોવર્ઝન' નામની સ્થિતિ છે. આમ થવાથી રજો-દર્શનના લોહીનો ગર્ભાશયમાં ભરાવો થઈ તેનો ગઠ્ઠો બાઝે છે જે બહાર નીકળવાની ભારે મુશ્કેલી થાય છે. આ માટે પેસરી વતી (યા ક્વચિત્ ઑપરેશન વડે) ગર્ભાશયને યથાસ્થાને ગોઠવાય છે.

જો ગર્ભાશયનો સોજો હોય તો રજોદર્શન અગાઉ ભરાવો થવાથી પેડુમાં પીડા થાય છે. આમાં વળી જો જીવાણુઓનો ચેપ લાગે તો ગર્ભાશય ખસેડાય નહિ એવું નિશ્ચલ બને છે.

એન્ડોમેટ્રીઓસીસ નામની એક રોગાવસ્થા છે જેમાં રજોદર્શનના એકબે દિવસ અગાઉ વેદના શરૂ થાય છે ને રજોદર્શન બંધ થયા બાદ શમે છે. આ સ્થિતિ માટે ગાયનેકૉલૉજિસ્ટ (સ્ત્રીરોગ નિષ્ણાત દાક્તર)ની સૂચના પ્રમાણે ઔષધોપચારથી આરામ થાય છે.

રજોદર્શન વખતની પીડા સગર્ભાવસ્થા દરમિયાન જણાતી નથી અને ઋતુનિવૃત્તિ બાદ કાયમની મટે છે.

૨ મારા નખ બરડ ને ખરબચડી કિનારવાળા છે. આમ થવાનું કારણ શું? આનો કોઈ ઉપાય ખરો?

ઉ. નખ બરડ થવાનાં ઘણાં કારણો છે; રક્તક્ષય, થાઇરૉઈડ ગ્રંથિના સ્રાવની ઓછપ, નખ પોલિશનો બહુ વપરાશ, સાબુ તથા સખત પાણીનો વપરાશ વગેરેને કારણે આમ બને. ચામડી તથા વાળની પેઠે વયના વધવા સાથે પણ નખ બરડ બને છે.

નખની તંદુરસ્તી સુધારવા સમતોલ ખોરાક લેવો જોઇએ. તાજાં શાકપાન ને ઋતુઋતુનાં ફળ ખાવાં જોઈએ. શાકપાનમાં પીળા રંગનાં શાક[illegible] લીલીછમ ભાજી વિશેષ લાભ કરે છે. પપૈયાં, તરબૂચ, ટમેટાં વગેરે ફળ ગુણદાયી છે. આ શાકભાજી અને ફળોમાંથી મળતું વિટામિન 'એ' ચામડી, વાળ ને નખના આરોગ્ય માટે ઉપયોગી છે.

કદીક કૅલ્સ્યમની ઊણપથી પણ નખ બરડ બને છે. કૅલ્સ્યમ માટે દૂધનો ખોરાક શ્રેષ્ઠ છે. જો તે અનુકૂળ ન હોય તો કૅલ્સ્યમની ગોળી લેવી.

૩ મારી ડાબી આંખ વારંવાર ફરકે છે. પાંપણ ઉપર દબાવવાથી તે મટે છે. દિવસનાં કામ કરતાં આથી મુશ્કેલી પડે છે. આનો કોઈ ઉપાય?

ઉ. પોપચાંના સ્નાયુ કે જ્ઞાનતંતુની ઉત્તેજનાના લીધે આવું થાય છે. આના કારણમાં થાક કે પછી નર્વસનેસ હોઈ શકે.

એક આંખ ફરકે છે એટલે કદાચ તે તાણ નીચે કામ કરતી હોય. આ માટે આંખની તપાસ કરાવવી જોઇએ. કદાચ ચશ્માંની જરૂર હોય. આંખને આરામ આપવો અને આરોગ્ય સુધરે એમ કરવું. □

ટિકિટ-સંગ્રહ

ભારતની પ્રસિદ્ધ વ્યક્તિ ટિકિટમાળામાં ગયા જુલાઈની ૩જી તથા ૧૫મી અને આ ઑગસ્ટની પહેલી તારીખે મળી કુલ સાત ખાસ ટિકિટો બહાર પડી. બાજુમાં તથા નીચે એ આપી છે. ડાબી બાજુથી અનુક્રમે (૧) રાષ્ટ્ર-નિર્માણની વિભિન્ન યોજનાઓને વ્યાવહારિક સ્વરૂપ આપવામાં અગ્રગણ્ય, ઓરિસ્સાના નેતા 'ઉત્કલ ગૌરવ' મધુસૂદન દાસ, (૨) રાજસ્થાનના પ્રસિદ્ધ નેતા અને ત્યાંના પ્રથમ મુખ્ય મંત્રી જયનારાયણ વ્યાસ, (૩) હિંદી ભાષાના સુપ્રસિદ્ધ કવિ મૈથિલીશરણ ગુપ્ત, (૪) સ્વામી વિવેકાનંદે જેમને 'વેદાંતિઓના વેદાંત' કહેલા એ ઋગ્વેદ ને વેદાંત સાથે ભારતીય સંસ્કૃતિનો પશ્ચિમીજગતને ખરો ખયાલ આપનારા ભારત પ્રેમી વિખ્યાત જર્મન પંડિત મૅક્સમ્યુલર, (૫) સ્ત્રીઓ અને દલિતોની ઉન્નતિના હિમાયતી તથા સામાજિક કુરિવાજો સામે લડનાર આંધ્રના વિદ્વાન સમાજસુધારક કંદુકૂરિ વીરેશલિંગમ તથા (૬) દ. ભારતના બહાદુર સંસ્કારપ્રેમી રાજવી ટીપૂ સુલતાનની યાદમાં અને (૭) ડાબી બાજુ સ્વ. શ્રીમતી કમલા નેહરુની ૭૫મી જન્મજયંતી નિમિત્તની ટિકિટો છે. (પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર) □















આવતા ઑક્ટોબરની ૯મી તારીખે 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન'ની સ્થાપનાની શતાબ્દી ઊજવાશે. આ ઉજવણીના એક અંગ તરીકે બાલ(સ્વિટ્ઝરૂલૅન્ડ)માં જે એક આંતરરાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન (Internaba-74) યોજાયું. તેમાં ૧૨મી જૂને 'ગ્રેઈટ બ્રિટન દિન' નિમિત્તે તે દિવસે બ્રિટને ચાર ખાસ ટિકિટો બહાર પાડી. (ડાબી બાજુ નીચે) મૂલ્યાનુક્રમ પ્રમાણે તેમાંની પહેલી ટિકિટ પર ઈ. ૧૮૮૮માં ટપાલ લઈ જતી સ્ટીમર 'પેનિન્સ્યુલર'નું, બીજી પર પંચમ જ્યૉર્જના રાજ્યાભિષેક નિમિત્તે ઈ. ૧૯૧૧માં લંડન અને વિન્ડસર વચ્ચે આરંભાએલી પ્રથમ હવાઈ ડાક લઈ જતા એક વિખ્યાત વિમાન 'ફ્રૅન હામ' બાયપ્લેનનું આલેખન છે. ઈ. ૧૯૩૦માં હવાઈ ડાક ઉત્તેજનની એક ઝુંબેશ ચાલી હતી. તેમાં હવાઈ ડાકની હેરફેર માટે ખાસ મોટરગાડીઓ વાપરવા સાથે માત્ર હવાઇ ડાક નાખવા માટે બ્લ્યૂ રંગના ખાસ પોસ્ટબૉક્સ ઊભા કરાએલા એનું નિરૂપણ ત્રીજી ટિકિટ પર છે. ચોથી પર 'સી' કલાસની હવાઈ ડાક માટે વપરાતી ફ્લાઇંગ બોટ આપી છે. ચારે ય ટિકિટ પર તે સમયની રદ્દીકરણની છાપો પણ આપી છે.



મધ્ય યુગમાં પોતાના રાજવીઓ એમનાં ઢાલ-બખ્તર અને ધ્વજપતાકાઓ પર જે આગવી ઓળખસંજ્ઞાઓ પ્રયોજતા એ દર્શાવતી ચાર ખાસ બહુરંગી ટિકિટો બ્રિટને આ ૧૦મી જુલાઇએ બહાર પાડી તેમાંની એક નીચે આપી છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી - લંડન)



શબ્દકથા : 'ડેડો'

આષાઢ સુદિ અગિયારસથી પૂનમ સુધીના દિવસોમાં હિંદુ કુમારિકાઓ એકાસન પર બેસી રહી, મોળું ભોજન લઈ, એક ટાણું જમવાનું વ્રત કરે છે. સવારે નદી તળાવ કે નવાણે નાહવા જાય છે અને ત્યાં નાહતાં પહેલાં કૂટવાની તાલીમ લે છે. આ કૂટવું એ 'ડેડો કૂટવો.' આ 'ડેડો' એ કોઈ મૃતાત્માના પ્રતીકરૂપે હોવા વિશે શંકા નથી. પ્રાકૃતમાં 'ડેડ્ડુર' એવો દેડકાનો અર્થ આપતો એક દેશ્ય શબ્દ (સં. 'દર્દુર' પણ મૂળમાં દેશ્ય શબ્દની પેદાશ એના સ્વરૂપ ઉપરથી લાગે છે.) આવા 'દેડકા'ને ઉદ્દેશી કૂટવાનો આ ચાલ ગુજરાતી બાલિકાઓમાં પડ્યો હોય એવી શક્યતા લાગતી નથી. તો પછી કોઈ વિશિષ્ટ વ્યક્તિને ઉદ્દેશી કૂટવાની આ તાલીમ-પ્રથા અસ્તિત્વમાં આવી હોય.

સોલંકીરાજ ભીમદેવ ૧ લાના ઉજ્જેનમાં જઈ રહેલા સાંધિવિગ્રહિક 'દામોદર'નો લોકમાં 'ડમરો' વિકાર જાણીતો છે, જે 'ડાહ્યો ડમરો'માં સચવાઈ રહ્યો છે. ભીલ લોકોમાં એક કુળની અટક 'ડામોર' જાણીતી છે, જે કદાચ 'દામોદર'નું પ્રાકૃત રૂપ છે. એવા કોઈ સાદૃશ્યે 'દ'થી શરૂ થતો શબ્દ અશક્ય ન ગણાય. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ બતાવ્યું છે (મૈત્રકકાલીન ગુજરાત, પૃ. ૨૭૦) તે પ્રમાણે ગુર્જર પ્રતીહારવંશમાં 'દદ્દ' નામનો નિર્દેશ છે, તો 'નાંદીપુર=નાંદોલ'-(ભરૂચ નજીક)માં ઈ.સ. ૬૦૦ થી ૭૩૫ સુધી રાજ્ય કરી ગયેલા ગુર્જર નૃપતિવંશનો આદ્યપુરુષ 'દદ્દ' તે ભિન્નમાલના ગુર્જર પ્રતીહાર હરિચંદ્રનો પુત્ર હોય. આ વંશમાં બીજા બે 'દદ્દ' થયા છે, એટલે આવા કોઈ રાજવીનું, કે રાજવી ન થયો હોય તેવા કોઈ કુમારનું નામ 'દદ્દ' હોય અને એના અકાળ અવસાને લોકોમાં પડેલા ઘેરા પ્રત્યાઘાતથી સામુદાયિક કૂટવાનો પ્રઘાત પડતાં એ કુમારિકાઓમાં મર્યાદિત બન્યો હોય. પછીથી રૂઢિપ્રયોગે 'ડેડો કૂટવો' એટલે 'નકામી માથાકૂટ કરવી,' 'નકામી મહેનત કરવી' અને 'પોતાની વાત ન છોડવી' એ અર્થ વિકસ્યા છે. **કે. કા. શાસ્ત્રી**

સાહિત્યસંપર્ક

'કાહિની અલખિત'

કનુભાઈ જાની

'ચિત્રોનું આલ્બમ છે?' રસ્તામાં મળી ગએલા મિત્રે હાથમાંના એક રૂપાળા પુસ્તકને જોઇને પૂછ્યું.

'ના'. 'જોયી.'

ને મેં મિત્રના હાથમાં એ પાકા પૂઠાનું, ૧૨ રૂપિયાની કિંમતનું, ચાળીસેક પાનાંનું, ૧૯૭૨-માં કલકત્તાના શ્રી નિર્મલેન્દુશેખર બાગચી-પ્રકાશિત* 'કુમાર'ના કદનું, આવરણ પર કૃષ્ણ-રાધાના ચિત્રવાળું બંગાળી પુસ્તક મૂક્યું. એ બંગાળી ન જાણતા છતાં પાને પાનું ફેરવી ગયા કેમ કે પાનેપાને કાવ્યની નીચે એકએક નાનું રેખાંકન હતું, ને વચ્ચે વચ્ચે આર્ટ પેપર પર છાપેલાં પૂરા કદનાં આઠેક રંગચિત્રો હતાં.+આગલાં પાનાં વાદળી શાહીથી, મુખ્ય વસ્તુવાળાં કાળીથી, તો ચિત્રની આગળનાં ઝરઝરિયા કાગળનાં પાન લાલથી છાપેલાં હતાં. એમાંનાં આખું પાન રોકતાં આઠેય ચિત્રો એમણે ઝીણવટથી જોયાં. પુસ્તક પાછું મારે હાથ મૂકતાં બોલ્યા : 'સરસ ચિત્રો છે, નહિ? ચિત્રકાર કોણ છે?'

'ચિત્રકાર છે ઈન્દ્ર દુગડ. મૂળ રાજસ્થાનના; બેએક પેઢીથી બંગાળવાસી. નંદબાબુના શિષ્ય. પારંપરિક શૈલીની ઘડાએલી હથોટીવાળા.'

'ખરેખર ચિત્રો સારાં છે'.

'કેમ કે ચિત્રકારનું હૃદય ભક્તનું છે. એટલે રાધાકૃષ્ણ, મુરલીમનોહર ને કવિ નિશિકાન્ત–એ ત્રણનાં રેખાચિત્રો ભાવછલકતાં બન્યાં છે.'

'સાચું. આનો પરિચય ક્યાંક આપો.' કહીને મિત્રે રજા લીધી. એમની વાત એક રીતે સાચી છે. આ પુસ્તક પાછળ ચિત્રકારે ઠીકઠીક જહેમત લીધી દેખાય છે. એ એનું આકર્ષણ છે. પણ આ ચિત્રો માત્ર ઉપકરણો નથી, મૂળ કવિતામાંથી એ ઉદ્ભવ્યાં છે. ચિત્રકારને ય સ્પર્શી ગઈ છે વેદાન્તી નિશિકાન્તની ભક્તિકવિતા.

મૂળ કૃતિ છે હજારેક ટચૂકડી પંક્તિઓનું એક સળંગ ભાવવિકાસ નિરૂપતું ભક્તિકાવ્ય નામે 'લીલાયન.' એ સળંગ રચનાના છે આઠ વિભાગો કે 'પાલા' ('પલ્લવ' પરથી). પ્રત્યેક 'પાલા'માં પાછી સ્વતંત્ર ગીતિઓ-કીર્તનો છે. એવાં બધાં મળીને કુલ ૫૯ કીર્તનો આમાં છે. પુસ્તકના ત્રણ વિભાગો પડે છે : કાવ્યવાળો ભાગ 'લીલાયન', 'મુરલીમનોહરકાહિની' અને 'કવિકાહિની.' પાછલા બેમાં વિગતો કરતાં સ્તુતિ વધુ છે, પણ કાવ્ય અને કવિને સમજવામાં એ સહાય કરે છે.

આપણા બ. ક. ઠા. જેવા બુદ્ધિપરસ્તને સ્પર્શી ગએલું રેહાનાનું 'ગોપીહૃદય' વાંચ્યું છે? એની ઉદ્ભવકથા જાણો છો ને? એની યાદ આપે એવી આની ઉદ્ભવકથા છે. દોઢસોક વર્ષ પુરાણી એક રાધાકૃષ્ણની મૂર્તિ. મૂળ નવદ્વીપે મુર્શિદાબાદ જિલ્લાના ગોયાસમાંના એક નાનકડા ગામડામાં આવિર્ભાવ પામેલી અને એક કુટુમ્બમાં પુજાતી. પછી મુંડિતકેશ એક સંન્યાસીને હાથે ચડી. જાણે 'કોઈ એક વિરલાને હાથે ચડિયું' એ 'રામરમકડું', ને–મીરાંની માફક–એ આનંદવિભોર થઈ નાચી ઊઠ્યા :

> 'કિ કહબ રે સખિ, આનન્દ ઓર,
> ચિરદિને માધવ મન્દિરે મોર!'

એ મૂર્તિને પોતે કહેતા 'મુરલીમનોહર.' કવિ નિશિકાન્તના ગુરુ જેવા 'સ્વામીજી મહારાજ'ને પણ આવો જ અનુભવ થયો. મુરલીમનોહરનાં દર્શને એ બોલી ઊઠ્યા : 'આ કેવલ ગૃહદેવતા ન્હોય. આ તો છે એનો છદ્મવેશ. આ તો છે જગદીશ્વર. આ તો છે એની લીલા. લીલા જ તો એનું આકર્ષણ છે! નહિ તો, યમુનાતટે ગોપવધૂઓમાં જે ઘૂમતો હોય તે જ સ્વયં બ્રહ્મ છે એવું કોઈ માને કે? ને કેવો વિરોધ!

'શ્યામરૂપેર બાસસ્થાન, શ્રેષ્ઠમાન કાય.' કાળે રૂપે ઉજ્જવળ કાયા! સ્વામીજી મહારાજની મુરલીમનોહર. સ્તુતિ કવિને ય સાચી લાગી. પરમ પ્રેમની પ્રતીતિ કરાવતી લાગી. પરમ પ્રેમ તે જ **'તે'**નું 'લીલાયન', તે જ અવતાર-તત્ત્વનું બીજ અથવા તેની મર્મકથા. એવો પ્રેમ એ જ ભગવાનનો પ્રસાદ અને શક્તિપાત. એ પ્રતીતિ થતાં, ચિત્તથી અદ્વૈતી એવા આ કવિનું હૃદય ભાવવિભોર બન્યું.

દરમિયાન, બંગાળ, વૃંદાવન વગેરેનાં તીર્થો ફરતાં ફરતાં કવિ ૧૯૪૨ના અરસામાં પોંડિચેરી જઇને વસેલા. ત્યાં જીવનનાં પાછલાં એકવીસ વર્ષ રહેલા. ઈ. ૧૯૬૭માં 'સ્વામીજી મહારાજ' જ્યોતિર્લોક પામ્યા. એમણે કરાવેલી મુરલીમનોહર સ્તુતિ કવિચિત્તે પડઘાતી હતી. એ મૂર્તિને એક મંદિર બાંધી વૃંદાવને સ્થાપવી જોઇએ એમ લાગતું હતું. એ માટે ઈ. ૧૯૭૦ ના અરસામાં એમણે પત્રો લખ્યા. એ પ્રમાણે ૧૯૭૧ના શ્રાવણમાં એની વૃંદાવને સ્થાપના થઈ. એનો ઉત્સવ થયો. કવિહૃદય ઊભરાયું. ઝૂલાના ઉત્સવે 'મુરલીમનોહર'નાં જે દર્શન થયાં તેની કવિએ નૌતમ ગીતિઓ રચી : 'દર્શનકાહિની'. એ કાવ્ય પ્રસિદ્ધ થયું. ત્યારથી આ ધાટીનાં કાવ્યોનો આરંભ કવિએ કર્યો. ત્યારે કવિ પોંડિચેરીમાં પથારીવશ હતા. છતાં ૧૯૭૨માં એ કાવ્ય પૂરું થયું. એને કવિ કહે છે દિવ્યદર્શનની કથા–'દિવ્યદર્શન કાહિની'. કવિ જ કહી શકે એવી આત્મશ્રદ્ધાથી કહે છે : 'દિવ્યદર્શન આમાર કાવ્યસાધનાય સોનાર ફસલ... ...પાલાકીર્તન આમાદેર નિજસ્વ સમ્પદ...' (ફરીથી મીરાં યાદ આવી?—'શામળો ઘરેણું

---

* 'લીલાયન' : પ્ર. Shree Nirmalendu Shekhar Bagchi, Meghdoot, 82 Rolland Road, Calcutta–20 Rs. 12

\+ જેમાંનું એક આ અંકના મુખચિત્ર તરીકે છે.



નિરુપમા શેઠ · અજિત શેઠ

અજિત શેઠ: જન્મ મુંબાઈમાં. તા. ૧૯ સપ્ટે. ૧૯૩૨. મુંબાઈ યુનિ.ના સ્નાતક. વિજ્ઞાપન સંસ્થાના વડા. સંગીત અને ઈતર કળાના રસિયા. ભારતીય વિદ્યાભવનના કલાવિભાગના નિયામક. રવીન્દ્રસંગીતના પ્રખર ગાયક, સંગીત નિર્દેશક. સંગીત વિષે મનનીય લેખોના લેખક અને રવીન્દ્ર સંગીત ગુજરાતી સુગમ સંગીત, ભક્તિ સંગીત ને સંઘ, સંગીતના અનેક સમારંભોના યોજક.
નિરુપમા શેઠ: ગોંડલના દીવાન કુટુંબમાં ઈ. ૧૯૩૪માં જન્મ. સ્નાતક. ઉસ્તાદ બડે ગુલામઅલીખાંનાં કુટુંબી ખાંસાહેબ તાજ અહમદનાં શિષ્યા. રવીન્દ્ર સંગીત, ગુજ. ગીત સંગીત અને સૌરાષ્ટ્રના લોકસંગીતનાં પ્રસિદ્ધ ગાયિકા. અનેક નામી સંગીતકારોની નૃત્યનાટિકાઓ ને સંગીતરૂપકોમાં મુખ્ય ગાયિકા તરીકે તથા ગ્રામોફોન, રેડિયો ને ટી. વી. પર ખ્યાતનામ. ભારતીય વિદ્યાભવનના કલાવિભાગમાં સહાયક.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**.

૧. આપને બંનેને લગ્ન પહેલાંથી જ સંગીતમાં રસ હતો કે ત્યાર બાદથી?

નિ.: બંનેને બાળપણથી જ સંગીતમાં રસ હતો. કુટુંબમાં બંનેને અનુકૂળ વાતાવરણ મળ્યું. લગ્નમાં સંગીતે પુરોહિતનું કાર્ય કર્યું. સંગીતની સમાન લગનીથી એકબીજા તરફ વધુ આકર્ષાયાં.

૨. સંગીતમાં વધુ પ્રેરણા શામાંથી મળી?

અ.: મનોગતને સંગીતમાં પરોવવાની શક્તિ પ્રકટાવવા પાછળ બંગાળનો હિસ્સો મોટો. અમારા સહજીવનના આરંભથી જ અમને દિલીપકુમાર રાય, પંકજ મલ્લિક, અનિલ બિશ્વાસ અને સલિલ ચૌધરી જેવી સમર્થ સંગીતવિભૂતિઓનાં પ્રીતિભાજન થવાનું સદ્ભાગ્ય મળ્યું. ખાસ કરીને પંકજ મલ્લિકની સંનિધિથી જીવનમાં બીજ-નિક્ષેપ થયો…

નિ.:…પણ અમારા જીવનમાં હમેશ રમી રહેલી કલામૂર્તિ કવિકુલગુરુ રવીન્દ્રનાથની છે. રવીન્દ્ર સંગીતની અસર અમારા જીવનમાં ખૂબ ઊંડી છે.

૩. આપને માટે સંગીત માત્ર શૉખનો વિષય છે?

નિ.: અલબત્ત, અમારે માટે એ વ્યવસાય નથી જ; તેમ માત્ર શૉખ પણ ન કહી શકાય. અમારે મન એ દેવપૂજા છે. અમે સંગીતને જીવનધર્મ માન્યો છે.

૪. આધુનિક ગુજરાતી સુગમ-સંગીત વિષે આપનું શું મંતવ્ય છે?

અ.: ગુજરાતમાં ગીત-સંગીતનો વિપુલ વારસા-વૈભવ હોવા છતાં સાંપ્રત સંગીતમાં નિષ્ઠાપૂર્ણ પ્રયત્નો જવલ્લે જ સાંભળવા મળે છે. ગીતની સ્વરબંદિશ પાછળ કાવ્યની સીમા-રેખ તેમજ રસસ્રષ્ટાની દૃષ્ટિ આપણે ત્યાં ઓછી જણાય છે…

નિ.…આપણા સંગીતકારો અને ગાયકોની દૃષ્ટિ જનમનરંજન પર ઠરી રહે છે. એવી સ્થિતિ જોઈને દિલ કોચવાય છે.

૫. સુગમ-સંગીત વિષેની આપની પ્રવૃત્તિ પાછળ શો ઉદ્દેશ અપનાવ્યો છે?

અ.: આપણાં લોકગીતો, સંતવાણી અને ખાસ કરીને આધુનિક કવિઓનાં ઉત્તમોત્તમ ગીતોનો પ્રાણવાન વારસો સંગીત દ્વારા જનસમાજમાં ઝિલાય અને નવી પેઢી આ ગીત-સંગીત-સુધાથી વંચિત ન રહે એ અમારો ઉદ્દેશ. ભારતીય વિદ્યાભવનના સાંસ્કૃતિક વિભાગ—કલાકેન્દ્રના નિયામક તરીકે એ અમારો પુરુષાર્થ સમાજની સંસ્કારિતા અને કલાભિ-રુચિને વધુ ઊંચે લઈ જવાનો છે.

૬. આપના જીવનનો આદર્શ?

નિ.: સૌંદર્યની ઉપાસના. ભરપૂર રસથી જાગ્રતપણે જીવવું અને સૌંદર્યની સાધનાથી જીવનનાં સત્યોને પામવાનો પ્રયત્ન કરવો.

૭. આપને કોનાં ગીતો ગાવાં વધુ ગમે?

અ.: રવીન્દ્રનાથનાં અને સલિલ ચૌધરીનાં સંઘગીતો.

નિ.: અજિતે સ્વરાંકિત કરેલાં આધુનિક ગુજરાતી કવિઓનાં કાવ્યસભર ગીતો, સૌરાષ્ટ્રનું લોકસંગીત, ઉર્દૂ ગઝલ અને ઠુમરી.

૮. આપે ગાએલું સૌથી વધુ મનગમતું સહગાન કયું?

અ.: વેણિભાઈ પુરોહિતનું 'ઘનશ્યામ ગગન…' **નિ.**: રાજેન્દ્ર શાહનું 'સંગમાં રાજી રાજી….'

મારું સાચું રે, મુજ અબળાને મોટી મિરાત, બાઈ!'—નિજસ્વ સમ્પદ!)

આ એક સુદીર્ઘ પાલાકીર્તન રચના છે. કવિ એને અરવિન્દકૃપાપ્રસાદ પણ ગણે છે; કારણ કે કવિએ માંદગીને બિછાનેથી જે જોયું તે માત્ર કોઈ ઝાંખી નહોતી, કોઈ કલ્પનાદર્શન નહોતું. (યાદ આવે છે? નાનાલાલને પણ છેલ્લે આવું દર્શન થએલું તે? 'બાઈ!…'એ બોલી ઊઠેલા: 'આ આંગણામાં ઊભા છે તેને કહોને અંદર આવે!' ને નજરોનજર, કહે છે, એમને 'એ' દેખાતા'તા!) કવિ કહે છે: 'એ દૃષ્ટિભ્રમ ન-હોતો. મેં બે આંખો ભરીને જોયા હતા એ દ્વિ-ભુજ-મુરલીમનોહરને, ને થયો હતો અવાક્.' એ ચૈતન્યવિહારે ચકિત થએલું ચિત્ત પાછું સ્વ-ભાવને પામ્યું ત્યારે શ્રી અરવિંદના કૃષ્ણ કાવ્યની બે પંક્તિઓ યાદ આવી:

'For this one moment
lived the ages past;

The world now throbs
fulfilled in me atlast.'
આ એક ક્ષણને કાજ તો
કૈં કૈં યુગો જીવ્યા હતા;
ને વિશ્વ આજે આખરે
બની ધન્ય ધબકે મુજ મહીં !

બુદ્ધને બોધિવૃક્ષ તળે દર્શન થએલું. કવિને ગુરુ અરવિંદ જેવાની છત્રછાયામાં એવું દર્શન થયું.

આમ 'લીલાયન' રચાયું. જયદેવના 'ગીત ગોવિન્દ'માં રૂપાયિત થયો છે કૃષ્ણનો વસન્તરાસ. ચંડીદાસ ને વિદ્યાપતિ વગેરેમાં પણ એ છે. એ જ રૂપાન્તરે, ફરીથી, જાણે અહીં પ્રગટે છે. શ્રીકૃષ્ણલીલાની વૃંદાવનલીલાના રહસ્યનું પ્રવેશદ્વાર બને છે આ 'લીલાયન'. આવી છે આ એ કાહિની-'મુરલીમનોહર કાહિની' ને 'કવિ કાહિની'. ઈ. ૧૯૦૭માં જન્મેલા આ કવિનું ૧૯૭૩માં અવસાન થયું. આ આખરી કાવ્યરચના કાજે જ જાણે એ જીવતા હતા!

આના આઠ ખંડોમાં કવિએ પોતાને થએલા અનુભવની ક્રમિક કથા આલેખી છે. આરંભે 'દિવ્યદર્શન'ની વાત છે; પછી 'સ્મૃતિચારે જીવન કાહિની'; પછી સંન્યાસીની કરુણ! મળી તે; પછી મુરલીમનોહરના મહોત્સવની વાત; એથી લાધેલ અનુભૂતિના સંદર્ભમાં સ્મરે છે કૃષ્ણલીલા; પછી દશાવતાર; પછી ચૈતન્ય, રામકૃષ્ણ ને છેલ્લે અરવિન્દ; અંતે 'રાસપૂર્ણિમા'થી કાવ્યને પૂરું કરે છે. પ્રાસરચના ને કથન-વર્ણનની પ્રધાનતા જ્યાં છે એ ભાગોમાં કાવ્યગુણે ઊણા છે. 'મહોત્સવ' (ચતુર્થ પાલા), 'કૃષ્ણલીલા' (પંચમ પાલા), અને 'રાસપૂર્ણિમા' (અષ્ટમ પાલા) કાવ્યગુણે વધુ ઓપે છે.

પરમ સ્પર્શની અનુભૂતિ અકથ્ય છે. બધું યે વ્યક્ત કર્યા પછી પણ જે અવ્યક્ત રહે છે તે અમેય, અપાર! જાણે બધું વણકહ્યું જ રહ્યું! યમુનાના રેતાળ પટમાં રાધાકૃષ્ણની અદૃષ્ટ પદપંક્તિ યે અલખે આલેખાએલી છે, એમ આ અનુભૂતિ યે ('લખ'=જોવું, ને 'લખવું' બન્ને અર્થો લેતાં) આખરે તો, સદાકાળ રહે છે 'અલખિત' :

તવ ચરણ રેખા
અલખે આછે લેખા
યમુનાબાહિનીર બાલુચરે!
આમાર એ કાહિની
રહિબે ચિરદિનેઈ
તેમનિ અલખિત અક્ષરે।

નવાં પ્રકાશનો

આગિયા : મહદંશે ગાંધી યુગીન અભિવ્યક્તિનો આશ્રય લેતી બળદેવ પ્ર. મોલિયાની નાની-મોટી ૭૦ કાવ્ય કૃતિઓનો સંગ્રહ. (પ્રકા. સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૯, મોટી દેસાઈ પોળ, સૂરત-૧; કાચું પૂઠું, પૃ. ૯૫ રૂ. ૩)

શ્રીનૃસિંહ કાવ્યસંદોહ : શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સ્થાપક પ્રતિભાવંત પુરુષ શ્રીમન્ નૃસિંહાચાર્યની જીવનલક્ષી, ઈશલક્ષી કેટલીક બોધક કાવ્યકૃતિઓનો આ સંગ્રહ શૈલી અને અભિવ્યક્તિમાં નવીન ન લાગે તે સ્વાભાવિક છે, પરંતુ તેની ઉપયોગિતા ઓછી આંકી શકાશે નહિ. તેમાં ય આરંભે મુકાએલો અનંતરાય રાવળનો પરિચયાત્મક લેખ પણ એટલો જ ઉપયોગી છે. (પ્રકા. શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ, વડોદરા, પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૫).

અનુભવનું અમૃત : જાણીતા વૈદ્ય 'શોભન' વિવિધ રોગોના એકસો રસપ્રદ કેસ તેની છણાવટ તથા ઉપચાર સાથે સરળ રોમાચક શૈલીમાં અહીં રજૂ કર્યા છે. (પ્રકા. આયુ પ્રકાશન, સ્પેક્ટ્રમ, બીજો માળ, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૩૧૬, રૂ. ૬)

શ્રી ડોલરરાય માંકડ : સંનિષ્ઠ વિદ્યાપુરુષ અને કેળવણીકાર ડોલરરાય માંકડના વ્યક્તિત્વ અને વાઙ્મયનો ઇશ્વરલાલ દવેએ આ લઘુ પુસ્તિકામાં સમ્યક્ પરિચય આપ્યો છે. (પ્રકા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિવાર, રાજકોટ, કાચું પૂઠું. પૃ. ૩૮, કિંમત જણાવાઈ નથી)

રણછોડદાસજી મહારાજનાં સ્મરણો : નિષ્કામકર્મી પવિત્ર પુરુષ રણછોડદાસજી મહારાજનાં આ પ્રેરક સ્મરણો રજૂ કર્યાં છે બી. જે. કાપડીએ. (પ્રકા. ભારતીય પ્રકાશનમંદિર, સ્ટેશન પ્લોટ, બિલખા, જિ. જૂનાગઢ; કાચું પૂઠું, પૃ. ૪૪, કિંમત જણાવાઇ નથી).

વેણુ વાગી રે ! : ગણેશ ગો. સિંધવ 'બાદલ'નાં, મુખ્યત્વે કૃષ્ણ-રાધાના વિરહભાવને ઉપલક્ષતાં ૨૮ ગીત-રાસ-ગરબાનો આ સંગ્રહ તેમની ભાવ-સચ્ચાઈ દાખવે છે. (પ્રકા. સંવેદ પ્રકાશન, કોબા કેન્દ્ર, જિ. ગાંધીનગર; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧)

પદ્મિની : ભારતના ઇતિહાસમાં પોતાનું નામ ઉજ્જ્વળ કરી જનાર પદ્મિનીનાં શૌર્યપરાક્રમને નિરૂપતી રંગીન ચિત્રકથા કિશોરોને આનંદ સાથે ઇતિહાસ-જ્ઞાન આપી રહેશે. લે. યજ્ઞ શર્મા (પ્રકા. ઇન્ડિયન બુક હાઉસ, મુંબઈ-૨૬; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦)

જાતક કથાઓ : ભારત પ્રચલિત જાતકકથાઓમાંથી 'વાનરોની વાર્તાઓ' આ પુસ્તિકામાં રંગીન ચિત્રો સાથે રસપ્રદ રીતે રજૂ થઈ છે, જે કિશોરોને નિર્દોષ આનંદ પૂરો પાડશે. લે. મીના ખન્ના (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦)

વાલ્મીકિ : રામાયણ-રચયિતા વાલ્મીકિની કિશોરોપયોગી સરસ ચિત્રકથા. લે. પ્રભાકર ખાનોલકર, (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦)

ગુરુ નાનક : શિખ ધર્મગુરુ નાનકની પ્રેરક અને કિશોરભોગ્ય રંગીન ચિત્રકથા. (પ્રકા. ઉપર મુજબ, લે. જી. એસ. મનસુખાની અને નાનકી મનસુખાની; કાચું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦)

પરિચય ટ્રસ્ટ

પો. બૉ. ૧૧૦૮૨, મુંબાઈ-૨૦

ઉક્ત પ્રકાશન સંસ્થા તરફથી વિવિધ વિષયનું સામાન્ય જ્ઞાન આપતી પ્રકાશન-શ્રેણી 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'માં નીચેની પુસ્તિકાઓ પ્રગટ થઈ છે: **સડા વિનાનો વહીવટ** (મોરારજી દેસાઇ). **કબીરનો વારસો** (જયેન્દ્ર ત્રિવેદી). **વસતિગણતરી** (દેવરાજ ચૌહાણ). **ભારતનું રાષ્ટ્રીય પક્ષી મોર** (દેવચંદ જે. શાહ). **ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલૉજી** (નરોત્તમ શાહ). **ભારતીય ફિલ્મમાં નવો પ્રવાહ** (જ્ઞાનેશ્વર નાડકર્ણી). **વિકાસ કોના માટે** (વાડીલાલ ડગલી). **ટેલિફોન કેવી રીતે કામ કરે છે** (નાનાલાલ વસા). **ભારતીય ક્રિકેટનું સોનેરી પ્રકરણ** (સુરેશ સરૈયા). **કૉપીરાઇટનો કાયદો** (સંપાદકીય). **આપણું વહાણવટું** (અજિત મારુ). **સોયાબીન અને સૂર્યમુખી** (ચંદુલાલ કા. દવે). **યોગ શું છે?** (શાન્તિકુમાર જ. ભટ્ટ). **કવિ રહીમ** (નટવર ભટ્ટ). **ટિકિટસંગ્રહનો શોખ** (ચંદ્રકાન્ત શાહ). **સંસદસભ્યોના વિશેષાધિકારો** (નગીનદાસ સંઘવી). **જંતુઓ અને જંતુનાશક દવાઓ** (વિજયગુપ્ત મૌર્ય). **સોલ્ઝેનિત્સિન** (વાડીલાલ ડગલી). **ઉપવાસ દ્વારા આરોગ્ય** (ડૉ. મહેરવાન ભમગરા) (પ્રત્યેકનું કાચું પૂઠું; પ્રત્યેકનાં પૃ. ૩૨; પ્રત્યેકની કિં. ૭૫ પૈસા)

ભાષા-ભૂર

'મુકાઈ ગયું', 'બોલાઈ ગયું', 'રચાઈ ગયું' વગેરે પ્રયોગોને સ્થાને હમણાં હમણાં 'મુકાય ગયું', 'બોલાય ગયું', 'રચાય ગયું' એવા અધ્ધરતાલ ઉચ્ચારોની જેમ જ ખોટું લખાય છે. લખાણની માફક બોલવામાં પણ ભાષા વ્યાકરણશુદ્ધ રાખવાની કાળજી જે સમાજમાં નથી હોતી ત્યાં આવા બગાડ થવાના.

—અને છેલ્લે

એક શ્રીમંતને કાંઈ કારણસર મળવા ગએલા બર્નાર્ડ શૉના ફાટેલા કોટની બાંયમાંથી કોણી બહાર નીકળતી હતી, તે જોઈને શ્રીમંતે ટકોર કરી કે 'તમારી વિદ્વત્તા તમારા કોટમાંથી ડોકિયાં કરે છે.' શૉએ વળતો જ સણસણતો જવાબ આપ્યો: 'મારી વિદ્વત્તા નહિ પણ આપની મૂર્ખતા ડોકિયાં કરે છે.'



ટિકિટસંગ્રહનો વિભાગ આમ તો અવારનવાર આવ્યા કરતો હતો, પણ એને વિષે માહિતી આપતી રીતસરની લેખમાળા આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં શરૂ થએલી. એ પહેલો હપતો રસમય થઈ પડયો :

ટિકિટ-સંગ્રહના શૉખમાં ટિકિટોનો સંગ્રહ કરવાનો હોય છે એ તો સૌ જાણે છે; પણ 'ટિકિટ' કોને કહેવી ને સંગ્રહ શાનો કરવો તેની સમજ તથા વિવેક ઘણામાં હોતાં નથી. ટિકિટનું ક્ષેત્ર તો ઘણું વિશાળ છે : રેલવે, ટ્રામ તથા બસની, નાટક-સિનેમા ને સરકસની પણ ટિકિટો હોય છે, અને એના પણ સંગ્રાહકો પડયા છે.

ટિકિટની વ્યાખ્યા એ, કે કોઈ પણ સેવા સગવડ કે લાભ આપણને મળવાનાં હોય તેની ફી યા દામ આપણે અગાઉથી ભરી દીધાં છે તે દર્શાવનારી કાગળની છાપેલી કાપલી. પણ અહીં તો આપણે માત્ર ટપાલની જ ટિકિટોની વાત કરવાના છીએ.

ટપાલની ટિકિટોમાં પણ બે મુખ્ય પ્રકાર છે : એક તો ગુંદર લગાડેલી છૂટી છાપેલી કાપલીના રૂપમાં,—જે આપણે કોઈ પણ ચીજ ઉપર લગાડવાની હોય છે; અને બીજી તે પોસ્ટકાર્ડો, કવરો, ઍર-લેટર વગેરે પત્રવ્યવહારની વસ્તુઓ ઉપર સીધી છાપેલી હોય છે તે. આવા જ બે પ્રકાર દાવા-દસ્તાવેજોની ટિકિટો માટે પણ હોય છે. એમાં સેંકડો રૂપિયા સુધીના દસ્તાવેજી કાગળો, અને નાણાં મળ્યાની પહોંચ પર ચોડાતી દસ પૈસાની રેવન્યુ સ્ટૅમ્પથી માંડીને અનેક રૂપિયા સુધીની સ્ટૅમ્પો આવે છે.

ટિકિટ-સંગ્રહના શૉખની જ્યારે પહેલપહેલી શરૂઆત થઈ ત્યારે તો સંગ્રાહકો રેવન્યુ કે ટપાલ કે દસ્તાવેજી કાગળ, એમાંની જે કાંઈ હાથ આવતી તે સંઘરતા. એમાં કોઈ વિશિષ્ટ વિવેક ન હતો. પણ સમય વીતતાં જેમજેમ ટિકિટોનો વપરાશ મબલખપણે વધતો જ ગયો તેમતેમ એમાંથી બાદબાકી થવા માંડી. પહેલાં દસ્તાવેજી કાગળો ને પછી તેની ટિકિટો કમી થયાં, ને પછી તો ટપાલનાં પોસ્ટકાર્ડ અને કવરનો સંઘરો પણ બોજારૂપ થોથાંરિયાં જેવો લાગવા માંડવાથી તે ય પડતો મુકાયો, અને ટપાલની ટિકિટો જ માત્ર શૉખનો વિષય રહી. આજે જેને અંગ્રેજીમાં ફિલેટલી (Philately) કે 'સ્ટૅમ્પ-કલેક્ટિંગ' કહે છે તેની મર્યાદા એટલી જ ગણાય છે. જોકે દસ્તાવેજી ટિકિટોના પણ અમુકઅમુક ખાસ શૉખીનો હોય છે ખરા; ને કોઈકોઈ ટપાલનાં કવરો પણ સંઘરે છે.



સાથેના ચિત્રમાં જુદી જુદી વિવિધ પ્રકારની ટિકિટો : મથાળેથી ડાબી બાજુએથી : (૧) 'પોસ્ટેજ ડ્યૂ' સ્ટૅમ્પ—માલ્ટા; (૨) 'ઍક્નૉલેજમેન્ટ ઑફ રિસીટ' સ્ટૅમ્પ—કોલંબિયા; (૩) 'આર્મી પોસ્ટ'—ટિકિટ—ઇજિપ્ત; (૪) 'સ્પેશ્યલ ડિલિવરી' સ્ટૅમ્પ—સ્પેન; (૫) હવાઈ ટપાલ—ડાન્ઝિગ; (૬) 'ટૂ લેટ' સ્ટૅમ્પ—વિક્ટોરિયા; (૭) 'સર્વિસ સ્ટૅમ્પ'—જર્મની; (૮) 'ન્યૂઝપેપર' સ્ટૅમ્પ—ઑસ્ટ્રિયા; (૯) 'કૉમેમોરેટિવ' સ્ટૅમ્પ—જાપાન; (૧૦) 'ચૅરિટી' સ્ટૅમ્પ—નેધરલૅન્ડ.

પણ આ શૉખની શરૂઆત કરનારે તો માત્ર ટપાલની ટિકિટોથી જ પ્રારંભ કરવો સારો છે, અને બીજા પ્રકારોના સંગ્રહનું યે સાથેસાથે મન હોય તો તેનું આલ્બમ જુદું રાખવું. અનુભવે તેને જણાશે કે ટપાલની ટિકિટોમાં પણ વિવિધ પ્રકારો છે : રોજિંદા પત્રવ્યવહારની ટિકિટો ઉપરાંત અમુક દેશોમાં તાર માટેના 'ટેલિગ્રાફ સ્ટૅમ્પ' હોય છે; વગર ટિકિટના કે અધૂરી ટિકિટો ચોડાએલા કાગળોનું ખૂટતું પોસ્ટેજ વસૂલ કરવા માટે વપરાતી 'પોસ્ટેજ ડ્યૂ'ની ટિકિટો હોય છે; કોઈ પત્ર ચીજ કે દાગીનો ચોક્સાઈપૂર્વક સલામત પહોંચાડવાની ખાસ વ્યવસ્થા માટેની 'રજિસ્ટ્રેશન સ્ટૅમ્પ' હોય છે; તેમજ અમુક દાગીનો મળ્યાની પહોંચ સ્વીકાર્યા માટેની 'ઍક્નૉલેજમેન્ટ ઑવ રિસીટ સ્ટૅમ્પ' પણ હોય છે; એ જ રીતે અતિ મોડા પડેલા કાગળોને છેક ગાડી ઊપડવાના સમયે પણ મોકલી શકવા માટેના 'ટૂ લેઈટ' સ્ટૅમ્પ, તથા કાગળને ટપાલ વહેંચવાના નિયત સમય પહેલાં તાબડતોબ સુદામ માણસ મોકલીને ખાસ વહેલો પહોંચાડવાની વ્યવસ્થા માટેના 'સ્પેશ્યલ ડિલીવરી' કે 'એક્સપ્રેસ લેટર' સ્ટૅમ્પ પણ આવે છે. વળી, જેમાં ટપાલના ખાસ દર રાખેલા હોય છે તેને માટેની પણ જુદી ટિકિટો હોય છે : જેમ કે છાપાંઓ ઉપર ચોડવા માટેના ખાસ 'ન્યુસપેપર સ્ટૅમ્પ', વિમાની (હવાઇ) ટપાલ માટેના 'ઍર સ્ટૅમ્પ', ચીજવસ્તુનાં બંડલો પર ચોડવાના 'પાર્સલ પોસ્ટ સ્ટૅમ્પ', ચાલુ કાગળો સિવાયની લશ્કરી ટપાલ માટેના 'આર્મી પોસ્ટ સ્ટૅમ્પ' વગેરે. આ ઉપરાંત સરકારી ખાતાંઓ કે મ્યુનિસિપાલિટીઓના પત્રવ્યવહાર જુદા તરી આવે તેમ દર્શાવવા માટેના 'સર્વિસ સ્ટૅમ્પ' હોય છે. વળી માનવતાના ઉદ્દેશથી ચાલતી પ્રવૃત્તિઓ માટે દાનફંડો ભેગાં કરવા ખાસ વધારે કિંમતના 'ચૅરિટી સ્ટૅમ્પ' કાઢવામાં આવે છે, જેમાંથી પોસ્ટેજની ચાલુ કિંમત સિવાયની વધારાની રકમ એ ફાળામાં જાય છે. કોઈ વિશિષ્ટ ઐતિહાસિક કે સાંસ્કારિક પ્રસંગ યા બનાવના સ્મરણમાં કે કોઈ મહાપુરુષની સ્મૃતિરૂપે યા જયંતી પ્રસંગે કાઢવામાં આવતા 'કૉમ્મેમોરેટિવ સ્ટૅમ્પ' (સ્મારક-ટિકિટ) તો વિખ્યાત છે. વળી, ક્વચિત્ એવું પણ બની આવે છે કે મૂળ રેવન્યુ કે ફિસ્કલ

શતરંજ

શતરંજના વિશ્વવિજેતાઓ

આપણે સ્પાસ્કી સુધીના વિશ્વવિજેતાઓ વિષે જોયું. હવે હાલના વિશ્વવિજેતા રૉબર્ટ (બૉબી) જેમ્સ ફિશર વિષે થોડા વધુ વિસ્તારમાં જોઈશું. ફિશર હાલના વિશ્વવિજેતા હોવા ઉપરાંત એક અજબ વ્યક્તિ છે. તેમણે રમત-ગમતની દુનિયામાં કોઈ શતરંજના ખેલાડીએ ન મચાવ્યો હોય તેવો ખળભળાટ મચાવ્યો છે. આથી દુનિયાનું ધ્યાન શતરંજ તરફ દોરાયું હતું. ઈ. ૧૯૭૨ના ત્રણેક મહિનામાં ભાગ્યે જ કોઈ એવું હશે જેણે ફિશરસ્પાસ્કી મૅચ વિષે ચર્ચા ન કરી હોય.

તેર વર્ષની નાની વયે તેમણે યુ. એસ. જુનીઅર ચૅમ્પીઅનશિપ મેળવી ને બીજે વર્ષે યુ. એસ. ચૅમ્પીઅન થયા. તે પછી ઈ. ૧૯૫૮માં ૧૫ વર્ષની વયે આંતરવિભાગીય (Interzonal) ટુર્નામેન્ટમાં પાંચમું સ્થાન મેળવી candidate ટુર્નામેન્ટમાં રમવાના તેમજ આંતરરાષ્ટ્રીય મહાઉસ્તાદની પદવી (International Grand Master)ના હકદાર બન્યા. આજ સુધીમાં આટલી નાની વયે આ ઉપાધિ કોઈએ મેળવી નથી. તે પછી ઈ. ૧૯૫૯ની Candidate ટુર્નામેન્ટમાં તેમને પાંચમું સ્થાન મળ્યું પણ ભૂતપૂર્વ વિશ્વવિજેતા સ્માયસ્લૉવ તેમજ પોલકેર્સ સામે ચારમાંથી બે બે પૉઇન્ટ મેળવી તેમણે પોતાની શક્તિ બતાવી હતી.

વિશ્વવિજેતાપદ માટેની તે પછીની શ્રેણીમાં તેઓએ આંતર-વિભાગીય ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન મેળવ્યું અને તે પણ ગેલર અને પેટ્રોસ્યન કરતાં ૨½ પૉઇન્ટ વધારે મેળવીને. આથી તેઓ કદાચ Candidate ટુર્નામેન્ટ પણ જીતશે અને ઈ. ૧૯૪૮ પછી પહેલા બિનરશિયન આહ્વાહક (challenger) થશે એવી આશા બંધાઈ હતી, પણ એ ટુર્નામેન્ટ પેટ્રોસ્યન જીત્યા અને ફિશરને તેમાં ચોથું સ્થાન મળ્યું.

આ ટુર્નામેન્ટ પછી ફિશરે રશિયન ખેલાડીઓ એકબીજા સાથે ભળી જાય છે અને તેથી બહારના ખેલાડી માટે તે ટુર્નામેન્ટ જીતવાનું લગભગ અશક્ય છે એવો આક્ષેપ કર્યો હતો. તે આક્ષેપમાં સારું એવું તથ્ય પણ હતું તેથી શતરંજના આંતરરાષ્ટ્રીય મંડળે આ ટુર્નામેન્ટની પદ્ધતિમાં ફેરફાર કર્યો. લીગ પદ્ધતિને બદલે મૅચ અને knock-out પદ્ધતિ અપનાવવામાં આવી. તેમ છતાં ફિશરે તેનો બે શ્રેણી પૂરતો બાયકોટ કર્યો હતો.

પણ આ સમય દરમિયાન અન્ય ટુર્નામેન્ટમાં રમવાનું તેમજ શતરંજનો વધુ ઊંડો અભ્યાસ કરવાનું તો ચાલુ જ હતું. ઈ. ૧૯૭૦માં તેઓ ફરી આંતરવિભાગીય ટુર્નામેન્ટમાં રમ્યા અને તે સહેલાઈથી જીત્યા ત્યારથી તેમની કારકિર્દી સહુને વિદીત છે. ઈ. ૧૯૭૧ની candidate ટુર્નામેન્ટમાં પ્રથમ રશિયન મહાઉસ્તાદ ટાઈમનોવને ૬–૦ તેમજ ડેન્માર્કના બેન્ટ લાર્સનને પણ ૬–૦થી હરાવ્યા. સાધારણ રીતે આવા બે પ્રખર મહા ઉસ્તાદો વચ્ચેની ૧૦ રમતની મૅચનું પરિણામ ૫½–૪½ કે ૬–૪ જેવા સ્કોર આવે. પણ ફિશરે લાર્સન જેવા વિખ્યાત ખેલાડીને ૬–૦થી હરાવી એક નવો જ વિક્રમ સ્થાપ્યો. ફાઈનલમાં જ્યારે પહેલી પાંચ રમતને અંતે પેટ્રોસ્યન સામે ૨½–૨½ પૉઇન્ટ થયા ત્યારે ઘણાંને લાગ્યું હતું કે ફિશર માટે પેટ્રોસ્યનને હરાવવાનું બહુ મુશ્કેલ છે અને જો તે હરાવે તો પણ સ્પાસ્કી સામે તો નહિ જ જીતી શકે. પણ પછી તો એક સામટી ચાર રમત જીતી ભૂતપૂર્વ વિશ્વવિજેતાએ કદી ન ચાખી હોય તેવી હાર ફિશરે ચખાડી.

ઈ. ૧૯૭૨માં જુલાઈ–સપ્ટેમ્બર દરમિયાન સૌથી વધુ ચકચાર પામેલી આહ્વાન મેચમાં સ્પાસ્કીને ૧૨½–૮½થી હરાવીને તેમણે વિશ્વવિજેતાપદ મેળવ્યું. ઈ. ૧૯૭૫માં તેમને એ પદનું પહેલી વાર રક્ષણ કરવું પડશે.

હવે પછીના અંકમાં આપણે તેમના ચર્ચાસ્પદ વ્યક્તિત્વ તેમની શૈલી અને વળી તેમની લાક્ષણિક રમતો જોઇશું.

સુરેશ મોદી

(મહેસૂલી તથા દસ્તાવેજી) કામ માટે કાઢેલી ટિકિટોને સંજોગવશાત્ ટપાલની ટિકિટો તરીકે પણ વાપરવાની મંજૂરી આપવામાં આવી હોય છે. આવી ટિકિટો 'પોસ્ટલ ફિસ્કલ' કહેવાય છે.

સામાન્ય રીતે તો આ બધા જ પ્રકારની ટિકિટો 'ટિકિટ સંગ્રહ'માં ગણાય છે; છતાં ઘણાખરા સંગ્રાહકો માત્ર ચાલુ ટપાલ-ટિકિટો તથા હવાઈ ટપાલની, 'ચૅરિટી'ની ને 'કૉમ્મેમોરેટિવ' ટિકિટો પૂરતું જ પોતાનું ક્ષેત્ર મર્યાદિત રાખે છે. જોકે ઉપર વર્ણવેલી બીજી વિવિધ જાતો પણ રસદાયક તો છે જ, એટલે તેમને માટે ખાસ આલ્બમ રાખી જુદો સંગ્રહ કર્યો હોય તો ખોટું નહિ. વળી ઘણાખરા દેશો એ બધા પ્રકારો માટે ખાસ જુદીજુદી ટિકિટો ન કાઢતાં ચાલુ ટિકિટો જ વાપરે છે.

આટલી પ્રાથમિક માહિતી મેળવી લીધી એટલે તમે ટિકિટ-સંગ્રહ કરવાનું શરૂ કરી શકો. એને માટે કોઈ ખર્ચાળ સાધનો વસાવવાની ખાસ જરૂર નથી. જે કોઈ કાગળ તમારે હાથ ચડે તેના પર નજર રાખતા રહો અને તમારે જોઈતી ટિકિટો ઉખેડતા રહો. તમારા ભાઈબંધ-દોસ્તો, સગાં-સ્નેહીઓ, વડીલો વગેરે જેમને આ બાબતમાં રસ હશે તે તો મદદ કરશે જ; પરંતુ જેમને રસ ન હોય તેમને પણ તમે વિનંતિ કરો તો તેઓ પણ તમારા માટે ચોંપ રાખીને ટિકિટો ઉખેડી મોકલતા રહે. જોકે આવી રીતે મળતી ટિકિટોનું વૈવિધ્ય બહુ મર્યાદિત હશે; એટલે કિસમકિસમની નાનાવિધ ટિકિટો મેળવવા માટે આ શૉખ ધરાવનારાઓને શોધીને તેમની સાથે અદલોબદલો કરી પોતાના સંગ્રહનાં વૈવિધ્ય ને વિસ્તાર વધારવાં અને એથી યે આગળ વધવું હોય તો ટિકિટોના કોઈ સારા વેપારીઓ શોધી કાઢી ગજા પ્રમાણે ખરીદીઓ કરતા જવી. કેટલાક વેપારીઓ 'સેક્શનલ' પૅકેટો કટકે કટકે આપે છે, જેમાં ટિકિટો બેવડાયા વિના જોઈતી ટિકિટો મળી રહે છે.

પણ ટિકિટ-સંગ્રાહકે તેની આ પ્રવૃત્તિ માટે ખાસ ધ્યાનમાં રાખવાનો અગત્યનો મુદ્દો તો એ છે કે તેનું ધ્યેય કેવળ અમુક હજાર ટિકિટોનો—કાગળના ટુકડાનો ગંજાવર સંગ્રહ પોતાની પાસે છે એ ન હોવું જોઈએ, પણ પોતાના એ શૉખમાં એને જીવંત રસ હોવો જોઇએ.

ટિકિટ તો કેટકેટલા અવનવા રૂપે આપણી આગળ આવે છે! કોઈ ઇતિહાસની વાત કહે છે; કોઈ સૃષ્ટિસૌન્દર્યની સૌરભ લાવે છે; કોઈ મહાપુરુષનું પુનિત સ્મરણ કરાવે છે; કોઈ પ્રાણીઓ ને પશુપંખીની સૃષ્ટિ ખડી કરે છે; કોઈ નકશા ને આલેખો તથા શિલ્પસ્થાપત્યની સમૃદ્ધિઓ, તો કોઈ અન્ન-ફળ-વનસ્પતિ રૂપ ધરતીનો પ્રસાદ આપણને મનોગત કરાવે છે. સ્થળ ને કાળના સીમાડા લોપીને તે આપણને સાત સાગરની પારના દેશોમાં અને ગૌરવાન્વિત ભૂતકાળમાં સફર કરાવે છે. સ્વર્ગના કલ્પવૃક્ષ કામદુગ્ધા ધેનુ જેવો એ સંગ્રહ આપણને જ્યારે જોઇએ ત્યારે જ્ઞાન, પ્રેરણા ને પ્રસાદનો ત્રિવિધ લાભ સદોદિત આપે છે.

દરેક સંગ્રાહકને મન પોતાના સંગ્રહનું આ પ્રકારનું ગૌરવવંતું મૂલ્ય હોવું જોઇએ,—નહિ કે અમુક હજારની સંખ્યાનો કે અમુક રૂપિયાની કિંમતનો પોતાનો સંગ્રહ છે એવો વેપારશાહી શુષ્ક ગણિતી અહંકાર. ઉપર વર્ણવેલી સાચી દૃષ્ટિ ને જીવંત રસ રાખીને તમે તમારો સંગ્રહ કરવા માંડશો તો ઉત્તરોત્તર એ એવો તો વૃદ્ધિગત થતો રહેશે કે જતે દહાડે એ તમારી માત્ર કુમારવયની ખાલી ધૂન નહિ પણ જીવનભરનો સાચો સાથી બની રહેશે. □

વૃક્ષ-વેલ-પરિચય (૨૪) બીલી



શિવજીને ચડતાં બીલીપત્રોથી તેમજ અનેક ઔષધોપચારમાં વપરાવાને કારણે બીલીનું વૃક્ષ અજાણ્યું નથી. અતિ ભેજવાળા અને અતિ સૂકા પ્રદેશ સિવાય ભારતમાં એ બધે ઊગે છે અને હિંદુઓમાં પવિત્ર મનાતું હોઈ મંદિરની પાસે અનેક સ્થળે તે જોવા મળે છે.

બીલી-વૃક્ષ ૧૫-૨૦ ફૂટ ઊંચું જતું મધ્યમ કદનું પાનખરી વૃક્ષ છે. એના થડની છાલ ભૂખરી અને ડાળીઓ ચોમેર ફેલાતી તથા લાંબા તીણા કાંટાવાળી હોય છે. ત્રણ (અને ક્વચિત્ પાંચ) ઉપપત્રવાળાં એનાં પાન – બીલીપત્ર–તો સૌએ જોયાં હશે. આ તાજાં પાન તાવ મટાડવામાં, આંખનાં દર્દો, કાનની બહેરાશ અને સોજા પર ઉપયોગી છે. દુખતી આંખ પર એની પોટીસ બંધાય છે. વાટીને ચોપડવાથી ઘા પર જલ્દી રૂઝ આવે છે.

બીલીનાં ફૂલ સહેજ જાડી ચાર પાંખડી અને અસંખ્ય પુંકેસર તંતુઓવાળાં, લીલાશ પડતા સફેદ રંગનાં ને આછી મીઠી સુગંધવાળાં હોય છે. મે-જૂનમાં આ ફૂલ આવ્યા બાદ એનાં ફળ એકાદ વર્ષે પાકીને તૈયાર થાય છે.

બીલીનાં ફળ મુઠ્ઠીમાં સમાવાથી માંડી ખોબો ભરાય એવડા કદ સુધીનાં થાય છે. મોટાં ફળ વધુ સારાં ને ઉપયોગી ગણાય છે. એની છાલ કઠણ, ગર ઘટ્ટ અને મધુર તથા નારંગી રંગનો અને એમાં સંખ્યાબંધ લંબગોળ ચપટાં બીજ હોય છે. તેના વડે જ બીલી ઊગે છે અને ૫ થી ૮ વર્ષે ફળે છે. બીલાં – બીલીનાં ફળ—નો મુરબ્બો, અથાણું અને શરબત બને છે. તરસ છિપાવવાનો તેમજ ઊલટી ને ઝાડા તથા મરડો મટાડવાનો તેમાં ગુણ છે. બીલીની છાલ અને મૂળ પણ ઔષધીય ગુણવાળાં છે. □



મધુકરી

(૧૫મી ઑગસ્ટે)

નમું હું જનની આજે નમું હું તુજને ફરી.
પ્રાણની શક્તિનાં પાણી, પ્રજ્ઞાનાં કુંદપુષ્પ, ને
હૈયાના ભાવના કંકુ કેરી તે અંજલિ ધરી,
નમું હું જનની આજે નમું હું તુજને જરી.

—રાજેન્દ્ર શાહ


અજોડ દોડવીર અબિબી બિકિલા

પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા ઈરાનના શાહ દરાયસે ઈ. સ. પૂર્વે ૪૯૦માં ઍથેન્સ પર ચડાઈ કરી. એની સામે લડવામાં સહાય મેળવવા ઍથેન્સવાસીઓએ પોતાના ચુનંદા દોડવીર ફીડિપિડિસને સ્પાર્ટા દોડાવ્યો. નદી પહાડ ને જંગલોના વિકટ માર્ગ પર સતત બે દિવસ સુધી દોડીને મદદનું વચન મેળવી ફીડિપિડિસ ફરી પાછું એટલું જ દોડીને ઍથેન્સ પહોંચ્યો ત્યારે દરાયસનું સૈન્ય મૅરેથૉનના મેદાન સુધી પહોંચી ગયું હતું. સ્પાર્ટાની મદદની રાહ જોવી હવે પરવડે તેમ ન હોઈ ઍથેન્સવાસીઓને તુરત ઈરાનીઓ સામે લડવા જવું પડયું અને એમાં દોડીને થાકેલા ફીડિપિડિસને પણ જોડાવું પડયું. આગામી માસ સપ્ટેમ્બરની ૨૯મી તારીખે ઈ. પૂર્વે ૪૯૦માં લડાએલા એ મૅરેથૉનના યુદ્ધમાં ઍથેન્સનો વિજય થયો અને એટલે નગરવાસીઓને વિજયની જાણ કરવા ફરી ફીડિપિડિસને સ્પાર્ટા સુધીની ૩૦૦ માઈલની દોડ, મૅરેથૉન સુધીની કૂચ અને લડાઈનો થાક ભૂલીને, પહેર્યે બખ્તરે ફરી ઍથેન્સ સુધી દોડવી પડી. નગરજનોને વિજયના સમાચાર આપીને એ ત્યાં જ ઢળી પડયો.

ઈ. ૧૮૯૬માં ઍથેન્સમાં 'વિશ્વ ઑલિમ્પિક સ્પર્ધા'નો પ્રારંભ થયો ત્યારે પોતાના એ અમર દોડવીરની યાદમાં 'મૅરેથૉન દોડ'નું પણ ગ્રીસે આયોજન કર્યું. ત્યારથી ઍથેન્સ તથા મૅરેથૉન વચ્ચેના અંતર જેટલી-૨૬ માઈલ અને ૩૮૫ વાર જેટલા અંતરની એ લાંબી દોડ ઓછામાં ઓછા સમયમાં પૂરી કરવાની સ્પર્ધાનું વિશ્વ ઑલિમ્પિકમાં એક અનોખું ગૌરવ રહેતું આવ્યું છે.

ફીડિપિડિસ જેવો તો બીજો કોઈ દોડવીર જાગ્યો નથી અને આજે ડામરની પાકી સડક પર મૅરેથૉન સ્પર્ધાનું અંતર કાપતાં સુધીમાં કંઈક દોડવીરો ફેફરે ફેં થઈ જાય છે ત્યારે ઇથિયોપીઆના દોડવીર અબિબી બિકિલાનું નામ મૅરેથૉન દોડવીર તરીકે સવિશેષ યાદગાર બની રહ્યું છે. માત્ર ૨ કલાક, ૧૨ મિનિટ અને ૧૧.૧ સેકન્ડમાં મૅરેથૉન દોડવાના એના વિક્રમને હજી કોઈ આંબી શક્યું નથી.

ઇથિયોપીઆના ઉચ્ચ પ્રદેશમાં એનો ઉછેર થએલો. ત્યાંના ડુંગરાળ વગડામાં ઘેટાંબકરાં ચારતાં એને માઈલો સુધી આથડવાનો ને દોડવાનો મહાવરો તો હતો, પણ તેરવર્ષની વયે નિશાળમાં 'ગન્ના' નામની 'હૉકી' જેવી એક સ્થાનિક રમતમાં એને દોડવાની સારી ટેવ પડી. એ રમતમાં 'ગોલ પોસ્ટ' મેદાનના છેડે નહિ પણ રમનાર ટુકડીના સામસામા ગામના પાદરે ગણાતું. વીસ વર્ષની વયે અબિબી બિકિલાએ રાજધાની એડિસ અબાબામાં રાજા હેલ સેલાસીના અંગરક્ષક તરીકેની ચાકરી લીધી. એ વખતે લશ્કરમાં વૉલી બૉલ, બાસ્કેટ બૉલ વગેરે જેવી રમતોમાં પણ એ રમતો. ઈ. ૧૯૫૬થી એણે વિવિધ દોડ સ્પર્ધામાં ભાગ લેવા માંડયો અને ઈ. ૧૯૬૦માં ઇથિયોપીઆના રાષ્ટ્રીય દોડવીર બિરુતને બબ્બેવાર હરાવીને રોમ ખાતે યોજાનાર વિશ્વ ઑલિમ્પિક સ્પર્ધામાં ભાગ લેવાની પોતાની યોગ્યતા સ્થાપિત કરી દીધી.



રોમમાં વિશ્વ ઑલિમ્પિક સ્પર્ધાના સ્તર પર એ પહેલી જ વાર મૅરૅથૉન દોડવાનો હતો. અનેક નામી દોડવીરો એમાં ભાગ લઈ રહ્યા હતા. શરૂઆતમાં લગભગ બધા સાથોસાથ હતા, પણ ધીરેધીરે કેટલાક પાછળ પડતા ગયા. બાકીના આગળ દોડી રહેલાઓ પણ પરસેવે રેબઝેબ થવા લાગ્યા ત્યારે પણ બિકિલા તો સ્વસ્થતાથી એકધારો દોડી રહ્યો હતો. છેવટ મોરોક્કોના દોડવીર આબ્દીસિયન રીડી સાથે જ એની સ્પર્ધા રહી ત્યારે છેવટના ફાંસલામાં અબિબીએ ઝડપ વધારી ને એ વિજયરેખાને આંબી ગયો. મૅરૅથૉનનું ૨૬ મા.ને ૩૮૫ વારનું આ અંતર કાપી રહેતાં ઘણા દોડવીરો ચત્તાપાટ પડી જાય ત્યારે એમને ગરમ વસ્ત્રમાં લપેટી આરામ આપવાની વ્યવસ્થા પણ હોય છે. અબિબીને એવી કોઈ જરૂર પડી નહિ; ઊલટું વિજયનો આનંદ વ્યક્ત કરવા એ તો દોડી રહ્યા પછી નાચવા લાગ્યો! મૅરૅથૉન સ્પર્ધામાં એ માત્ર પ્રથમ જ નહોતો આવ્યો, પણ એ અંતર ૨ ક. ૧૫ મિ. અને ૧૬.૨ સેકન્ડમાં પૂરું કરી એણે નવો વિક્રમ પણ સ્થાપ્યો હતો.

ફરી ઈ. ૧૯૬૪માં તોકિયો ઑલિમ્પિકમાં પણ એણે ભાગ લીધો. દરમિયાન એણે સ્થાપેલા વિક્રમને બીજા ખેલાડીઓ વટાવી શક્યા હતા એને એમાં બ્રિટનના બેસિલ હીટલીએ ૨ ક. ૧૩ મિ. ને ૫૫ સેકન્ડનો નવો વિક્રમ કર્યો હતો. વળી, આ સ્પર્ધાના ચાર મહિના પહેલાં અબિબીને ઍપેન્ડિક્સનું ઑપરેશન કરાવવું પડેલું એટલે મૅરૅથૉનમાં ભાગ ન લેવા પણ ઘણાએ એને સમજાવ્યો હતો, પણ એનું મનોબળ નિશ્ચલ હતું.

તોકિયોની એ દોડસ્પર્ધા ટેલિવિઝન પર પણ રજૂ થતી હતી. તેમાં અર્ધા જેટલું અંતર કપાયા પછી ટી. વી.ના પર્દા પર એકલો અબિબી જ દેખાતો રહ્યો હતો, બીજા હરીફો કરતાં એટલો આગળ નીકળી ગયા છતાં પણ એના ચહેરા પર શ્રમ નહિ, પણ સ્ફૂર્તિ જ દેખાતી હતી. અને આમ સાડત્રીસ વર્ષની વયે બે બાળકોના પિતા બિકિલા ફરી એક વાર મૅરૅથૉન સ્પર્ધા જીતી ગયો એટલું જ નહિ, આ વેળા મૅરૅથૉનનું અંતર ૨ ક., ૧૨ મિ. અને ૧૧.૨ સેકન્ડમાં પૂરું કરી એણે ફરી નવો વિક્રમ સ્થાપ્યો! વિજયરેખાને આંબી ગયા પછી દોડીને અકડાઈ ગએલા અંગોને છૂટાં પાડવા એણે દોડી લીધા પછી તુરત દંડ બેઠક લગાવી લીધાં!

વિશ્વ-ઑલિમ્પિકમાં ઉપરાઉપરી બે વાર નવા વિક્રમ સાથે જીત્યા પછી ઈ. ૧૯૬૮માં ત્રીજી વાર વિજય મેળવીને એને પોતાની 'હૅટટ્રિક' નોંધાવવાની ઈચ્છા હતી પણ દોડ દરમિયાન પગ મચકોડાઈ જવાથી એને સ્પર્ધામાંથી ખસી જવું પડયું અને એના જ એક દેશવાસી મિત્ર અને શિષ્ય મામો વૉલ્ડેએ વિજય મેળવ્યો. તે પછીની ઈ. ૧૯૭૨ની ઑલિમ્પિકમાં અમેરિકાના ફ્રૅંક શૉર્ટરે જીત મેળવી પણ અબિબીના વિક્રમને એ સહેજમાં ચૂકી ગયો.

પગ મચકોડાયા પછી અબિબીની જાણે કે કમનસીબી આરંભાઈ હતી. ઈ. ૧૯૬૯માં એક મોટર અકસ્માતમાં એની કમરનું હાડકું તૂટી જતાં એને હમેશને માટે દોડવાનું છોડી દેવું પડયું. પણ એથી નિરાશ ન થતાં એણે પોતાના દેશમાં હરીફરી ન શકે તેવા અપંગ ખેલાડીઓ માટે રમતની એક સંસ્થા શરૂ કરી અને આવા અપંગ ખેલાડીઓની એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તીરંદાજીની હરીફાઈમાં એણે ભાગ લીધો.

મ્યુનિખની ઑલિમ્પિક સ્પર્ધાઓ વખતે દર્શક તરીકે એને ખાસ આમંત્રણ આપીને એનું બહુમાન કરવામાં આવેલું અને જેમાં પોતે પણ ભાગ લેતો એ સ્પર્ધાઓ એણે વ્હીલચૅરમાં બેસીને જોઈ-માણી હતી.

ગયા વર્ષે ૨૫મી ઑક્ટોબરે એડિસ અબાબાની સૈનિક ઑસ્પિટલમાં એનું અવસાન થયું. ઉપરાઉપરી બબ્બે વિક્રમો સ્થાપવા સાથે મૅરૅથૉન દોડનું લાંબું અંતર દોડયા પછી યે જેની સ્વસ્થતા ને સ્ફૂર્તિમાં ઓટ જણાતી નહિ એવા એ દોડવીરના જવાથી ખેલ-જગતમાં ગમગીની પ્રસરી ગઈ. એના હજારો ચાહકોની હાજરીમાં લશ્કરી સન્માન સાથે થએલા એના અંતિમ સંસ્કાર વખતે ખુદ આબિસીનિયાના સમ્રાટ હેલ સેલાસીએ હાજર રહીને પોતાના દેશના એ અદ્વિતીય દોડવીર અને પોતાના અંગરક્ષક દળના કૅપ્ટન અબિબી બિકિલાને માન આપ્યું હતું.

—કિરણ શુક્લ


અગ્નિ-સર્જક મંત્ર

સંસ્કૃત ગ્રંથોના વ્યવસ્થિત અભ્યાસથી એટલું તો જરૂર કહી શકાય કે જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખા-પ્રશાખાઓમાં ભારતીયો ક્રિયાશીલ હતા. વર્તમાન વિશ્વમાં વિજ્ઞાને જે સિદ્ધાન્તો સ્થાપ્યા છે, એમાંના ઘણાનું પગેરુ ભારતીય સંસ્કૃતિના પૂર્વકાલમાં શોધી શકાયું છે. આવી એક વિદ્યાનો પરચો થોડા સમય પૂર્વે (મેના ત્રીજા અઠવાડિયામાં) પૂનાના નિવાસીઓને થયો, જેના પ્રેક્ષકોમાં વિજ્ઞાનીઓ, પત્રકારો ને અન્ય લોકો હતા. પૂનાના એક માણસે માત્ર મંત્રોચ્ચાર વડે અગ્નિ પ્રકટાવી બતાવ્યો. અલબત્ત, એ ધુમાડા વિનાનો હતો, છતાં જ્વાળાઓ સ્પષ્ટ હતી.

ઉપસ્થિત ઓગણીસ જેટલા વિજ્ઞાનીઓએ આ પ્રક્રિયાને આરંભથી અંત સુધી નિહાળી, એટલું જ નહિ પણ અગ્નિસર્જકે ઉપયોગમાં લીધેલા પ્રવાહી, પદાર્થ, ઉષ્ણતામાન વગેરેની પણ ચકાસણી કરી. મંત્રોચ્ચારથી ઉત્પન્ન થએલા આ અગ્નિનું ઉષ્ણતામાન Chemical combuston પ્રકારનું ન હતું, કેમ કે એ પ્રક્રિયામાં તાપમાન સ્થિર ગતિએ ક્રમશઃ વધે છે. જ્યારે મંત્રોચ્ચારથી સર્જેલા અગ્નિમાં ઉષ્ણતામાન એકાએક ઊંચું જણાયું હતું. 'ચમત્કાર'નું લેબલ લગાડી આ બનાવને વિજ્ઞાનને કે બુદ્ધિવાદને નામે અવગણી શકાય છે પણ તેથી તેની પાછળ રહેલું રહસ્ય ઢાંકી શકાતું નથી, વિજ્ઞાનીઓએ સિદ્ધાંતને શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ નહિ થાય તો અગ્નિ ઉપર ચાલવાની પ્રક્રિયા, શ્વાસોચ્છ્વાસ બંધ કરી દિવસો સુધી ખાડામાં દટાઈ રહેવું, કે ડામ દઈ દર્દ મટાડવાં વગેરેનાં કારણોનું રહસ્ય 'ચમત્કાર'માં છુપાઈ રહેશે અને આ મહામૂલી વિદ્યા નાશ પામશે.

—રમેશ જમીનદાર

એક નવા ટાપુનો જન્મ



જાપાનના પાટનગર તોકિયોથી એક હજાર કિલોમીટર દૂર દક્ષિણે પૅસિફિક મહાસાગરના પેટાળમાં ફાટેલા જ્વાળામુખીથી ભૂગર્ભમાં થએલી ઊથલપાથલમાં દરિયાની સપાટી પર એક નવો ટાપુ ઊપસી આવ્યો છે! ગયા મે માસમાં ત્યાં આવેલા નિશિનોશિમા ટાપુની બાજુમાં જ એ જન્મેલા હોઈ એને નિશિનોશિમાશિન્ટો (નવો નિશિનોશિમા) નામ આપ્યું છે. નિશિનોશિમા (૭૭,૦૦૦ ચો. મી.)ના કરતાં આ નવો ટાપુ કદમાં લગભગ દોઢ ગણો છે. દરિયાની સપાટીથી એનો ઊંચામાં ઊંચો ભાગ લગભગ ૧૬ મીટર જેટલો છે. હજી પણ એના પર જ્વાળામુખીના ધુમાડા નીકળ્યા કરે છે અને છેલ્લા અહેવાલ મુજબ આ ટાપુનો વિસ્તાર પણ વધી રહ્યો છે.

એ તો સૌ જાણે છે કે પૅસિફિક મહાસાગરના જ્વાળામુખીય પટમાં આવેલો જાપાન જ્વાળામુખીના દેશ તરીકે જ ઓળખાય છે અને તેના સર્વોચ્ચ શિખર ફુજિયામા સાથે ત્યાંનાં બીજાં અનેક પર્વત-શિખરો જ્વાળામુખીય હલચલથી જ બનેલાં છે.

ગણિતગમ્મત

૫૯૨૭૦૪ એ છઅંકી એક સંખ્યા છે. એના અંકોનો સરવાળો ઘન સંખ્યા છે. ૫+૯+૨+૭+૦+૪=૨૭ =(૩×૩×૩)^{૩}

વળી એ સંખ્યા ૫૯૨૭૦૪ પોતે પણ ઘન સંખ્યા છે. ૫૯૨૭૦૪=(૮૪×૮૪×૮૪)=૮૪^{૩}

એ સંખ્યાના ત્રિઅંકી બે વિભાગીય સંખ્યાઓનો સરવાળો વર્ગ સંખ્યા તથા ચતુર્ઘાત સંખ્યા થાય છે. જેમ કે:

(૫૯૨)+(૭૦૪)=૧૨૯૬ =(૩૬)^{૨}=(૬^{૪})

૫૯૨૭૦૪નું ઘન મૂળ ૮૪ છે અને તે બે જુદા જુદા ક્રમિક સરવાળાના ગુણાકાર બરાબર છે. જેમ કે: ૮૪=૩× ૨૮

૩=(૧+૨); ૨૮=(૧+૨+૩+૪+૫+૬+૭)

અને તેથી (૧+૨)(૧+૨+૩+૪+૫+૬+૭)=૮૪ છે.

—એમ. એન. ખત્રી

ગૅસ ઉપર

૧. સૂંઠના ઉકાળામાં અથવા ચામાં ચમચી દિવેલ નાખી દરરોજ રાતે સૂતી વખતે પી જવું. અથવા શિવાક્ષારની ફાકી પાણી સાથે લેવી.

૨. લસુનાદિવટી બબ્બે ગોળી જમ્યા પછી લેવી. નિર્માણ-શુદ્ધ ગંધક, લસણ, સિંધવ, સૂંઠ, પીપર, મરી ને શેકેલી હિંગ સરખે ભાગે લઈ લીંબુના રસમાં ગોળીઓ વાળવી.

૩. ચતુર્બીજનું ચૂર્ણ (મેથી, અજમો, અસેળિયો ને શાહજીરુ સમભાગે) ત્રણ ત્રણ ગ્રામ સવાર સાંજ પાણી સાથે લેવું.

૪. પંચસમચૂર્ણ (સૂંઠ, હરડે, પીપર, નસોતર ને સંચળ) સરખે ભાગે લઈ ત્રણ ગ્રામ પાણી સાથે સવાર સાંજ લેવું. —હરિલાલ ગામી

પરદેશનાં પત્રમિત્રો

નીચે પત્રમિત્રોનાં નામ, સરનામાં, કૌંસમાં જાતિ (F=સ્ત્રી પત્રમિત્ર અને M=પુરુષ પત્રમિત્ર) અને વય અને પછી એમના રસના વિષય આપ્યાં છે. (1) Ursula Gengenhuber, Madchen–Pensionat, A–4815 Gmunden, Ort, Austria. (F–15) Pop music, tennis, dancing, travel, (2) Antoine De Cruz, P. O. Box 327, Kuala Belait Brunei, Borneo, Singapore. (M–15), Stamps, coins, (3) Hermun Aw tee Kin, 93 Changkat Jong Road, Telok Anson, Perak, West Malaysia. (M–16), Pop music, stamps, coins, (4) Ann Hernam, 'The Forge', Rathmalyan, Enfield, Co. Meath, Ireland. (F–16), General interest. (5) Maria Das Gracas F. de Aranjo, Rua Fernandes Du Fonsela 175, Ribeira, Estado Du Guanabara, Rio de Janeiro, Ilha do Governador, Brazil. (F–17), Music, cinema, stamps, postcards. (6) George Aubynn, Tarkwa Secondary School, P. O. Box 47, Tarkwa, Ghana. (M–16) Table tennis, music, Football. (7) Piotr Gestwicki, Szczecin 1, Poste-Restante, Poland. (M–17), Music, football, geography. (4) Pawel Nowak, Ul. Weglewska 5, 62–530 Kazimierz Biskupi, Poland. (M–20), Pop music, cinema, vewcards. (પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો.)

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

જુલીઅસ સીઝર જ્યારે સત્તારૂઢ થયો ત્યારે પ્રચલિત રોમન વર્ષગણનામાં અનેક ગોટાળા પ્રવર્તતા હતા. ત્યારના ધર્મગુરુઓ પોતાના હિત ખાતર મનસ્વીપણે એમાં ક્યારેક અધિક માસ ઉમેરતા ને ક્વચિત્ ઉડાવી પણ દેતા. આમ વર્ષ લાંબુંટૂંકું થવાને કારણે ઋતુઓ સાથેનો એનો મેળ તૂટી ગએલો. આમાં વ્યવસ્થા આણવા જુલીઅસે નવું પંચાંગ રચાવ્યું. એમાં એના નામ પરથી જુલીઅસના જન્મના માસને 'જુલાઈ' નામ અપાયું અને સમ્રાટના નામધારી એ માસના ૩૧ દિવસ નક્કી થયા. જુલાઈ પછીનો માસ આ અગાઉના સુધારા મુજબ જાન્યુઆરી ફેબ્રુઆરીના ઉમેરણથી વર્ષનો આઠમો મહિનો થયા છતાં એના જૂના નામ 'સેક્સટિલિસ' (છઠ્ઠા માસ) તરીકે જ ઓળખાતો રહેલો. પણ જુલીઅસ પછી સીઝર બનેલા ઑગસ્ટસે જુલીઅસને અનુસરી જુલાઈ પછીના એ માસને પોતાનું નામ આપ્યું. અને સમ્રાટના નામનો આ મહિનો, જે ત્યારે ૩૦ દિવસનો હતો તેમાં, એ વખતના ૨૯ દિવસના ફેબ્રુઆરીમાંથી એક દિવસ કાઢીને આમાં ઉમેરી ૩૧ દિવસનો બનાવ્યો. છતાં એ પંચાગ પ્રમાણે દર ચોથું વર્ષ લીપી ગણવાથી યે કેટલીક ક્ષતિ રહેતી હોઈ ૧૬૦૦ વર્ષ પછી ઈ. ૧૫૮૨માં પોપ ગ્રેગરીએ દર ચોથે વર્ષે એટલે કે જે વર્ષની સંખ્યાને ૪ વડે નિઃશેષ ભાગી શકાય પણ ૧૦૦ વડે નિઃશેષ ભાગી ન શકાય એ વર્ષના ફેબ્રુઆરીમાં એક દિવસ ઉમેરીને લીપ ઈયરની નવી ગણના દાખલ કરીને નવું પંચાંગ રચાવીને મેળ બેસાડ્યો હતો. અને આ રીતે એ ગણનાનો પૂરો મેળ મેળવવા એણે ઈ. ૧૫૮૨ના ઑક્ટોબરમાંથી ૧૦ દિવસ કાઢી નાખ્યા હતા.

બ્રિટિશ રાજસત્તા તળે રહી ચૂકેલા દેશોમાં જેનું ઘેલું લાગેલું છે એ ક્રિકેટની સૌ પ્રથમ મૅચ ઈ. ૧૮૦૫ની ૩જી ઑગસ્ટે ઈટન અને હૅરો વચ્ચે રમાયાની નોંધ છે. આ ક્રિકેટ જગતમાં વિખ્યાત 'ઍશિઝ'નો જન્મ પણ ૧૮૮૨માં ૨૯મી ઑગસ્ટે થએલો. ત્યારે ઑવેલમાં ઑસ્ટ્રેલિયાએ સાત રનથી ઈંગ્લૅન્ડને હાર આપી હતી. ક્રિકેટના વિખ્યાત ખેલાડી સર ડૉનાલ્ડ બ્રેડમૅનનો જન્મ પણ આ જ માસમાં ઈ. ૧૯૦૮ની ૨૭મી ઑગસ્ટે થએલો.

'શ્રી મલ્લક્ષ્યસંગીતમ્' નામે સંસ્કૃત ભાષામાં અને 'હિંદુસ્તાની સંગીત પદ્ધતિ' તથા 'ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિ' નામક દળદાર અને અત્યંત અભ્યસનીય ગ્રંથો રચીને તથા પોતાનો ચાલુ વકાલતનો ધંધો છોડી દેશભરમાં ખૂણે ખૂણે રખડી સંખ્યાબંધ સંગીતજ્ઞોનો સંપર્ક અને સહકાર સાધી ભારતીય સંગીતનો ઉત્કર્ષ ને વિકાસ સાધી એને શાસ્ત્રબદ્ધ કરનાર સંગીતના ભેખધારી પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેનો જન્મ: ૧૦ ઑગસ્ટ ૧૮૬૦.

વરસે છવ્વીસ લાખ રૂપિયાના બદલામાં અંગ્રેજોએ મુઘલ સલ્તનત પાસેથી બિહાર, બંગાળ ને ઓરિસ્સા પડાવી લીધાં: ૧૨ ઑ. ૧૭૬૫.

ભારત ને કાશ્મીર વચ્ચેની થએલી સમજૂતીનાં તમામ પગલાંને કાશ્મીરની બંધારણ સભાએ સર્વાનુમતે મંજૂરી આપી: ૧૯ ઑગ. ૧૯૫૨.

આટલાંટિક મહાસાગરમાં તારનાં દોરડાં પાથરી એના પૂર્વ અને પશ્ચિમ કિનારાને સંદેશવ્યવહાર માટે સાંકળવાનું કાર્ય તા. ૫ ઑગસ્ટે પૂરું કર્યા પછી તા. ૨૮મીએ આટલાંટિક પાર પ્રથમ દરિયાઈ તારસંદેશો મોકલાયો: ઈ. ૧૮૫૭.

માસમાસના આકાશમાં (ઑગસ્ટ-સપ્ટે.)

ગ્રીક દેવાધિદેવ જ્યુપિટરના પુત્ર પર્સીઅસે રાક્ષસી મેડુસાનો વધ કર્યો ત્યારે વહેલા રક્તમાંથી એક પાંખવાળો દેવતાઈ અશ્વ ઉત્પન્ન થયો. પર્સીઅસની બહેન મિનર્વાએ એ અશ્વ કલા અને વિદ્યાની દેવીઓ (મ્યુઝિઝ)ને અર્પણ કર્યો. જ્યુપિટરે એ અશ્વને આકાશના નક્ષત્રમંડળમાં સ્થાન આપ્યું. અને એમ બહુ પ્રાચીન કાળથી એ તારામંડળ પ્રસિદ્ધ થએલું છે. કૉરિન્થના પ્રાચીન સિક્કાઓ પર પણ એનું અંકન જોવા મળે છે. આગળ જતાં એ અશ્વ કવિઓનો પ્રેરણાદાતા પણ મનાવા લાગ્યો. 'પેગાસસ' (Pogasus) એનું નામ. આપણે એને આકાશી ઘોડા—'ખગાશ્વ' તરીકે ઓળખીએ છીએ.

ઉત્તર આકાશમાં એકસરખા તેજસ્વી ચાર તારાનો એક વિશાળ ચોરસ દેખાય છે. એને ભાદ્રપદાનો ચોરસ કહે છે. એના પશ્ચિમ તરફના બે તારા તે 'પૂર્વા ભાદ્રપદા' અને પૂર્વ તરફના બે તારા 'ઉત્તરા ભાદ્રપદા' નક્ષત્રના તારા ગણાય છે. ઉત્તર તરફ પીઠ કરીને જોતાં પૂર્વા ભાદ્રપદાનો ઉત્તર તરફનો તારો 'અશ્વપદ', પૂર્વાભાદ્રપદાની ઉપર દક્ષિણે સહેજ પૂર્વમાં એક ચળકતો તારો છે એ તથા એની પાસેનો એક ઝાંખો તારો મળીને 'અશ્વમુખ' અને ભાદ્રપદાના ચોરસના દક્ષિણ તરફના બંને તારા મળી 'અશ્વપીઠ' તરીકે પણ ઓળખાય છે. આટલા તારાઓને કાલ્પનિક રેખાઓથી જોડી શકીએ તો આકાશમાં ઊડી રહેલા અશ્વની આકૃતિ કલ્પવી સરળ બની રહેશે.

ઉત્તરા ભાદ્રપદાનો ઉત્તર તરફનો તારો 'આલ્ફા એન્ડ્રોમિડ' (આલ્ફેરાટ્ઝ-Alpheratz) તરીકે પણ ઓળખાય છે. જેમ ભાદ્રપદાના ચોરસના એક ખૂણા તરીકે એની ગણના થાય છે તેમ આ તારાથી જ શરૂ થતા 'દેવયાની' (Andromeda) તારામંડળના પ્રથમ તારા તરીકે પણ એની ગણતરી થાય છે. દેવયાની તારામંડળ ભલે અલગ ગણાય પણ એની સાથે ખગાશ્વના તારાઓ સાંકળીને એક વધુ વિશાળ આકાર કલ્પીએ તો એમાં અશ્વની સંપૂર્ણ આકૃતિ પણ જોઈ શકાય છે. □



શે'ર

સાંજ અંધારાં ભલેને પાથરી રહે રાતભર,
રોજ ઊગે છે પ્રભાતે તેજના પુંજો નવા.

— મૂળશંકર 'પૂજક'

વિનોબાજી એક વખત હાથ છડના ચોખાનું મહત્ત્વ સમજાવતા હતા ત્યાં શ્રોતાઓમાંથી કોઈએ કહ્યું: 'હાથછડના ચોખામાં ઈયળો પડે છે, જ્યારે મશીનના છડેલા ચોખામાં નથી પડતી. તો તે સારા નહિ?' વિનોબાએ જવાબ દીધો: 'ઈયળ જેવું નાનું જંતુ પણ સમજી શકે છે કે હાથછડમાં કેટલું સત્ત્વ છે; પણ આપણે માણસો એ સમજતા નથી એ કેવું?'

ꕥ

કહેવતોના અર્થ: 'હાથ પોલો તો જગ ગોલો'. ખર્ચ કરવામાં—બદલો આપવામાં છુટ્ટો હાથ રાખીએ તો દુનિયા પાસેથી ધાર્યાં કામ કરાવી શકાય એવો વ્યવહારબોધ આપતી કહેવત.

ꕥ

અનેકાર્થી શબ્દ: **થાળું**=ઘંટીનું ચોકઠું; કૂવાના મોઢે ચણીને બનાવેલી પાત્રાકાર જગ્યા; ગોખલા કે બારી નીચે નીકળતો ચણતરનો ભાગ; ઝાડનું ખામણું; દીવીની કુંભી; ચેરડીપીલવાના ચીચોડાનો એક ભાગ; સ્થાન કે ઠેકાણું.

ꕥ

ગણિતના ગુણાકાર-ભાગાકારમાં ઘણી ઉપયોગી લૉગૅરિધમની પદ્ધતિ ૧૬૧૪માં સ્કૉટિશ ગણિતજ્ઞ જૉન નેપિયરે શોધેલી.

ꕥ



આ શું છે એ કહી શકશો? એ છે પુરુષના ચહેરા પરનો દાઢીનો એક વાળ! ૨૧૦ ગણો મોટો કરી એ અહીં દર્શાવ્યો છે.

ઉદાર બનો પણ ઉડાઉ ન બનો.
કરકસરિયા બનો પણ કંજૂસ ન બનો.
સ્વતંત્ર થાઓ પણ સ્વચ્છંદી ન થાઓ.
નમ્ર થાઓ પણ નમાલા ન થાઓ.



કહે છે કે બંધનાવસ્થામાં જન્મેલા વાઘ કરતાં વન્ય દશામાં ઊછરેલો વાઘ કેળવવો વધુ સરળ છે.

ꕥ

ક્યાંક ખૂણામાં, કે ખાંચમાં, કે એવી કોઈ કથોરી જગ્યાએ ખીલી બેસાડતી વખતે ખીલી પકડવી ફાવતી નથી અને ઘણી વાર હથોડી ખીલીને બદલે આંગળી પર જ વાગી જાય છે. એવે વખતે રદ્દી પોસ્ટકાર્ડની એક પટ્ટીના એક છેડામાં ખીલી પરોવી, પછી બીજા છેડાથી પટ્ટીને પકડીને જોઈતી જગ્યાએ ખીલી સરળતાથી ગોઠવી શકાશે અને આંગળી પર વાગવાના ભય વિના હથોડી મારી શકાશે. ખીલી મજબૂત ઠોકાઈ રહે કાર્ડની પટ્ટીને ખેંચીને ફાડી કાઢવી.

ꕥ

એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો તરત જાણવો હોય તો તેમાંની છેલ્લી રકમને તે પછી તરત આવતી રકમ (એટલે કે એ છેલ્લી રકમમાં ૧ ઉમેરતાં જે આવે તે રકમ) વડે ગુણીને બે વડે ભાગવા. તરત જવાબ મળી રહેશે. દા. ત. ૧ થી ૧૦ સુધીનો સરવાળો તરત જાણવો હોય તો (૧૦×૧૧)÷૨=૫૫.

—બિ. જ. વ્યાસ



કલાકણિકા: ઈ. પૂર્વે ૫૦૦ થી ઈ. ૫૦૦ દરમિયાનની ઈક્વાડોરની પ્રાચીન બાહીઆ સંસ્કૃતિના કાળનું, અર્ધું કચ્છપ અર્ધું ઈગ્વાનાના આકારનું એક વિલક્ષણ પાત્ર.

અથાણું

બ્રિટિશ પાર્લમેન્ટમાં મિ. વિલિયમ હિક્સ એક જોરદાર ભાષણ ઝીકી રહ્યા હતા. એમણે જોયું કે વડા પ્રધાન ચર્ચિલ પેલાના કથનના વિરોધમાં પોતાનું માથું ધુણાવી રહ્યા હતા. આથી ઉશ્કેરાઇને હિક્સ બોલ્યા: 'હું માત્ર મારો જ અભિપ્રાય જાહેર કરું છું.'

ચર્ચિલે ઠંડકથી ઉત્તર દીધો: 'અને હું પણ મારું પોતાનું જ માથું ધુણાવું છું.'

ꕥ

મરઘાંઉછેર કરનારે પોતાનો વાડો બતાવતાં એક શહેરીને કહ્યું: '...અને આ બધી કાળી મરઘી સફેદ ઇંડાં મૂકે છે.'

'ઓહ, એમાં નવું શું છે?'

'કંઈ નહિ, પણ તમે કદી યે સફેદ મરઘીને કાળાં ઇંડાં મૂકતી સાંભળી છે?'

ꕥ

શેઠ: અલ્યા, મારો લોટો અદ્દલ એક લીટરનો છે, ને તું કહે છે કે રોજ સવા લીટર ભરી દઉં છું!

રબારી: તમારી વાત હાચી શેઠ; પણ હું માલીપા દૂધ રોજ ઠાંહી ઠાંહીને ભરું છું.

ꕥ

વક્તા: દુનિયામાં 'અશક્ય'—ન થઈ શકે એવું કોઈ કાર્ય જ નથી.

એક ખૂણેથી શ્રોતાનો અવાજ આવ્યો: 'કદી ટૂથપેસ્ટ પાછી ટ્યૂબમાં નાખી જોઈ છે?'

ꕥ

મુલાકાતી: તો જાઉં હવે. તમારો પણ સૂવાનો વખત ક્યારનો થઈ ગયો છે.'

ગૃહસ્થ: હજી થોડો વખત રોકાઈ જાઓ તો કાંઈ વાંધો છે?' મુલાકાતી: કેમ?

ગૃહસ્થ: એટલી વારમાં ઊઠવાનો પણ વખત થઈ જશે.

